CMYK CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૧૦ | શનિવાર તા.૨૨-૦૮-૨૦૨૬ | અંક : ૨૪૬ વર્ષ : ૨૩ | news@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

## ગુજરાતમાં બનશે દેશનું નવું સ્પેસપોર્ટ

# કોડીનાર બનશે ભારતનું બીજું 'શ્રીહરિકોટા'

### રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ નિમિતે રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયા દ્વારા કરાઈ મોટી જાહેરાત, ગુજરાતનું વૈશ્વિક સ્તરે મોટું નામ થશે

અમદાવાદ,

ગુજરાતના સૌરાષ્ટ્રમાં કોડીનાર નજીક નવું સ્પેસ લોન્ચિંગ સ્ટેશન (સ્પેસપોર્ટ) સ્થાપિત કરાશે, જેની જાહેરાત વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કરી. આ સ્પેસપોર્ટ ગુજરાતને વૈશ્વિક સ્પેસ ટેકનોલોજીનું કેન્દ્ર બનાવશે અને રોજગારી તેમજ આર્થિક વિકાસને વેગ આપશે.

ગુજરાતનો સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો હવે સ્પેસ ટેકનોલોજીના ક્ષેત્રમાં એક નવો ઈતિહાસ રચવા જઈ રહ્યો છે. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાની જેમ હવે ગુજરાતના સૌરાષ્ટ્રમાં આવેલા કોડીનાર નજીક એક નવું સ્પેસ લોંચિંગ સ્ટેશન (સ્પેસપોર્ટ) સ્થાપિત કરવામાં આવશે. સાયન્સ સિટી અમદાવાદ ખાતે આયોજિત ત્રણ દિવસીય સ્પેસ ફેસ્ટિલવલના ઉદ્ધાટન અંગે રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ૨૩ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ચંદ્રયાન-૩ના લેન્ડર વિક્રમના ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળ સોફ્ટ લેડિંગની યાદમાં ભારત દર વર્ષે ૨૩ ઓગસ્ટને રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ તરીકે


ફાઈલ તસવીર

ઉજવવામાં આવે છે. આ ખાસ અવસર પર ગુજરાત સરકાર દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે.

રાજ્ય મંત્રી મોઢવાડિયાના જણાવ્યા મુજબ, સ્પેસ ટેક્નોલોજી ક્ષેત્રમાં ગુજરાત આજે ભારતમાં સૌથી મોખરાનું રાજ્ય છે તેમજ અમદાવાદમાં IN-SPACeનું હેડક્વાર્ટર આવેલું છે. આથી સૌરાષ્ટ્રના કોડીનાર નજક નવું સ્પેસ લોંચિગ સ્ટેશન સ્થપિત કરવાનું કામ ચાલી રહ્યું છે. તેની સાથે જ રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં સેટેલાઈટ ઉત્પાદન ક્ષેત્રે રોકાણ કરનાર કંપનીઓને વિશેષ પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યા છેડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના અધિકારીઓ ના જણાવ્યા પ્રમાણે, કોડીનારનો દરિયાકાંઠો અને ભૌગોલિક સ્થાન રોકેટ અને સેટેલાઈટ માટે સાનુકૂળ છે. કોડીનારમાં સ્પેસપોર્ટ બનવાથી ગુજરાત માત્ર દેશનું જ નહી, પરંતુ વૈશ્વિક સ્પેસ ટેક્નોલોજીનું એક મુખ્ય સેન્ટર બનીને ઉભરશે, જેનાથી સ્થાનિક સ્તરે રોજગારી અને આર્થિક વિકાસને પણ મોટો વેગ મળશે.

### સૌરાષ્ટ્રના કોડીનારની જ કેમ પસંદગી?

કોડીનાર અને ગીર વચ્ચેનો દરિયાકાંઠાનો વિસ્તાર અવકાશ સંબંધિત પ્રવૃત્તિઓ માટે સંભવિત સ્થળ તરીકે અગાઉ પણ ચર્ચામાં રહ્યો છે. યોગ્ય ભૌગોલિક પરિસ્થિતિ અને દરિયાઈ વિસ્તારને કારણે અહીંથી રોકેટ લોન્ચિંગ માટેની સંભાવનાઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. જોકે, અંતિમ સ્થળ અને પ્રોજેક્ટની ટેકનિકલ વિગતો હજુ નક્કી થવાની બાકી છે.

### રાષ્ટ્રીય અવકાશ દિવસ પહેલા ગુજરાતની મોટી જાહેરાત

૨૩ ઓગસ્ટે ભારત રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરે છે. ૨૦૨૩માં ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરના ચંદ્રના દક્ષિણ ધ્રુવીય વિસ્તારમાં સફળ ઉતરાણની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય અવકાશ દિવસની પૂર્વસંધ્યાએ ગુજરાતમાં સ્પેસપોર્ટની જાહેરાત રાજ્યની અવકાશ ક્ષેત્રે વધતી મહત્વાકાંક્ષાઓને વધુ વેગ આપનારી બની શકે છે.

### ગુજરાતમાં સેટેલાઈટ અને સ્પેસ ટેકનોલોજીને પ્રોત્સાહન

રાજ્યમાં સેટેલાઇટ મેન્યુફેક્ચરિંગ સહિત અવકાશ ક્ષેત્રની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ખાસ પહેલ કરવામાં આવી રહી છે. અમદાવાદમાં ઈન-સ્પેસનું મુખ્ય મથક પણ આવેલું છે. આ ઉપરાંત, અમદાવાદ નજીક ખોરજમાં સ્પેસ ટેકનોલોજી માટે ખાસ ઝોન વિકસાવવાની દિશામાં પણ કામગીરી થઈ રહી છે.

# ઝારખંડના રામગઢમાં આયર્ન ફેક્ટરીમાં બ્લાસ્ટ; ૩ એન્જિનિયરોના મોત, એક મજુર ઈજાગ્રસ્ત

### શોર્ટ સર્કિટ, ઓવરહીટિંગ કે ટેકનિકલ ખામી?, કારણ જાણવા એજન્સીઓ દ્વારા તપાસ શરુ

રામગઢ,

ઝારખંડના રામગઢ જિલ્લામાં શુક્રવારે મોડી રાત્રે એક મોટી દુર્ઘટના ઘટી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પતરાતુ બ્લોક હેઠળ આવેલા બરકાકાના વિસ્તારની એક ખાનગી આયર્ન ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. આ ઘટના બાદ ફેક્ટરી પરિસરમાં ભીષણ આગ ફાટી નીકળતા કામ કરી રહેલા ૩ એન્જિનિયરોના ઘટનાસ્થળે જ દાઝી જવાથી મોત થયા છે, જ્યારે ૧ મજૂર ગંભીર રીતે ઘાયલ થયો છે.



સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે, બરકાકાના ઓપી વિસ્તારના હેહલ સ્થિત 'મા છિન્નમસ્તિકા સિમેન્ટ એન્ડ ઈસ્પાત પ્રાઈવેટ લિમિટેડ' સ્પોન્જ-આયર્ન ફેક્ટરીના પાવર પ્લાન્ટમાં આ દુર્ઘટના સર્જાઈ છે. રાત્રિ શિફ્ટ દરમિયાન પ્લાન્ટમાં અચાનક જોરદાર ધમાકો થયો હતો અને જોતજોતામાં આગ પાવર પ્લાન્ટમાં પ્રસરી ગઈ હતી. અચાનક થયેલા આ વિસ્ફોટને કારણે ફેક્ટરીમાં કામ કરી રહેલા કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. એક મજૂર ગંભીર રીતે દાઝ્યો હોવાથી હોસ્પિટલ ખસેડાયો આ દુર્ઘટનામાં રાંચીના રહેવાસી અને ફેક્ટરીના શિફ્ટ ઈન્ચાર્જ સંજીવ કુમાર કેસરી, બોકારોના રહેવાસી અને એન્જિનિયર વિનીત મહતો અને ગઢવાના રહેવાસી અને એન્જિનિયર અભિષેક પાંડેનું આગની આ દુર્ઘટનામાં મોત થયું છે. આ અકસ્માતમાં હજારીબાગના રહેવાસી તરુણ રજવાર નામનો મજૂર ગંભીર રીતે દાઝી ગયો હોવાથી તેને ત્વરિત સારવાર અર્થે રાંચી રોડ પર આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

આ સમગ્ર ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ગાડીઓ અને સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને કલાકોની મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. બ્લાસ્ટ કયા કારણોસર થયો? શોર્ટ સર્કિટ, ઓવરહીટિંગ કે અન્ય કોઈ ટેકનિકલ ખામી ના કારણે આ બ્લાસ્ટ થયો કે કેમ? તે અંગે સ્થાનિક પ્રશાસન અને સંબંધિત એજન્સીઓએ તપાસ શરૂ કરી દીધી છે.

# ૧૦૦ વર્ષનું સૌથી ભયંકર અલ-નીનો, વૈજ્ઞાનિકોએ કરી ખતરનાક ભવિષ્યવાણી

### સદીનો સૌથી તાકાતવર અલ-નિનો ૨૦૨૭માં વૈશ્વિક ગરમીના તમામ રેકોર્ડ તોડશે

લંડન,

બ્રિટનના હવામાન વિભાગે અલ-નિનો અંગે ચિંતાજનક આગાહી કરી છે. આ સદીનો સૌથી તાકાતવર અલ-નિનો ૨૦૨૭માં વૈશ્વિક ગરમીના તમામ રેકોર્ડ તોડશે. પ્રશાંત મહાસાગરનું તાપમાન ૨.૬ ડિગ્રી સેલ્સિયસ વધ્યું છે, જે નવેમ્બર સુધીમાં ૩.૯ ડિગ્રી સુધી પહોંચી શકે છે. ભારતમાં ચોમાસું ૯૦% રહેશે, જે છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી ઓછું છે. રવી પાકને નુકસાન થવાથી મોંઘવારી વધશે.

બ્રિટનના હવામાન વિભાગ દ્વારા અલ-નિનોને લઈને એક અત્યંત ચિંતાજનક આગાહી કરવામાં આવી છે. અહેવાલો મુજબ, આ વર્ષનો અલ-નિનો આ સદીનો સૌથી તાકાતવર અને છેલ્લા ૧૦૦ વર્ષનો સૌથી ભયાનક અલ-નિનો સાબિત થઈ શકે છે. હવામાન વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે ૨૦૨૭માં પડનારી અસહ્ય ગરમી વૈશ્વિક સ્તરે તમામ જૂના રેકોર્ડ તોડી નાખશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પ્રશાંત મહાસાગરનું તાપમાન સતત વધી રહ્યું છે. વર્ષ ૨૦૧૫ની સરખામણીએ હાલમાં મહાસાગરનું તાપમાન ૨.૬ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું છે. જે નવેમ્બર સુધીમાં વધીને ૩.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. વિશ્વભરનું સરેરાશ તાપમાન હાલમાં સામાન્ય કરતાં ૧.૫ ડિગ્રી વધુ છે. આ સ્થિતિ હવામાનમાં મોટા પાયે ફેરફારો લાવશે. અલ-નિનોની અસરોને કારણે ભારતના કૃષિ ક્ષેત્રને ભારે નુકસાન પહોંચવાની શક્યતા છે. ચોમાસા પર તેની અસરને લીધે ભારતમાં આ મોસમમાં સામાન્યના ૯૦ ટકા જેટલો જ વરસાદ થવાની ધારણા છે. જે છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી ઓછો છે. તાપમાન સામાન્ય કરતાં ૩ ડિગ્રી વધુ રહેવાના કારણે ભારત દેશના બે મુખ્ય પાકો તેમજ આગામી રવી પાકના ઉત્પાદનને માઠું ગ્રહણ લાગશે.

# હવે જૂના ચેક નહીં કરે કામ, ગ્રાહકોને 'આલ્ફા-ન્યૂમેરિક કોડ' વાળી નવી ચેકબુક આપવાનું શરૂ

### છેતરપિંડી રોકવા અને ચેક ક્લિયરિંગ ઝડપી બનાવવા RBI દ્વારા નિર્ણય

મુંબઈ,

બેન્ક ઓફ ઈન્ડિયા સહિતની બેન્કોએ ગ્રાહકોને 'આલ્ફા-ન્યૂમેરિક કોડ' વાળી નવી ચેકબુક આપવાનું શરૂ કર્યું છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ પછી રૂ.૫૦,૦૦૦ કે તેથી વધુ રકમના જૂના ચેક સ્વીકારાશે નહીં. RBI દ્વારા ચેક ક્લિયરિંગ ઝડપી બનાવવા અને છેતરપિંડી રોકવા આ નિર્ણય લેવાયો છે. ગ્રાહકોને SMS/ઈમેઈલ દ્વારા નવી ચેકબુક માટે અરજી કરવા જણાવાયું છે.

બેન્ક ઓફ ઈન્ડિયા (BOI) સહિત દેશની ઘણી જાહેર અને ખાનગી ક્ષેત્રની બેન્કએ પોતાના ગ્રાહકો માટે 'આલ્ફા-ન્યૂમેરિક કોડ' ધરાવતી નવી ચેક બુક આપવાની શરૂઆત કરી દીધી છે.

બેન્કો દ્વારા ગ્રાહકોને ઈમેઈલ અને એસએમએસ મોકલીને નવી ચેક બુક માટે અરજી કરવાની સલાહ આપવામાં આવી રહી છે, જેથી ભવિષ્યમાં કોઈપણ મોટું પેમેન્ટ અટકે નહીં.

નવી માર્ગદર્શિકા અનુસાર, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ પછી રૂ.૫૦,૦૦૦ કે તેથી વધુ રકમના એવા ચેક સ્વીકારવામાં આવશે નહીં, જેના પર આલ્ફા-ન્યૂમેરિક કોડ અંકિત ન હોય. આ કોડમાં અક્ષરો અને અંકોનું ખાસ મિશ્રણ હોય છે, જેનાથી ચેકની ચકાસણી અને વેરીફિકેશન પહેલા કરતાં વધુ સુરક્ષિત બનશે.

ચેકમાં થતી ગેરરીતિઓ કે બનાવટી ચેક દ્વારા થતી છેતરપિંડી રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા ચેક ટ્રાન્ઝેકશન સિસ્ટમ મારફતે ચેક ક્લિયરિંગની પ્રક્રિયા વધુ ઝડપી બનાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.જુદી જુદી બેન્કોમાં ખાતાના પ્રકાર અનુસાર નવી ચેક બુકનો ચાર્જ અલગ-અલગ હોઈ શકે છે.

# અમિત શાહ તા.૨૭મીએ અમરેલીના પ્રવાસે

### ગુજરાતના ગૌરવસમા સરોવરનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે થશે લોકાર્પણ

અમરેલી

લાઠી-લીલીયા પંથકમાં વર્ષોથી પાણીની સમસ્યાથી પીડાતા વિસ્તારોને જળસમૃદ્ધ બનાવવાની દિશામાં ધોળકિયા ફાઉન્ડેશન અને હરિ કૃષ્ણ ગ્રુપ દ્વારા હાથ ધરવામાં આવેલી જળસંચયની કામગીરીને હવે રાષ્ટ્રીય સ્તરે વધુ એક મહત્વપૂર્ણ સન્માન મળવા જઈ રહ્યું છે. ગાગડિયા નદી પર હરિ કૃષ્ણ ગ્રુપ અને ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા નિર્મિત 'ગુજરાત ગૌરવ સરોવર'નું દેશના ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવનાર છે.

આ નિમિત્તે આગામી ૨૭ ઓગસ્ટના રોજ સવારે ૯ વાગ્યે લાઠી તાલુકાના દુધાળા ગામે હેતની હવેલી ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપસ્થિત રહી



ગુજરાતના ગૌરવસમા સરોવરનું લોકાર્પણ કરશે. મહાનુભાવના આગમનને લઈને સમગ્ર લાઠી-લીલીયા પંથકમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના માર્ગદર્શન હેઠળ લાઠી-લીલીયા પંથકમાં છેલ્લા કેટલાક વર્ષોથી જળસંચય અને જળસંરક્ષણની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. એક સમયે જળવિહોણા પ્રદેશ તરીકે ઓળખાતા આ વિસ્તારમાં ચેકડેમ, તળાવો, નદી ઊંડીકરણ સહિતની કામગીરીના પરિણામે ભૂગર્ભ જળસ્તરમાં વધારો થયો છે અને ખેતી તથા ગ્રામ્ય જીવનને પણ તેનો સીધો લાભ મળ્યો છે.

જળસંચયની આ કામગીરીને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોએ બિરદાવી છે. ભારતના ૧૪મા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ આ પ્રકારની જળસંરક્ષણ પ્રવૃત્તિની પ્રશંસા કરી હોવાનું જણાવાયું છે. સ્થાનિક સ્તરે શરૂ થયેલી જળક્રાંતિ હવે દેશભરમાં જળસંચયના સફળ મોડેલ તરીકે ચર્ચાઈ રહી છે.

ગાગડિયા નદી પર નિર્મિત 'ગુજરાત ગૌરવ સરોવર' આ સમગ્ર જળસંચય અભિયાનમાં વધુ એક મહત્વપૂર્ણ કડી માનવામાં આવી રહ્યું છે. સરોવરના લોકાર્પણ સાથે લાઠી-લીલીયા પંથકમાં જળસંચયની કામગીરીને નવી ગતિ અને ઓળખ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના આગમનને લઈને કાર્યક્રમના આયોજનની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. સમગ્ર પંથકમાંથી મોટી સંખ્યામાં લોકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. ગૃહમંત્રીના સ્વાગત માટે સ્થાનિક આગેવાનો, સંસ્થાઓ તથા ગ્રામજનોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

એક સમયે પાણીની અછત માટે જાણીતા લાઠી-લીલીયા વિસ્તારને જળસંચયના માધ્યમથી જળસમૃદ્ધ બનાવવાની દિશામાં થયેલી કામગીરી હવે ગુજરાતની જળક્રાંતિની મહત્વપૂર્ણ ગાથા બની રહી છે.

# યુજીસી અને અનામતના વિરોધમાં હવે સવર્ણો મેદાનમાં

### કેન્દ્ર સરકારે યુજીસીના ઈક્વિટી નિયમો મુદ્દે પુનઃ વિચારણા કરવાની તૈયારી દર્શાવી

નવી દિલ્હી,

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના દેખાવો પછી શુક્રવારે ફરી એક વખત જંતર-મંતર પર યુવાનોએ શક્તિ પ્રદર્શન કર્યું હતું. આ વખતે યુજીસીના ઈક્વિટી નિયમો અને અનામતના વિરોધમાં હજારો સવર્ણો શુક્રવારે જંતર-મંતર પર ઉમટી પડયા હતા. જોકે, દિલ્હી પોલીસ અને રેપિડ એક્શન ફોર્સે અડધી રાતે સવર્ણ દેખાવકારોને ધરણાં સ્થળેથી ખદેડયા હતા. અનેક દેખાવકારોની અટકાયત કરાઈ હતી. બીજીબાજુ અનામત વિરોધી આંદોલનથી ગભરાયેલી કેન્દ્ર સરકારે પીછેહઠ કરતા યુજીસીના ઈક્વિટી નિયમો મુદ્દે પુનઃ વિચારણા કરવા તૈયારી દર્શાવી છે.

યુજીસીના ઈક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬ના નવા નિયમો તથા અનામત વ્યવસ્થામાં પરિવર્તનની માગણી કરતા હજારો દેખાવકારો શુક્રવારે હાથમાં બેનર, પોસ્ટર અને ભગવા ઝંડા લઈને જંતર-મંતર પર ઉમટી પડયા હતા. તેમણે કહ્યું કે, અનામત મુદ્દે તેમનો કોઈ વિરોધ નથી. તેઓ માત્ર એટલું ઈચ્છે છે કે અનામતનો લાભ એવા લોકોને મળે જેમને ખરેખર તેની જરૂર છે. તેમણે જાતિના બદલે આર્થિક આધારે અનામતની માગણી કરી છે. દેખાવોમાં અનેક લોકોએ એસસી-એસટી કાયદાનો પણ વિરોધ કર્યો હતો.જોકે, યુજીસીના ઈક્વિટી નિયમો અને જાતિ આધારિત અનામતના વિરોધમાં એકત્ર થયેલા હજારો દેખાવકારોને દિલ્હી પોલીસ અને રેપીડ એક્શન ફોર્સે શુક્રવારે મોડી રાતે હટાવવાનું શરૂ કર્યું હતું. અનેક દેખાવકારોની પોલીસે અટકાયત કરી હતી જ્યારે અનેક લોકોને જંતર-મંતર પરથી મારીને ભગાડી દેવાયા હતા.

# મહારાષ્ટ્ર એફડીએ રેડિયો ક્લબ અને મેકડોનાલ્ડના લાઈસન્સ સસ્પેન્ડ

### ૭૧ સંસ્થાઓને ઈમ્પ્રુમેન્ટ નોટિસ અને ૧૩ ખાદ્ય સંસ્થાઓના લાઈસન્સ સસ્પેન્ડ કરાયા

મુંબઈ,

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ બોમ્બે પ્રેસિડેન્સી રેડિયો ક્લબ અને દક્ષિણ મુંબઈમાં મેકડોનાલ્ડના આઉટલેટ તેમજ રાજયભરમાં ૧૨ અન્ય ખાદ્ય સંસ્થાઓના ફૂડ બિઝનેસ લાઈસન્સ ખાદ્ય સલામતી અને સ્વચ્છતાના ધોરણોના કથિત ઉલ્લંઘન બદલ સસ્પેન્ડ કર્યા હોવાનું અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

મે મહિનામાં એફડીએના અધિકારી તુકારામ મુંઢેએ કમિશનર તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી તેમણે વિવિધ કાયદાઓ અને નિયમોનું ઉલ્લંઘન કરતી ખાદ્ય સંસ્થાઓ પર કડક કાર્યવાહી શરૂ કરી છે. તાજેતરમાં એક ખાસ ઝુંબેશ હેઠળ તેમણે રાજયભરમાં ૮૯ હોટલ, રેસ્ટોરન્ટ અને ઢાબાનું ઈન્સ્પેકશન કર્યું હતું અને ૭૧ સંસ્થાઓને ઈમ્પ્રુમેન્ટ (સુધારણા કરવાની) નોટિસ આપી હતી જયારે ૧૩ ખાદ્ય સંસ્થાઓના લાઈસન્સ સસ્પેન્ડ કર્યા હતા.

આ દરમ્યાન ૧૯ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવેલા ઈન્સ્પેકશન દરમ્યાન રેડિયો ક્લબે નિયમોનું પાલન નહીં કર્યું હોવાનો દર ૪૭ ટકા નોંધાયો હતો અને સસ્પેન્શન સમયગાળા દરમ્યાન ખોરાકની તમામ ખરીદી, વેચાણ અને વિતરણ બંધ કરવાનું કહેવામાં આવ્યું છે.

CMYK CMYK

# પ્રદૂષણ નિયંત્રણ બોડ દ્વારા રાજ્યવ્યાપી સ્વચ્છ તીર્થસ્થાન,પવિત્ર ગુજરાત અભિયાનનો પ્રારંભ

## મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી ૧૦૦ મીટરના વિસ્તારને 'સ્વચ્છ ધાર્મિક ઝોન' જાહેર કરાશે, જ્યાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર ઝીરો-ટોલરન્સ નીતિ રહેશે

અમદાવાદ,

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા શ્રાવણ માસથી શરૂ થતા વિવિધ ધાર્મિક પર્વોને ધ્યાન પર રાખીને રાજ્યના ધાર્મિક સ્થળો અને તેની આસપાસના પર્યાવરણની જાળવણી અર્થે ''સ્વચ્છ તીર્થસ્થાન, પવિત્ર ગુજરાત અભિયાન'' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાના માર્ગદર્શનમાં

''શ્રદ્ધા સાથે સ્વચ્છતા, ભક્તિ સાથે પર્યાવરણ''ના સૂત્ર હેઠળ આ સમગ્ર રાજ્ય વ્યાપી ઝુંબેશ ચલાવવામાં આવશે. આ ઉપરાંત બોર્ડ દ્વારા તમામ પ્રાદેશિક અધિકારીઓ, મંદિર ટ્રસ્ટો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આ અંગે જરૂરી અમલીકરણ માટે સૂચનાઓ આપવામાં આવી છે.

અભિયાનની મુખ્ય વિગતો અને આયોજનઃ

મુખ્ય તીર્થસ્થાનોની પસંદગીઃ-

દરેક પ્રાદેશિક કચેરી હેઠળ વધુ પગલે-પગલે (FoOfall) મુલાકાતીઓ આવતા હોય તેવા ઓછામાં ઓછા ૦૫ (પાંચ) મુખ્ય ધાર્મિક સ્થળો પસંદ કરીને સઘન કામગીરી કરવામાં આવશે.

વપરાયેલી પૂજા સામગ્રી અને નિર્માલ્યને ખુલ્લામાં ફેંકવાને બદલે તેનું પ્રોસેસિંગ કરીને ખાતર (Compost), ધૂપ અને અગરબત્તી બનાવવામાં આવશે.

૧૦૦ મીટર સ્વચ્છ ધાર્મિક સ્થળ ઝોનઃ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારથી ૧૦૦ મીટરના વિસ્તારને 'સ્વચ્છ ધાર્મિક ઝોન' જાહેર કરાશે, જ્યાં સિંગલ યુઝ પ્લાસ્ટિક (SUP) પર ઝીરો-ટોલરન્સ નીતિ રહેશે.

જનજાગૃતિ અને 'હરિત સાથી': સ્થાનિક NGOs, સખી મંડળો, સ્વયંસેવકા અને યુવક મંડળોને ''હરિત સાથી'' અને ''સ્વચ્છ તીર્થસ્થાન સેવક'' તરીકે જોડી જનજાગૃતિ ફેલાવવામાં આવશે.

શ્રદ્ધાળુઓ અને રાજ્ય માટે થનારા લાભોઃ સ્વચ્છ અને પવિત્ર વાતાવરણઃ ધાર્મિક સ્થળો, નદીઓ, સમુદ્ર તટ અને વન વિસ્તારોમાં ગંદકી અટકશે અને ભક્તોને વધુ સ્વચ્છ, શાંત તથા ભક્તિમય વાતાવરણ મળશે.

પ્લાસ્ટિક મુક્ત તીર્થધામઃ સિંગલ યુઝ પ્લાસ્ટિક (SUP) પર રોક લગાવવાથી અને કમ્પોસ્ટેબલ પ્રોડક્ટ્સનો ઉપયોગ વધવાથી પર્યાવરણનું જતન થશે.

રોજગારી અને લોકસહભાગીદારીઃ સ્થાનિક સ્વયંસેવકો, સખી મંડળો અને દ્ર્ઈજ જોડાવાથી પર્યાવરણ રક્ષણ સાથે કચરામાંથી નવી ઉપયોગી વસ્તુઓ બનાવવા માટે નવી તકો ઊભી થશે.

નાગરિકો તથા શ્રદ્ધાળુઓને અપીલઃ

# અમદાવાદમાં NDPS સ્કવોડનો પાસા હેઠળ જેલભેગા થયેલા નાસીરખાન પઠાણના ઘરે દરોડો

## MD ડ્રગ્સ, ગાંજો અને નશાની ગોળીઓ જપ્ત

અમદાવાદ,

શહેરના નારોલ વિસ્તારમાં NDPS સ્કવોડની ટીમેં ચેકિંગ કર્યું હતું ત્યારે કર્ણાવતી પોલીસ ચોકી નજીક પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, સુહાના નગર વિસ્તારમાં રહેતો નાસીરખાન ઉર્ફે સંજય ઉર્ફે માનસિક નસીમખાન પઠાણ પોતાના કબજા હેઠળના મકાનમાં ગેરકાયદેસર રીતે સ્ઢ ડ્રગ્સ અને ગાંજાનો જથ્થો રાખીને છૂટકમાં વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને મકાન પર અચાનક દરોડો પાડ્યો હતો.

પોલીસ ટીમે ઘરની અંદર હાજર નાસીરખાનની અટકાયત કરી કાયદેસર તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન રૂમમાં રહેલી લોખંડની તિજોરીમાંથી અલગ-અલગ પ્લાસ્ટિકની કોથળીઓ મળી આવી હતી. હ્લજીન્ની પ્રાથમિક તપાસ બાદ જપ્ત કરાયેલ સામાનની વિગત પોલીસે જાહેર કરી છે.

મેફેડ્રોન (MD ડ્રગ્સ) - ૩૧ ગ્રામ (કિંમત રૂ. ૯૬,૦૦૦)

ગાંજો - ૧૨૮ ગ્રામ (કિંમત રૂ. ૬,૪૦૦)

અલપ્રાઝોલામ ૦.૫ સ્ ટેબલેટ - ૩૦૦ નંગ (કિંમત રૂ. ૭૨૫.૮૦)

પ્રેગાલાબ ૩૦૦ ટેબલેટ - ૩૫૦ નંગ (કિંમત રૂ. ૮,૬૪૫)

અન્ય સામાન - મોબાઈલ ફોન અને રૂ. ૩,૭૫૦ રોકડા

પોલીસે સ્થળ પરથી કુલ રૂ. ૧,૧૭,૫૨૦.૮૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ દ્વારા ઝડપાયેલો આરોપી નાસીરખાન ઉર્ફે સંજય એક રીઢો અને માથાભારે ગુનેગાર છે. પોલીસ રેકોર્ડ મુજબ તેની સામે અગાઉ મારામારી અને પ્રોહિબિશન સહિત ૧૧ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. એટલું જ નહીં, તેની અસામાજિક પ્રવૃત્તિઓને કારણે તેની સામે અગાઉ ૨ વખત પાસા (PASA) હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

# ઉપરવાસમાંથી પાણીની આવક થતાં ઉકાઈ ડેમની સપાટી રૂલ લેવલને પાર

તાપી,

જિલ્લાના ઉકાઈ ડેમમાં ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતાં ડેમની સપાટી રૂલ લેવલને પાર પહોંચી ગઈ છે. હાલ ડેમમાં ૨૩ હજાર ૧૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. ડેમનું રૂલ લેવલ જાળવવા હાઈડ્રો પાવર સ્ટેશનના ચાર યુનિટ શરૂ કરવામાં આવ્યા છે. ઉકાઈ ડેમમાં પાણીની આવક વધતા નીચાણવાળા વિસ્તારોમાં પાણીનું જળસ્તર ઊંચુ આવ્યું છે જેને કારણે ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઉકાઈ ડેમ દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન છે. હાલ ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતાં ડેમની જળસપાટીમાં વધારો નોંધાઈ રહ્યો છે. ડેમમાં હાલમાં ૨૩ હજાર ૧૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. પાણીની આવકને ધ્યાનમાં રાખીને ડેમનું રૂલ લેવલ જાળવવા હાઈડ્રોના ચાર યુનિટ કાર્યરત કરવામાં આવ્યા છે.

હાલ હાઈડ્રો પાવર સ્ટેશન અને નહેર મારફતે કુલ ૨૩ હજાર ૧૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફૂટ છે, જ્યારે હાલ ડેમની સપાટી રૂલ લેવલને પાર પહોંચી છે. સતત પાણીની આવકને કારણે ડેમમાં જળસંગ્રહમાં વધારો થઈ રહ્યો છે, જેને દક્ષિણ ગુજરાત માટે રાહતના સમાચાર પણ કહી શકાય.

ઉકાઈ ડેમ સંપૂર્ણ ભરાવાની સ્થિતિમાં પહોંચે તો આવનારા સમયમાં દક્ષિણ ગુજરાતના લોકો માટે પીવાનું પાણી, ખેતી માટે સિંચાઈનું પાણી તેમજ ઉદ્યોગો માટે જરૂરી પાણીની ઉપલબ્ધતા જળવાઈ રહેશે. એટલે કે, ઉકાઈ ડેમમાં વધતું પાણી દક્ષિણ ગુજરાત માટે માત્ર હાલની રાહત નહીં, પરંતુ આગામી આખા વર્ષ માટે પાણીની સુરક્ષાની આશા પણ જગાવી રહ્યું છે.

# બ્રિક્સ દેશોના યુવા પ્રતિનિધિઓએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્યતા નિહાળી

## બ્રિક્સ યુવા પરિષદના પ્રતિનિધિમંડળે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી

એકતા નગર,

ગાંધીનગર ખાતે આયોજિત બ્રિક્સ યુથ સમિટ અને બ્રિક્સ યુથ કાઉન્સિલના ભાગરૂપે વિવિધ બ્રિક્સ દેશોના યુવા પ્રતિનિધિમંડળના સભ્યોએ તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.યુવાનો વચ્ચે પરસ્પર સહકાર, સંવાદ અને જોડાણને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી બ્રિક્સ યુવા પરિષદના પ્રતિનિધિઓ એકતા નગર પહોંચ્યા હતા. એકતા નગર ખાતે પહોંચેલા બ્રિક્સ યુવા પરિષદના ડેલિગેટ્સે સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્યતા નિહાળી સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાન તથા ભારતની એકતા અને અખંડિતતાના સંદેશ વિશે જાણકારી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન યુવા પ્રતિનિધિઓએ ભારતની સાંસ્કૃતિક વિવિધતા, વારસો અને વિકાસની ઝાંખી મેળવી હતી.

બ્રિક્સ પ્રતિનિધિમંડળ માટે એકતા નગરના સર્વાંગી વિકાસ, સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ, અહીં વિકસાવવામાં આવેલા વિવિધ પ્રવાસન આકર્ષણો તથા પ્રવાસીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશન દરમિયાન પ્રતિનિધિમંડળને એકતા નગર ખાતે વિકાસ અને પ્રવાસન ક્ષેત્રે હાથ ધરવામાં આવેલા વિવિધ કાર્યો તેમજ વિશ્વસ્તરીય પ્રવાસન માળખા અંગે માહિતી આપવામાં આવી હતી.

ત્યારબાદ પ્રતિનિધિમંડળે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિવિધ દેશોના યુવા પ્રતિનિધિઓએ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, રાષ્ટ્રનિર્માણમાં તેમના મહત્ત્વપૂર્ણ યોગદાન તથા ભારતની એકતા અને અખંડિતતાના સંદેશને નજીકથી જાણ્યો હતો.બ્રિક્સ દેશોના યુવાનો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન, પરસ્પર સમજણ, સહકાર અને નવી તકોનું નિર્માણ થાય તેવા હેતુ સાથે યોજાતી આ યુવા પરિષદમાં યુવાનોની વૈશ્વિક ભાગીદારી અને નેતૃત્વને મહત્વ આપવામાં આવી રહ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દ્વારા બ્રિક્સ દેશોના યુવા પ્રતિનિધિઓને એકતા નગર ખાતે વિકસાવવામાં આવેલા વિકાસલક્ષી અને પ્રવાસન માળખાને નજીકથી જોવાની તક મળી હતી. વિવિધ દેશોમાંથી આવેલા યુવા ડેલિગેટ્સ માટે આ મુલાકાત ભારતની એકતા, અખંડિતતા, સાંસ્કૃતિક વિવિધતા અને વિવિધતામાં એકતાના મૂલ્યોને સમજવાનો યાદગાર અનુભવ બન્યો હતો.

# જુનાગઢના પ્રસિદ્ધ દામોદર કુંડ પાસે મગર જોવા મળતા શ્રદ્ધાળુઓમાં ચિંતા

જુનાગઢ,

જુનાગઢના પવિત્ર અને પ્રસિદ્ધ દામોદર કુંડ પાસે ફરીવાર મગર જોવા મળતા આસપાસના લોકો અને શ્રદ્ધાળુઓમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો છે. કુંડના કિનારા પર મગર દેખાતા આસપાસ હાજર લોકોના જીવ તાળવે ચોંટી ગયા હોય તેમ થયું હતું. હાલ ચાલી રહેલા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન દેશ, દુનિયાના લોકો ખુબ મોટી સંખ્યામાં દામોદર કુંડ ખાતે સ્નાન અને ધાર્મિક વિધિ માટે આવતા હોય છે, ત્યારે મગર દેખાતા સુરક્ષાને લઈને ચિંતા વધી છે.

આ મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વહેલી સવારે દામોદર કુંડના કિનારા નજીક મગર જોવા મળ્યો હતો. મગર કિનારા તરફ આવી ચડતા ત્યાં હાજર લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે મગરના કારણે કોઈ જાનહાનિ થઈ હોવાની માહિતી સામે આવી નથી.

પવિત્ર શ્રાવણ માસમાં દામોદર કુંડ ખાતે મોટી સંખ્યામાં ભક્તો સ્નાન કરવા માટે આવે છે. ખાસ કરીને વહેલી સવારે પણ શ્રદ્ધાળુઓની અવરજવર રહેતી હોવાથી મગરની હાજરીને પગલે સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

કુંડના સંચાલકો દ્વારા શ્રદ્ધાળુઓને પાણીના કિનારાથી દૂર રહેવા અને મગર દેખાય તો તેની નજીક ન જવા અપીલ કરવામાં આવી છે. તેમજ વહેલી સવારે દામોદર કુંડ ખાતે આવતા શ્રદ્ધાળુઓએ ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

# અમદાવાદમાં ૪૦૮ કિલો એનાલોગ પનીર ઝડપાયું, રાજસ્થાનથી લાવી સસ્તા ભાવે વેચવાનો કથિત પ્રયાસ

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે કાંકરિયા વિસ્તારમાં બે લક્ઝરી બસમાંથી જથ્થો જપ્ત કર્યો

અમદાવાદ,

અમદાવાદમાં અન્ય રાજ્યમાંથી લો-ફેટ એનાલોગ પનીર લાવીને સસ્તા ભાવે વેચવાના કથિત કૌભાંડનો પર્દાફાશ થયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે કાંકરિયા વિસ્તારમાં કાર્યવાહી કરીને બે લક્ઝરી બસમાંથી કુલ ૪૦૮ કિલોગ્રામ એનાલોગ પનીરનો જથ્થો જપ્ત કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, કાંકરિયા દેડકી ગાર્ડન નજીક આવેલા છસ્ઝના પે એન્ડ પાર્કિંગ પ્લોટમાં વહેલી સવારે ફૂડ વિભાગની ટીમે બે લક્ઝરી બસમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બસોમાં મોટા પ્રમાણમાં લો-ફેટ પનીરનો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ જથ્થો રાજસ્થાનથી લક્ઝરી બસ મારફતે અમદાવાદ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને શહેરમાં સસ્તા ભાવે વેચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાની માહિતી સામે આવી છે. ફૂડ વિભાગની કાર્યવાહી દરમિયાન નરોડા અને મણિનગર વિસ્તારના બે વ્યક્તિઓ આ પનીરનો જથ્થો લેવા માટે આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. જોકે, આ જથ્થો ક્યાં અને કોને વેચવાનો હતો તેમજ તેની ગુણવત્તા અને ખાદ્ય સુરક્ષા અંગેના અન્ય પાસાં અંગેની તપાસ હજુ ચાલુ છે. એએમસીના ફૂડ વિભાગે બસમાંથી મળી આવેલા અંદાજે ૪૦૮ કિલોગ્રામ પનીરના જથ્થાને સીઝ કરી દીધો છે. પનીરના સેમ્પલ લેવામાં આવી રહ્યા છે અને તેને લેબોરેટરીમાં તપાસ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લેબ ટેસ્ટના રિપોર્ટ બાદ પનીરમાં કયા ઘટકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે નિર્ધારિત ધોરણોને અનુરૂપ છે કે નહીં અને ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન થયું છે કે નહીં તે અંગે વધુ સ્પષ્ટતા થશે.

અન્ય રાજ્યમાંથી મોટી માત્રામાં પનીર અમદાવાદ લાવીને ઓછા ભાવે વેચવાના પ્રયાસથી શહેરમાં વેચાતા પનીરની ગુણવત્તા અને તેના સ્ત્રોત અંગે પણ સવાલો ઊભા થયા છે.

# દાહોદની ખાનગી શાળામાં સરકારી સાહિત્ય અને સામગ્રી મળતા શિક્ષણ વિભાગમા ખળભળાટ

## પ્રાદેશિક કમિશનર સહિતના અધિકારીઓની ટીમે તપાસ શરૂ કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરામાં આવેલી એક ખાનગી શાળામાંથી સરકારી સાહિત્ય અને સામગ્રી મળી આવવાના મામલે શિક્ષણ વિભાગમાં ખળભળાટ મચ્યો છે. સરકારી શાળાઓ માટે ફાળવવામાં આવેલી સામગ્રી ખાનગી શાળામાં કેવી રીતે પહોંચી તે અંગે હવે તપાસ શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ફતેપુરાની ખાનગી શાળામાંથી સરકારી કીટ અને અન્ય સાહિત્ય મળી આવ્યા બાદ સમગ્ર મામલો સામે આવ્યો હતો. આ સામગ્રી કઈ સરકારી શાળા માટે ફાળવવામાં આવી હતી અને ખાનગી શાળા સુધી તે કેવી રીતે પહોંચી તે અંગે તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

મામલો ગંભીર બનતા પ્રાદેશિક કમિશનર સહિતના અધિકારીઓની ટીમે તપાસ શરૂ કરી છે. સાથે જ ૩ ટીપીઓની ટીમ દ્વારા પણ સમગ્ર ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન સરકારી કીટ કઈ શાળાને ફાળવવામાં આવી હતી, તેની ડિલિવરી ક્યાં થવાની હતી અને તે સામગ્રી ખાનગી શાળા સુધી કેવી રીતે પહોંચી તે અંગેના રેકોર્ડ ચકાસવામાં આવી રહ્યા છે.

સરકારી સામગ્રી ખાનગી શાળામાં પહોંચવા પાછળ કોઈ અધિકારી કે કર્મચારીની બેદરકારી અથવા સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા સામગ્રીના વિતરણ અને સ્ટોક સંબંધિત વિગતો મેળવવામાં આવી રહી છે. તપાસ પૂર્ણ થયા બાદ જવાબદારી નક્કી થાય તેવી શક્યતા છે.

# વડોદરાની અકોટા ટાઉનશિપમાંથી ૧૦.૨૦ લાખની પ્રતિબંધિત ઈ સિગારેટ ઝડપાઈ



વડોદરા,

વડોદરા પોલીસની એસઓજીની ટીમે અકોટા ટાઉનશીપ વિસ્તારમાં દરોડો પાડી મોટી માત્રામાં પ્રતિબંધિત ઈ-સિગારેટનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસ વિભાગને મળેલી એક બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં કુલ ૪૦૮ ઈ-સિગારેટ એટલે કે વેપ મળી આવ્યા છે. જપ્ત કરાયેલા ઈ-સિગારેટની કુલ કિંમત ૧૦.૨૦ લાખ હોવાનું સામે આવ્યુંછે.

SOG PI બી.ડી. જીતીયા અને તેમની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે સેફાન ઉર્ફે બાબા ઈકબાલ મેમણ અને અવેશ રફીક પટેલે અકોટા ટાઉનશીપમાં ભાડે મકાન રાખ્યું છે અને ત્યાં પ્રતિબંધિત ઈ-સિગારેટનો જથ્થો સંગ્રહ કરી ગ્રાહકોને છૂટક વેચાણ કરવામાં આવે છે. બાતમીના આધારે PSI આર.એન. સિસોદિયા અને SOGની ટીમે પંચોને સાથે રાખી અકોટા ટાઉનશીપમાં દરોડો પાડ્યો હતો. અહીં કાયદાના સંઘર્ષમાં આવેલો એક કિશોર મળી આવ્યો હતો. મકાનની તપાસ કરતા અલગ-અલગ બ્રાન્ડ અને ફ્લેવરની ચાઈના બનાવટની કુલ ૪૦૮ ઈ-સિગારેટ મળી આવી હતી.

પોલીસની પૂછપરછ દરમિયાન કિશોરે આ ઈ-સિગારેટનો જથ્થો સેફાન ઉર્ફે બાબા ઈકબાલ મેમણ અને અવેશ રફીક પટેલનો હોવાનું જણાવ્યું હતું. કિશોરે પોતે તેમની પાસે માસિક ?૫ હજારના પગારે કામ કરતો હોવાનું પણ પોલીસને જણાવ્યું છે. પોલીસે સ્થળ પરથી ELFBAR RAYA D3 PRO, ELFBAR RAYA D1, YuOo BEYONDER Mesh Coil, AAOK AEAC Direct to Lung, LOST MARY MT35000 TURBO LOST અને YuOo THANOS સહિતની વિવિધ બ્રાન્ડની ઈ-સિગારેટ કબજે કરી છે.

# આગામી ૨૩ ઓગસ્ટના રોજ અમદાવાદ ખાતે પોલીસ વિભાગની વિવિધ જગ્યાઓ માટે લેખિત પરીક્ષાનું આયોજન

## પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ અટકાવવા માટે ભરતી બોર્ડ દ્વારા વિશેષ પગલાં લેવામાં આવ્યા

અમદાવાદ,

ગુજરાત પોલીસમાં વિવિધ ટેકનિકલ સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી ૨૩ ઓગસ્ટના રોજ અમદાવાદમાં મહત્વની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, મોટર ટ્રાન્સપોર્ટ અને હેડ કોન્સ્ટેબલ (ડ્રાઈવર મિકેનિક ગ્રેડ-૧)ની કુલ ૯૫૦ જગ્યાઓ માટે યોજાનારી આ પરીક્ષા વ્યવસ્થાપન માટે તંત્ર સંપૂર્ણ સજ્જ છે. અત્યાર સુધીમાં અંદાજે ૨૫ હજાર ઉમેદવારો પોતાનો કોલલેટર ડાઉનલોડ કરી ચૂક્યા છે.

પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, મોટર ટ્રાન્સપોર્ટ અને હેડ કોન્સ્ટેબલ (ડ્રાઈવર મિકેનિક ગ્રેડ-૧) ની કુલ ૯૫૦ જગ્યાઓ માટે આ ભરતી પરીક્ષા યોજાશે. આ પરીક્ષા માટે ઉત્સાહિત ઉમેદવારોમાં ભારે તૈયારીઓ જોવા મળી રહી છે. ત્રણેય પરીક્ષા માટે મળીને અત્યાર સુધીમાં આશરે ૨૫ હજાર ઉમેદવારો દ્વારા કોલલેટર ડાઉનલોડ કરી લેવામાં આવ્યા છે.

ઉમેદવારોની સુવિધા માટે પરીક્ષાનો સમય બે અલગ-અલગ સત્રમાં વહેંચવામાં આવ્યો છે. જેમાં સવારનું સત્ર (સવારે ૯.૩૦ થી ૧૨.૩૦): પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ અને ટેકનિકલ ઓપરેટર) તેમજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) ની પરીક્ષા યોજાશે. બપોરનું સત્ર (બપોરે ૩.૦૦ થી સાંજે ૬.૦૦): હેડ કોન્સ્ટેબલ (ડ્રાઈવર મિકેનિક ગ્રેડ-૧) ની પરીક્ષા લેવાશે.

પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ અટકાવવા માટે ભરતી બોર્ડ દ્વારા વિશેષ પગલાં લેવામાં આવ્યા છે. પરીક્ષા દરમિયાન ફેશિયલ રેકગ્નિશન ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત, પરીક્ષા સામગ્રીની હેરાફેરી માટેના તમામ વાહનોનું જીપીએસ મારફતે સતત ટ્રેકિંગ કરવામાં આવશે.

પરીક્ષા સંપૂર્ણપણે પારદર્શક અને ન્યાયી માહોલમાં પુરી થાય તે માટે વ્યાપક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર સુરક્ષા માટે મલ્ટિપલ સિક્યુરિટી લેયર્સ ઊભા કરવામાં આવ્યા છે. સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે ૧૧૦૦ થી વધુ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ અને આશરે ૧૫૦૦ શિક્ષણ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ફરજ પર હાજર રહેશે.

# રાજ્યની ૧૦ હજારથી વધુ બહેનો નરેન્દ્ર મોદીને રાખડી રૂપી રક્ષાસૂત્ર અને પોસ્ટકાર્ડ મોકલી રક્ષાબંધન ઉજવશે

અમદાવાદ,

આજે ભાજપા મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ અંજુબેન વેકરિયાએ ભાજપા પ્રદેશ કાર્યાલય આવનાર રક્ષાબંધન ઉજવણી અંગે તૈયારી દર્શાવી હતી. જેના ભાગરૂપે રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી અંગે વાત કરતાં પ્રમુખ અંજુબેંન વેકરીયાએ જણાવ્યું હતું કે, ભાઈ-બહેનના અતૂટ બંધનનો પવિત્ર તહેવાર રક્ષાબંધન સમગ્ર દેશ ૨૮ ઓગસ્ટના રોજ ઉજવવા જઈ રહ્યો છે. ત્યારે દર વર્ષે ભાજપ મહિલા મોરચાની બહેનો સહિત દેશ-ગુજરાતની અનેક બહેનો સ્નેહ, વિશ્વાસ અને આશીર્વાદ સાથે દેશને મજબૂત, વિકસિત અને સુરક્ષિત બનાવવાનું કાર્ય કરનાર આપણા પીએમ નરેન્દ્ર મોદીને દીર્ઘાયુના આશીર્વાદ સાથે પોસ્ટકાર્ડ સાથે રાખડી મોકલવામાં આવશે. આ વર્ષે પણ ભાજપ મહિલા મોરચા સહિત વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલી રાજ્યની ૧૦ હજારથી વધુ બહેનો નરેન્દ્ર મોદી પ્રત્યેના સ્નેહ, અતૂટ વિશ્વાસ અને લાગણી સાથે તેમને રાખડી રૂપી રક્ષાસૂત્ર અને પોસ્ટકાર્ડ મોકલશે.

પીએમ નરેન્દ્ર મોદીએ મહિલાઓની સુરક્ષા, સન્માન અને સશક્તિકરણને માત્ર રાજકીય નારો નથી બનાવ્યો, પરંતુ નીતિ, કાયદા, સહભાગિતા અને યોજનાઓ થકી મહિલાઓ માટે પરિણામલક્ષી કાર્ય કર્યું છે. એક ભાઈ પોતાની બહેનના સુરક્ષિત, સન્માનપૂર્ણ અને ઉજ્જવળ ભવિષ્યની ચિંતા કરે છે, તેવી જ ભાવના સાથે નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની બહેનો અને ત્યારબાદ વડાપ્રધાન તરીકે દેશની કરોડો બહેનો માટે અનેકવિધ નક્કર નિર્ણયો કર્યા છે.

ગુજરાતમાં વિવિધ વર્ગની સરકારી નોકરીમાં ૩૩% મહિલા અનામત તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦% બેઠકો અનામત રાખીને તેઓએ મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરી છે. આજે અનેકવિધ મહિલાઓ સરકારના વિવિધ વિભાગોમાં અને જનપ્રતિનિધિ તરીકે સન્માનભેર જવાબદારીનું નિર્વહન કરી રહી છે. મહિલાઓને સુરક્ષિત, સ્વાવલંબી, ઉદ્યોગસાહસિક અને દેશના વિકાસમાં અને લોકતંત્રમાં ભાગીદાર બનાવવાનો સંકલ્પ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સ્પષ્ટપણે જોવા મળે છે.

કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસની સરકારમાં મહિલા સશક્તિકરણ માટે માત્ર વાતો જ થઈ પણ મહિલાઓને પ્રતિનિધિત્વ આપવા માટે કોઈ કાયદાકીય જોગવાઈ કરવામાં ન આવી. પરંતુ નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ અમલમાં મુકાયેલી નીતિઓ અને યોજનાઓના ફળસ્વરૂપે આજે રાજ્ય અને દેશની મહિલાઓ સશક્ત, પગભર અને સક્ષમ બની છે. ગુજરાત અને દેશની મહિલાઓના આશીર્વાદ પણ નરેન્દ્રભાઈ મોદી સાથે છે.

# લઠ્ઠાકાંડ : આ મુશ્કેલ ઘડીમાં ગુજરાત સરકાર મૃતકોના પરિવારજનો સાથે સંપૂર્ણ સંવેદનાથી ઊભી છે- જીતુભાઈ

## ઘટનામાં જવાબદાર વ્યક્તિ, તેને મદદ કરનાર કે કોઈપણ સ્તરે સંડોવાયેલા વ્યક્તિ સામે કાયદા મુજબ અત્યંત કડક કાર્યવાહી થશે

ભાવનગર,તા.૨૨

ભાવનગર જિલ્લામાં ભેળસેળયુક્ત દારૂની બનેલી દુઃખદ ઘટનામાં રાજ્ય સરકાર વતી ઊંડા દુઃખ અને સંવેદના વ્યક્ત કરતાં પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ મુશ્કેલ ઘડીમાં રાજ્ય સરકાર મૃતકોના પરિવારજનો સાથે સંપૂર્ણ સંવેદનાથી ઊભી છે. સમગ્ર ઘટનાને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લીધી છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે.આ ઘટનાની


તસવીર : ધવલ વાજા

જાણ થતાં જ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની સૂચનાથી પોલીસ વિભાગે તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી. અસરગ્રસ્ત લોકોને શોધી કાઢી હોસ્પિટલમાં ખસેડવા, મેડિકલ તપાસ કરાવવા અને જરૂરી સારવાર ઉપલબ્ધ કરાવવા પોલીસ તથા વહીવટી તંત્ર દ્વારા ઝડપી કામગીરી કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લીધી છે અને તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ને સોંપી છે. આ ઘટનાના તાર અન્ય રાજ્ય સુધી પહોંચતા હોય તો ત્યાં પણ જઈને તપાસ અને કાર્યવાહી કરવાની સંપૂર્ણ છૂટ તપાસ એજન્સીઓને આપવામાં આવી છે. ઘટનાની પ્રાથમિક તપાસમાં જે બેદરકારી સામે આવી છે તેના પગલે બે પોલીસ ઈન્સ્પેક્ટર સહિત કુલ સાત પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જવાબદારી નક્કી કરવામાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં અને તપાસના અંતે જે કોઈની સંડોવણી અથવા બેદરકારી બહાર આવશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ઘટનાની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને જવાબદાર વ્યક્તિ, તેને મદદ કરનાર કે કોઈપણ સ્તરે સંડોવાયેલા વ્યક્તિ સામે કાયદા મુજબ અત્યંત કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ઝેરી દારૂના અસરગ્રસ્તોની મંત્રી વાઘાણીએ સર ટી. હોસ્પિટલ ખાતે મુલાકાત લીધી

## દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે અને તબીબી સેવાઓમાં કોઈ કચાશ ન રહે તે માટે તબીબી અધિકારીઓને આપ્યા જરૂરી નિર્દેશો

ભાવનગર,તા.૨૨

ભાવનગરમાં ભેળસેળયુક્ત ઝેરી દારૂની ગંભીર ઘટનાને પગલે પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ સર.ટી. હોસ્પિટલની મુલાકાત લઈ સારવાર હેઠળ રહેલા અસરગ્રસ્ત દર્દીઓના ખબરઅંતર પૂછ્યા હતા.તેમજ હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર અને આરોગ્યલક્ષી સુવિધાઓની સમીક્ષા કરી હતી.

સર.ટી. હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ કેરવી દેસાઈ સાથે સારવારની સમગ્ર વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. અસરગ્રસ્ત દર્દીઓને શ્રેષ્ઠ અને સમયસર સારવાર મળી રહે, સારવારમાં કોઈપણ પ્રકારની કચાશ ન રહે તથા જરૂરી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે મંત્રીએ તબીબી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ હોસ્પિટલ તંત્રને અસરગ્રસ્તોની સારવારને પ્રાથમિકતા આપી તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા પણ જણાવ્યું હતું.



આ મુલાકાત વેળાએ જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા, ધારાસભ્ય સેજલબેન પંડ્યા,ગૌતમભાઈ ચૌહાણ, ભાવનગર રેન્જ આઈ.જી.આર.બી. અસારી, જિલ્લા કલેક્ટર ડૉ. મનીષકુમાર બંસલ, પોલીસ અધિક્ષક ડૉ. નિતેષ પાંડેય, અગ્રણી કુમારભાઈ શાહ અને દિગ્વિજયસિંહ ગોહિલ સહિતના પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બીએસએફ સેન્ટર કચ્છ-ભૂજ ખાતે 30 દિવસીય નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગમાં જોડાવાની તક

## તાલીમવર્ગમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ ભાવનગર જિલ્લા રોજગાર કચેરી ખાતે અરજી કરવાની રહેશે

ભાવનગર,તા.૨૨

યુવાનો સંરક્ષણ દળોની ભરતી પ્રક્રિયામાં સારો દેખાવ કરી શકે તે હેતુથી બી.એસ.એફ. સેન્ટર, કચ્છ-ભુજ ખાતે ૩૦ દિવસીય નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગનું આયોજન કરવામાં આવનાર છે.

તાલીમમાં જોડાવા ઈચ્છુક પુરુષ ઉમેદવારો માટે ધોરણ ૮થી ૧૦ પાસ અથવા તેથી વધુ શૈક્ષણિક લાયકાત, લઘુત્તમ ૧૬૮ સે.મી. ઊંચાઈ, ૫૦ કિગ્રા વજન તથા ૭૭(+૫) સે.મી. છાતીનું માપ જરૂરી છે. ઉમેદવારની ઉંમર ૧૭.૫થી ૨૧ વર્ષ વચ્ચે હોવી આવશ્યક છે.

તાલીમવર્ગમાં જોડાવા ઈચ્છુક લાયક ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે ચાલુ દિવસો દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, એફ-૫/૬, એનેક્સી બિલ્ડીંગ, બહુમાળી ભવન, ભાવનગર ખાતે રૂબરૂ હાજર રહી અરજી કરવાની રહેશે.

અરજી સાથે શૈક્ષણિક પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, આધારકાર્ડ તથા બેંક પાસબુકની નકલ અને પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફ રજૂ કરવાના રહેશે.

અગાઉ આ યોજના અંતર્ગત તાલીમ મેળવી ચૂકેલા ઉમેદવારો આ તાલીમ માટે અરજી કરી શકશે નહીં. સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છુક લાયક યુવાનોને આ નિઃશુલ્ક તાલીમની તકનો લાભ લેવા ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કાળિયાબીડ ખાતે ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં ધોળા દિવસે મકાનનાતાળા તોડીને ચોરી!

## પરિવાર તાળું મારીને મરણના કામે ગયો તેટલીવારમાં તસ્કરો ૧.૪૦ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી પલાયન, નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ

ભાવનગર,તા.૨૨

શહેરમાં ચોરીના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે ત્યારે કાળિયાબીડ વિસ્તારમાં આવેલા ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં તસ્કરોએ ધોળા દિવસે ત્રાટકીને મકાનના તાળા તોડી અંદર પ્રવેશી લાખો રૂપિયાની મિલકત હાથફેરો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ મામલે નીલમબાગ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, કાળિયાબીડની ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતા કરશનભાઈ ગોપાભાઈ બારૈયા કડિયા કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગઈકાલે તા.૨૧ના રોજ બપોરના એક વાગ્યાના સુમારે તેમના પત્ની નીતાબેન ઘરને તાળું મારીને ભરતનગર ખાતે મરણના કામે ગયા હતા. આ દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનું તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને ઘરનો સામાન વેરવિખેર કરી નાખ્યો હતો.

તસ્કરોએ ઘરના અંદરના રૂમમાં રાખેલ કબાટનું લોક તોડીને કબાટમાં રહેલા કિંમતી આભૂષણોની ચોરી કરી હતી.જેમાંસોનાની બુટ્ટીઃ વજન આશરે ૮ મિલીગ્રામ (કિંમત આશરે રૂ. ૬૪,૦૦૦), સોનાની માદરડીઃ વજન આશરે ૨ મિલીગ્રામ (કિંમત આશરે રૂ. ૨૦,૦૦૦), ચાંદીના પાતળા છડા (૧ જોડ): કિંમત આશરે રૂ. ૯,૦૦૦, ચાંદીના જાડા છડા (૧ જોડ): કિંમત આશરે રૂ. ૨૦,૦૦૦, ચાંદીની ઝાંઝરી (૨ જોડ): કિંમત આશરે રૂ. ૨૧,૦૦૦, ચાંદીનો કમરનો જુડો (૧ નંગ): કિંમત આશરે રૂ. ૬,૦૦૦ મળીને કુલ રૂ.૧,૪૦,૦૦૦/-ની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી થઈ થઇ હતી.

સાંજના સમયે જ્યારે પરિવારે ઘરમાં આવીને જોયું ત્યારે સમગ્ર ચોરીનો ભાંડો ફૂટ્યો હતો. આ મામલે કરશનભાઈ બારૈયાએ નીલમબાગ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# ભાવનગર પોસ્ટલ ડિવીઝન દ્વારા 7 સપ્ટેમ્બરે ડાક અદાલત યોજાશે

ભાવનગર,તા.૨૨

ભાવનગર પોસ્ટલ ડિવીઝનના કાર્યક્ષેત્ર હેઠળ આવતી તમામ ટપાલ કચેરીઓ પરથી ઉપલબ્ધ સેવાઓને લગતા પ્રશ્નોના નિરાકરણ અર્થે આગામી તા. ૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે ૪:૦૦ કલાકે ભાવનગર ખાતે આવેલ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીઝની કચેરીમાં 'ડાક અદાલત'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાક અદાલતમાં નીતિ વિષયક અથવા સામાન્ય મુદ્દાઓ સિવાયની ટપાલ સેવાઓ સંબંધિત વિવિધ ફરિયાદોની પ્રત્યક્ષ સુનાવણી હાથ ધરીને તેનું સત્વરે નિરાકરણ લાવવામાં આવશે. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીઝની યાદીમાં જણાવ્યા અનુસાર, આ ડાક અદાલતમાં રજૂ કરવાની ફરિયાદો આગામી તા. ૩૧ ઓગસ્ટ સુધીમાં આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીઝ (હેડ ક્વાર્ટર), ડીવીઝન ઓફિસ, ભાવનગરને મળી જાય તે રીતે સાદી ટપાલ, સ્પીડ પોસ્ટ મારફતે મોકલવાની રહેશે અથવા રૂબરૂ આપી જવાની રહેશે. આ ઉપરાંત અરજદારો પોતાની ફરિયાદ કચેરીના નિયત ઈમેલ આઈ.ડી. પર પણ મોકલી શકશે. ટપાલ સેવાઓથી વંચિત કે અસંતોષ ધરાવતા ગ્રાહકોને આ સુવિધાનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

# કાળાતળાવની સીમમાં લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા ૫ શખ્સો ઝડપાયા

## ઈનોવા કાર, બાઈક, એક્ટિવા, ૯ મોબાઈલ અને રોકડ મળીને કુલ રૂ ૭.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત

ભાવનગર,તા.૨૨

ભાવનગરના વેળાવદર પોલીસ સ્ટેશન સ્ટાફને વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે કાળાતળાવ ગામની સીમમાં જાહેર જગ્યામાં ધમધમતા જુગારધામ પર રેડ પાડવામાં આવી હતી. પોલીસે બાતમીવાળી જગ્યાએથી જાહેરમાં ગંજીપત્તાથી હારજીતનો જુગાર રમી રહેલા પાંચ શખ્સોને રંગેહાથ ઝડપી લઈ રોકડ, વાહનો અને મોબાઈલ મળી ૭.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, વેળાવદર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે કાળાતળાવ ગામની સીમમાં કેટલાક ઈસમો બેટરી અને બલ્બના અજવાળે ગોળ કુંડાળું વળીને પૈસા પાના વડે જુગાર રમી રહ્યા છે. પોલીસે પંચોને સાથે રાખીને તે જગ્યા પર અચાનક દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે કોર્ડન કરીને પાંચેય આરોપીઓને ઝડપી લીધા હતા.

જાહેરમાં જુગાર રમતા ઝડપાયેલા શખ્સોના નામ પુછતા પ્રવિણભાઈ ઉર્ફે પલ્લો જાદવભાઈ વાજા (રહે. કરચલીયા પરા, ભાવનગર), નવસાદ ઉસ્માનભાઈ શેખ (રહે. પ્રભુદાસ તળાવ, ભાવનગર), અશોકભાઈ મનસુખભાઈ ચૌહાણ (રહે. કરચલીયા પરા, ભાવનગર), સાજીદભાઈ આબેદભાઈ શેખ (રહે. આરબવાડ, વડવા, ભાવનગર) તથા અમીન અહેમદભાઈ રાઉમા (રહે. શિશુવિહાર સર્કલ પાસે, ભાવનગર) વાળા હોવાનું ખુલ્યું હતું પોલીસે દરોડા દરમિયાન પટમાંથી ગંજીપત્તાના પાના તેમજ અલગ-અલગ દરની રોકડ રકમ મળીને કુલ રૂપિયા ૨૭,૩૬૦/- રોકડા તેમજ આરોપીઓ પાસેથી કુલ ૯ નંગ મોબાઈલ ફોન (કિંમત આશરે રૂ. ૧,૬૬,૫૦૦), જુગારમાં ઉપયોગમાં લીધેલી બેટરી અને બલ્બ તેમજ એક ઈનોવા કાર, બે સ્પ્લેન્ડર મોટરસાઈકલ અને એક એક્ટિવા મળીને કુલ રૂપિયા ૭,૭૪,૩૬૦/-નો મોટો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.વેળાવદર પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખાનગી હોસ્પિટલની બેદરકારી મામલે ચોથા દિવસે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર

## ફરિયાદ નહિ નોંધાય ત્યાં સુધી મૃતદેહ નહિ સ્વીકારવા પરિવાર મક્કમ, નવજાત અને પ્રસૂતાના મોત બાદ મામલો ગરમાયો, સર.ટી.ના પીએમ રૂમ ખાતે ટોળા ઉમટ્યા

ભાવનગર,તા.તા.૨૨

ભાવનગરના કુંભારવાડામાં રહેતા એક મહિલાને પ્રસૃતીની પીડા ઉપડતા કાળીયાબીડ સ્થિત રાધેકૃષ્ણ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તબિબિ બેદરકારીના કારણોસર પ્રથમ નવજાત અને બાદમાં માતાના મોત નિપજ્યાનો બનાવ સામે આવતા પરિવારજનોએ ડોક્ટરની બેદરકારીથી બંનેના મોટ થયા હોવાના આક્ષેપ કાર્ય હતા અને ડોક્ટર સામે ફરિયાદ નોંધવા માંગ કરી હરિ જેના આજે ચોથા દિવસે પણ ફરિયાદ નહિ નોંધાતા પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરતા મામલો ગરમાયો છે.

કાળીયાબીડમાં આવેલ રાધેકૃષ્ણ હોસ્પિટલમાં કુંભારવાડાના નિલેશભાઈ ભરતભાઈ ચૌહાણના પત્ની સુમિત્રાબેનને પ્રસૃતી અર્થે દાખલ કરાયા હતા. દરમિયાનમાં પરિવારને અંધારામાં રાખી મહિલા તબિબે પ્રસૃતાનું ઓપરેશન કરી નાખ્યુ હતું અને મૃત બાળકનો જન્મ થયો હોવાનું જણાવ્યું હતું. આ બનાવમાં પ્રસૃતા મહિલાની તબિયત પણ લથડતા તેણીનું પણ મોત નિપજ્યુ હતું. દરમિયાનમાં પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે તબિબિ બેદરકારીના કારણોસર જ નવજાત અને માતાનું મૃત્યુ થયુ છે. સર ટી હોસ્પિટલના પીએમ રૂમ પાસે મોટી સંખ્યામાં સગા સબંધીઓએ એકત્ર થઈ અને આ તબિબિ બેદરકારી સામે ભારે આક્રોષ ઠાલવ્યો હતો. દરમિયાન ગઈકાલે એસપીએ આવીને ફરિયાદ નોંધવાનું જણાવ્યું હોવા છતાં નિલમબાગ પોલીસે ફરિયાદ નોંધી ના હતી તેમ પરિવારજનોએ આજે જણાવ્યું હતું. દરમિયાન આજે ચોથા દિવસે પણ હજુ મૃતદેહ સ્વીકાર્યો નથી અને જયાં સુધી ફરિયાદ નહિ નોંધાય ત્યાં સુધી મૃતદેહ નહિ સ્વીકારીએ તેમ આજે મૃતકના પરિવારે જણાવ્યું હતું.

# જૈન જાગૃતિ સેન્ટર દ્વારા બોરતળાવ ખાતે 'મોર્નિંગ વોક સંગ સેલ્ફી શૂટ'

જૈન જાગૃતિ સેન્ટર ભાવનગર દ્વારા તાજેતરમાં બોરતળાવના રમણીય અને કુદરતી વાતાવરણમાં એક વિશિષ્ટ અને ઉત્સાહવર્ધક મોર્નિંગ વોક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના આહલાદક વાતાવરણ વચ્ચે આયોજિત આ પ્રોગ્રામમાં સંસ્થાના બહોળા પ્રમાણમાં સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સભ્યોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાની સાથે પરસ્પર આત્મીયતા વધારવાનો હતો. સભ્યોએ બોરતળાવની પ્રાકૃતિક સુંદરતા વચ્ચે મોર્નિંગ વોકની મજા માણવાની





સાથે યાદગાર પળોને કંડારવા માટે 'સેલ્ફી ફોટો શૂટ' પણ કર્યું હતું. પ્રકૃતિના ખોળે યોજાયેલા આ ફોટો શૂટમાં યુવાનોથી લઈને વડીલો સુધીના તમામ સભ્યોએ ઉત્સાહપૂર્વક ફોટોગ્રાફીનો આનંદ લીધો હતો. વોકિંગ અને ફોટો શૂટ બાદ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક બ્રેકફાસ્ટની મજા માણી હતી.

# સાધ્વી હિતમિત્રાશ્રીજીના 36 ઉપવાસની ઉગ્ર તપસ્યાનું સોમવારે યોજાશે પારણું

## કૃષ્ણનગર જૈન સોસાયટી ખાતે તપસ્યા નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન

ભાવનગર,તા.૨૨

ભાવનગર શ્વેતાંબર મૂર્તિપૂજક તપાસંઘમાં કૃષ્ણનગર જૈન સોસાયટી ખાતે સાધ્વીજી મહારાજ જૈન ધર્મના ૩૬ ગુણને અનુલક્ષીને ૩૬ ઉપવાસની ઉગ્ર તપસ્યા કરી રહ્યા છે જેમનું સોમવારે પારણું છે. ભાવનગરના સ્વ.જયાબેન મનુભાઈ શાહની સંસારી પુત્રી આ તપસ્યા કરી રહી છે. શાસનસમ્રાટ સમુદાયના ગચ્છનાયક આ.ભ.શ્રી વિજય હેમચંદ્રસુરીશ્વરજી મ.સા અને પ્રવચનપ્રભાવક આ.ભ.શ્રી વિજય રાજહંસસૂરી મ.સા.ની પાવન નિશ્રામાં સરલસ્વભાવી પ.પૂ હેમશિશુ પૂ.શીલંધરાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.યોગમિશ્રાશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સાધ્વીજી હિતમિત્રાશ્રીજી મહારાજની સૂરિપદના ૩૬ ગુણના આલંબને ૩૬ ઉપવાસની તપશ્ર્ચર્યા ખૂબ શાંતિપૂર્વક સુંદર રીતે પરિપૂર્ણ થવા આવી છે.



આ પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવનું આયોજન કરાયું હતું. શુક્રવારે બપોરે ૨:૩૦ કલાકે સાંગી, શનિવારે પાઘડી મંડળના ભાઈઓની ૯૯ પ્રકારની પૂજા અને રવિવારે સ્નાત્રપૂજા તથા સોમવારે સવારે ૬:૧૫ કલાકે કૃષ્ણનગર ઉપાશ્રયેથી વાંજતે ગાજતે સમેત શિખર ફ્લેટ ખાતે ઈલાબેન ભરતભાઈ ઠારના ઘરે પગલાં, પ્રવચન અને ત્યારબાદ પારણું થશે. તથા બપોરે ભક્તામર મહાપૂજન થશે.

# ધ ગ્લોબલ જ્ઞાનગુરુ ઈંગ્લીશ સ્કુલ દ્વારા વોક વિથ પ્રાઈડ મહા રેલીનું આયોજન





ભાવનગર,તા.૨૨

ગ્લોબલ જ્ઞાનગુરુ ઈંગ્લીશ સ્કૂલમાં '" વોક વિથ પ્રાઇડ " મહા રેલીનું આયોજન કરવામાં આવ્યું જેમાં સંસ્થાના મેનેજીંગ ડાયરેક્ટર મનહરભાઈ રાઠોડ તથા મિતલબેન રાઠોડ, પ્રિન્સીપાલ, સમગ્ર મેનેજમેન્ટ સ્ટફ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમની શરૂઆત જેમાં શાળાથી રામમંત્ર મંદિર સુધી રેલી કરવામાં આવી.આ રેલીમાં વિદ્યાર્થીઓ અલગ-અલગ ફ્રીડમ ફાઈટરર્સ બનેલ, જેમાં દેશ પ્રેમની જલક સાફ જોવા મળતી હતી. આ રેલીમાં વિદ્યાર્થીઓ અલગ-અલગ વેશ ધારણ કરી ભારતમાતા, ગાંધીજી, રાણી લક્ષ્મીબાઈ, સુભાષચંદ્ર બોઝ, ભગતસિંહ, લાલ-બાલ-પાલ જેવા અલગ-અલગ કોસ્યુમમાં આવી દેશ પ્રત્યેનો પ્રેમ ઉજાગર કરી દેશભાવના જન્માવે તેવો માહોલ બનાવી દીધો હતો. આ સાથે નાનાબાળ દેશ પ્રેમીઓ દ્વારા નારાઓ જેમાં ભારતમાતા કી જય, I LOVE MY INDIA, જય જવાન જય કિસાન જેવા ખૂબ સુંદર નારાઓ લગાવેલ જેથી વાતાવરણ જાણે દેશપાક્તીમાં રંગાયું હોય તેવું પ્રતિત થયું. રેલી પૂર્ણ કર્યા બાદ શાળામાં વન્દેમાતરમ અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરેલ.આ વોક વિથ પ્રાઇડમાં ગ્લોબલ જ્ઞાનગુરુ ઈંગ્લિશ સ્કૂલના ૮૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલ હતો.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## દિલ્હીને આંગણે ડ્રેગન

એશિયાના બે મહાકાય દેશો ભારત અને ચીન વચ્ચેનો સંબંધ વિશ્વ રાજકારણની સૌથી સંવેદનશીલ અને સૌથી મહત્વની ધરી છે. આ સંબંધમાં મીઠાશ પણ છે અને કડવાશ પણ છે, સહકારની તકો પણ છે અને ટકરાવનો ભય પણ છે. ત્યારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની આગામી ભારત યાત્રાની તૈયારીઓએ દિલ્હીથી લઈને બેઇજિંગ સુધી રાજદ્વારી ગલિયારાઓમાં ગરમાવો લાવી દીધો છે.

ન્છઝ વિવાદના અંત પર ચર્ચા થશે, તે જો સાચી પડે તો તે દક્ષિણ એશિયાની સુરક્ષા માટે મોટો વળાંક બની શકે છે.આ યાત્રા અચાનક નથી થઈ રહી. તેની પાછળ મહિનાઓથી ચાલતી શાંત અને સતત મુત્સદ્દીગીરી રહેલી છે. વિદેશ મંત્રાલયના સ્તર એટલે કે પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી વ્યવસ્થા હેઠળ અનેક બેઠકો થઈ ચૂકી છે. આ બેઠકોનો સૂર આ વખતે પહેલા કરતા વધુ સ્પષ્ટ અને નિખાલસ રહ્યો છે. ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવી એ કોઈ વિકલ્પ નથી પણ પાયાની શરત છે. આ વાત આર્થિક સંબંધો અને વૈશ્વિક સહયોગ સહિત સમગ્ર સંબંધોના ભવિષ્ય માટે અનિવાર્ય છે. બે હજાર ચૌદમાં જ્યારે શી જિનપિંગ પહેલી વાર રાષ્ટ્રપતિ તરીકે ગુજરાત આવ્યા હતા ત્યારે સાબરમતીના કિનારે હીંચકાની તસવીરોએ દુનિયાને નવા યુગની આશા બતાવી હતી. પરંતુ તે જ દિવસોમાં લદ્દાખમાં ચીની સૈનિકોની ઘૂસણખોરીના સમાચાર આવ્યા અને તે આશા પર પાણી ફરી વળ્યું હતું. ત્યારબાદ ગલવાનની દુઃખદ ઘટનાએ સંબંધોને દાયકાઓ પાછળ ધકેલી દીધા. આ ઈતિહાસમાંથી ભારતે એક પાઠ શીખ્યો છે કે સ્મિતની સાથે સતર્કતા પણ જરૂરી છે. એટલે જ આ વખતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની બેઇજિંગ યાત્રા અને સ્પેશિયલ રિપ્રેઝન્ટેટિવ સ્તરની વાતચીતને મુખ્ય યાત્રા પહેલા ગોઠવવામાં આવી રહી છે.જે મુદ્દાઓની જેના પર પડદા પાછળ સતત ચર્ચા ચાલી રહી છે. મુખ્ય મુદ્દો છે વાસ્તવિક નિયંત્રણ રેખા પરથી સંપૂર્ણ પીછેહઠ અને તણાવ ઘટાડવો. ડેપસાંગ અને ડેમચોક જેવા વિસ્તારોમાં હજુ પણ જે ગતિરોધ છે તેનો કાયમી ઉકેલ લાવ્યા વિના વિશ્વાસ પાછો આવી શકે તેમ નથી. બીજો મહત્વનો મુદ્દો છે વેપારનું અસંતુલન. આજે ભારત અને ચીન વચ્ચેનો વેપાર સો અબજ ડોલરને પાર કરી ગયો છે પરંતુ તેમાં મોટો હિસ્સો ચીનની તરફેણમાં છે.



# ૧૮-હરભાઈઃ નૂતન કેળવણીના યુગપુરુષ

★ શિક્ષણનું સાચું કાર્ય એકતા અને સહકારના મૂલ્યો રોપવાનું છે.
★ તેમનો ધર્મ ચાર સ્તંભો પર આધારિત હતોઃ પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધા અને માનવીય વ્યવહાર.
★ હરભાઈએ ગુજરાતી ભાષામાં 'કાનમાં કહું!' પુસ્તક લખ્યું.

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

ગુજરાતના શૈક્ષણિક અને સામાજિક ઈતિહાસમાં ભાવનગરની 'દક્ષિણામૂર્તિ' સંસ્થા એક તેજસ્વી દીવાદાંડી સમાન છે. વીસમી સદીની શરૂઆતમાં શ્રીમન્નથુરામ શર્માની પ્રેરણા અને સનાતનવાદી વિદ્વાન નાનાભાઈ ભટ્ટના પ્રયાસોથી આ સંસ્થાની સ્થાપના થઈ, જેનો મૂળ ઉદ્દેશ સનાતન ધર્મના મૂલ્યોનું જતન કરવાનો હતો. પ્રારંભમાં છાત્રાલયથી શરૂ થયેલી આ સંસ્થા ક્રમશઃ વિકાસ પામીને શિશુશાળા, પ્રાથમિક શાળા અને 'વિનયમંદિર' (માધ્યમિક શાળા) સુધી વિસ્તરી.

આ આદર્શ શૈક્ષણિક વાતાવરણથી આકર્ષાઈને ગિજુભાઈ બધેકા અને હરભાઈ ત્રિવેદી જેવા સમર્થ શિક્ષણવિદો આજીવન કાર્યકર તરીકે જોડાયા. વૈચારિક રીતે નાનાભાઈ પરંપરા અને રૂઢિચુસ્તતાના સમર્થક હતા, જ્યારે હરભાઈ માનવતાવાદી અને પ્રગતિશીલ વિચારો ધરાવતા હતા. આમ છતાં, નાનાભાઈની પ્રબળ શૈક્ષણિક ફિલસૂફીને કારણે વૈચારિક મતભેદોને બાજુ પર મૂકીને આ ત્રિપુટીએ લાંબા સમય સુધી સાથે મળીને વર્ગખંડોમાં અદ્ભુત શૈક્ષણિક પ્રયોગો કર્યા.

દક્ષિણામૂર્તિનું ઐતિહાસિક મૂલ્યાંકનઃ રાષ્ટ્રીય ચેતના અને સામાજિક ક્રાંતિનો ઉદય

૧. ગાંધીજીનો પ્રભાવ અને શૈક્ષણિક રૂપાંતરણઃ સને ૧૯૨૦માં 'વિનયમંદિર'ના આચાર્ય પદે નિયુક્ત થયા બાદ, હરભાઈ ત્રિવેદીએ સંસ્થાની શૈક્ષણિક પદ્ધતિઓના તટસ્થ બાહ્ય મૂલ્યાંકનનો પ્રસ્તાવ મૂક્યો, જેનો નાનાભાઈ ભટ્ટે સહર્ષ સ્વીકાર કર્યો. કાકાસાહેબ કાલેલકરના નેતૃત્વમાં આવેલા તપાસપંચે સંસ્થાના અભ્યાસ બાદ બે ક્રાંતિકારી ભલામણો કરીઃ સર્વસમાવેશક પ્રવેશઃ નાતજાત કે ધર્મના ભેદભાવ વિના, ખાસ કરીને હરિજન વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો. ધર્મનિરપેક્ષ દૃષ્ટિકોણઃ ધાર્મિક સંકુચિતતા અને ક્રિયાકાંડો બંધ કરી ઉદાર અભિગમ અપનાવવો. ગાંધીજીનો રાષ્ટ્રીય સંદેશઃ આ સૂચનોથી પરંપરાવાદી નાનાભાઈ વ્યથિત થયા, પરંતુ મહાત્મા ગાંધીએ પત્ર દ્વારા પ્રેરણા આપતા જણાવ્યું કે રાષ્ટ્રીય મુક્તિના આ દોરમાં આંતરિક ભેદભાવો દેશને નુકસાન પહોંચાડશે; શિક્ષણનું સાચું કાર્ય એકતા અને સહકારના મૂલ્યો રોપવાનું છે.

આ વૈચારિક ક્રાંતિને સ્વીકારી નાનાભાઈ, ગિજુભાઈ અને હરભાઈએ સંસ્થાને ગુજરાત વિદ્યાપીઠ સાથે જોડી દીધી. હરભાઈએ કુનેહપૂર્વક એક વણકર (હરિજન) વિદ્યાર્થીને પ્રવેશ આપીને દક્ષિણામૂર્તિને સનાતનવાદી વાડામાંથી મુક્ત કરી એક રાષ્ટ્રીય સ્તરની સેક્યુલર સંસ્થામાં પરિવર્તિત કરી.

૨. સામાજિક ક્રાંતિઃ સમૂહભોજનનો સાહસિક પ્રયોગઃ હરભાઈ માત્ર વિચારોથી જ નહિ, પણ આચરણથી ક્રાંતિકારી હતા. ગાંધી જયંતી (૨જી ઓક્ટોબર)ના રોજ તેમણે પોતાના ગૃહે એક અભૂતપૂર્વ સમૂહભોજન યોજ્યું. સામાજિક સમરસતાઃ બ્રાહ્મણ, વાણિયા અને હરિજન સફાઈકામદારોના પરિવારો એક જ પંગતમાં સાથે બેઠા. સહિયારું રસોડુંઃ રસોઈકાર્યમાં બ્રાહ્મણ અને હરિજન બહેનોએ સાથે મળીને ભાગ લીધો. તત્કાલીન રૂઢિચુસ્ત જ્ઞાતિપ્રથાના માહોલમાં આ આંચકો આપનારો પ્રયોગ હતો. ભાવનગરના સનાતનવાદીઓ અને નાનાભાઈ આ ચેષ્ટાથી ક્રોધિત થયા, છતાં હરભાઈએ આ માનવીય પરંપરા આજીવન અવિરત ચાલુ રાખી.

૩. ધર્મ, ઈશ્વર અને બાળમનોવિજ્ઞાનનો સમન્વયઃ રૂઢિચુસ્તો હરભાઈને 'નાસ્તિક' ગણતા, પરંતુ તેઓ માત્ર ધર્મના બાહ્ય આડંબરના વિરોધી હતા. તેઓ ઈશ્વરને બ્રહ્માંડનું સંચાલન કરતી એક વિરાટ દિવ્ય ચેતના માનતા હતા. તેમનો ધર્મ ચાર સ્તંભો પર આધારિત હતોઃ પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધા અને માનવીય વ્યવહાર. તેઓ પૂર્વીય તત્વજ્ઞાન (ગીતા, બુદ્ધ, મહાવીર, વિવેકાનંદ, ગાંધી) અને પશ્ચિમી મનોવિજ્ઞાન (ફ્રોઈડ, મોન્ટેસોરી, પાર્કહર્સ્ટ)ના સમન્વયના પુરસ્કર્તા હતા.

વ્યાખ્યાનમાળા અને બાળકેન્દ્રી અભિગમઃ સને ૧૯૨૮માં મુંબઈના જૈન સમાજે તેમને આમંત્રિત કર્યા. હરભાઈએ જૈન સિદ્ધાંતોને બાળમનોવિજ્ઞાન અને વ્યવહારિક દૃષ્ટાંતો સાથે જોડીને એવી મૌલિક શૈલીમાં રજૂ કર્યા કે તેઓ સતત ૧૦ વર્ષ સુધી આ વ્યાખ્યાનમાળાના મુખ્ય વક્તા રહ્યા. તેમના દરેક પ્રવચનના કેન્દ્રમાં 'બાળક' પ્રભુના પયગંબર તરીકે પ્રસ્થાપિત થતું હતું.

ઐતિહાસિક ગૌરવઃ તેમની આ ખ્યાતિના કારણે તેઓ રાજસ્થાનના ઉદેપુર રાજ્યના શિક્ષણ સંમેલનમાં અધ્યક્ષ સ્થાને બિરાજ્યા, જે સમગ્ર ગુજરાત માટે એક ગૌરવપૂર્ણ ઐતિહાસિક ઘટના હતી.

શિક્ષણ જગતના અણનમ મશાલચીઃ હરભાઈ ત્રિવેદી

'કાનમાં કહું!' – જાતીય શિક્ષણની ક્રાંતિ

સને ૧૯૩૫-૩૬ના રૂઢિચુસ્ત ગાળામાં, જ્યારે જાતીયતા (જીટ) એક અત્યંત નિંદનીય અને અસ્પૃશ્ય વિષય ગણાતો, ત્યારે હરભાઈ ત્રિવેદીએ હેવલોક એલિસ અને સિગ્મન્ડ ફ્રોઈડના સિદ્ધાંતોને આત્મસાત કરી ગુજરાતી ભાષામાં 'કાનમાં કહું!' પુસ્તક લખ્યું. દક્ષિણામૂર્તિ જેવી પવિત્ર સંસ્થાના આચાર્ય દ્વારા આવા સંવેદનશીલ વિષય પર જાહેરમાં વિશ્લેષણ થતાં તત્કાલીન ભદ્ર સમાજ અને અખબારોમાં ભારે વંટોળ ઊભો થયો. જો કે, યુવાવર્ગમાં વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડતું આ પુસ્તક અત્યંત લોકપ્રિય નીવડ્યું.

પ્રસિદ્ધ સાહિત્યકાર મનુભાઈ પંચોલી 'દર્શક'ના શબ્દોમાંઃ"યુરોપમાં જે કામ ફ્રોઈડે કર્યું, તે કામ ગુજરાતમાં હરભાઈએ કર્યું. શિક્ષણક્ષેત્રે સદીઓથી બંધ રખાયેલો સાતમો ઓરડો, જે કામવાસના અને તેના દમન સાથે જોડાયેલો હતો, તેનું તાળું હરભાઈએ હિંમતભેર ખોલી નાખ્યું."

બાળમનોવિજ્ઞાન, છાત્રાલય વિજ્ઞાન અને સ્વયંશિસ્તઃ હરભાઈએ વિદ્યાર્થીઓના ઘડતર માટે 'છાત્રાલય વિજ્ઞાન'ની નવી વિભાવના વિકસાવી અને 'છાત્રાલય' સામયિક શરૂ કર્યું. તેમનો સૌથી મોટો શૈક્ષણિક પ્રયોગ 'સ્વયંશિસ્ત' અને 'શિક્ષા-ઈનામની સદંતર નાબૂદી'નો હતો. તેઓ દ્રઢપણે માનતા કે શિક્ષકનો ભય બાળકમાં લઘુતાગ્રંથિ પેદા કરે છે, જ્યારે ઈનામો ઈર્ષ્યા જન્માવે છે. આથી જ દક્ષિણામૂર્તિમાં 'સર' ને બદલે શિક્ષકોને નામથી (નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈ) બોલાવવાની મુક્ત પરંપરા શરૂ થઈ.

શારીરિક શિક્ષાના તેઓ પ્રખર વિરોધી હતા. તેમના જ એક વિદ્યાર્થી અને જાણીતા કલાકાર જ્યોતિ ભટ્ટે જ્યારે લડાઈમાં કપડાં ફાડી નાખ્યા, ત્યારે હરભાઈએ તેમને વઢવાને બદલે પ્રાયશ્ચિત રૂપે શાળાના બગીચામાં કામ કરી, મજૂરી મેળવીને નવું ખમીસ સીવડાવવાની રચનાત્મક મનોવૈજ્ઞાનિક સજા કરી હતી. 'સોટી વાગે ચમચમ' ના એ જમાનામાં આ પ્રયોગ ક્રાંતિકારી હતો.

શૈક્ષણિક પત્રકારત્વ અને સંસ્થાકીય પ્રદાનઃ પોતાના વિચારોને વ્યાપક ફલક આપવા માટે તેમણે પત્રકારત્વનો આશરો લીધો. ઓગસ્ટ ૧૯ઝરીષ્ઠા૩૬થી તેમણે ચન્દ્રવદન શાહના સહયોગમાં 'નૂતન શિક્ષણ' માસિકનો પ્રારંભ કર્યો અને સતત ૩૫ વર્ષ સુધી તેના મુખ્ય તંત્રી તરીકે સેવા આપી.ત્યારબાદ, સને ૧૯૩૮માં ભાવનગરમાં પોતાની મૌલિક શૈક્ષણિક દૃષ્ટિને ચરિતાર્થ કરવા તેમણે 'ઘરશાળા' સંસ્થાની સ્થાપના કરી. આ વિચારધારાને વહેતી મૂકવા સને ૧૯૪૦માં 'ઘરશાળા' માસિક શરૂ કર્યું, જે આજે પણ કાર્યરત છે. આ બંને સામયિકોમાં હરભાઈએ આલેખેલા લેખો આજે પણ શિક્ષણ અને બાળઉછેર માટે સંદર્ભગ્રંથ સમાન છે.હરભાઈ ત્રિવેદી માત્ર એક આચાર્ય નહોતા, પરંતુ રૂઢિચુસ્તતાની બેડીઓ તોડનારા સામાજિક ક્રાંતિકારી અને પ્રખર રૂઢિભંજક મનોવૈજ્ઞાનિક હતા. ભયમુક્ત શિક્ષણ, સામાજિક સમાનતા, જાતીય જ્ઞાન અને શૈક્ષણિક પત્રકારત્વના ક્ષેત્રે તેમણે આપેલું ઐતિહાસિક પ્રદાન ગુજરાતના ઈતિહાસમાં સદા સ્મરણીય અને સુવર્ણ અક્ષરે અંકિત રહેશે.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ આખો અઠવાડિયો તમારું સ્વાસ્થ્ય સામાન્ય રીતે ખૂબ જ સારું રહેશે. પ્રબળ ગ્રહોની શુભ દ્રષ્ટિ તમારા સ્વાસ્થ્યને મજબૂત બનાવશે અને સાથે જ જૂની બીમારીઓમાંથી પણ મુક્તિ અપાવશે. જેના કારણે આ અઠવાડિયે તમારું મન ખૂબ જ આનંદિત અને ઉત્સાહિત રહેશે. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ ( ગુરુ ) ચોથા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયે તમારા નાના ભાઈ-બહેન તમારી પાસે આર્થિક મદદ કે ઉધાર પૈસા માંગી શકે છે. તમે તેમને આર્થિક મદદ તો કરી દેશો, પરંતુ તેના કારણે તમે પોતે આર્થિક સંકટમાં મુકાઈ શકો છો. જેના પરિણામે આગામી સમયમાં તમારે કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. તમારું ઉર્જાવાન, જીવંત અને પ્રેમાળ વર્તન તમારી આસપાસના લોકોને, ખાસ કરીને તમારા પરિવારના સભ્યોને ખુશી આપશે. જેના કારણે તમને તમારા માતા-પિતા તરફથી ઘણો પ્રેમ અને સ્નેહ મળશે. વ્યવસાયિક દ્રષ્ટિએ આ અઠવાડિયું તમારા માટે ખૂબ જ સારું રહેશે અને સાચી દિશામાં આગળ વધશે. આ રાશિના વેપારીઓ જ્યાં મધ્યમથી સારા પરિણામોથી સંતુષ્ટ રહેશે, ત્યાં નોકરીયાત લોકોને આ સમયે કોઈ મોટી મલ્ટીનેશનલ કંપની (MNC) માં કામ કરવાની તક મળી શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)** ચંદ્ર રાશિ પ્રમાણે શનિ અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે તમારું રાશિફળ સંકેત આપે છે કે, ચરબીયુક્ત ખોરાક ટાળવો અને સંતુલિત દિનચર્યાનું પાલન કરવું આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્ય પર સકારાત્મક અસર કરશે. આ તમારા વજન અથવા સ્થૂળતાને ઘટાડવામાં પણ મદદ કરશે. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ દસમા ભાવમાં હોવાને કારણે, આ રાશિના લગભગ તમામ જાતકો સારી રીતે જાણે છે કે જ્યારે પણ તેઓ સખત મહેનત કરે છે અને સાચી દિશામાં પ્રયાસ કરે છે, ત્યારે તેમને સારો આર્થિક લાભ થાય છે. આ અઠવાડિયે પણ તમારે તમારા વિચારોમાં સકારાત્મકતા લાવવાની અને તે મુજબ પ્રયત્નો કરવાની જરૂર છે. તો જ તમે સાચી તકનો લાભ ઉઠાવીને પૈસા કમાઈ શકશો. પરિવારનો કોઈ એવો સભ્ય, જેને તમે પહેલા વિશ્વાસ કરીને તમારી કોઈ ગુપ્ત વાત કહી હતી, તે આ અઠવાડિયે તમારી સાથે વિશ્વાસઘાત કરીને અન્યો સામે તમારી પોલ ખોલી શકે છે. તેથી આવી પરિસ્થિતિથી બચવા માટે તમારા માટે સારું રહેશે કે તમે જાતે જ તે ગુપ્ત બાબત પરિવારના અન્ય સભ્યોને જણાવી દો. કાર્યક્ષેત્રમાં અચાનક તમને કેટલીક મહત્વપૂર્ણ ભૂમિકાઓ અને જવાબદારીઓ સંભાળવા માટે કહેવામાં આવી શકે છે, જે સંબંધિત નિર્ણય લેવામાં આ અઠવાડિયે તમે સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ શકો છો. આવી સ્થિતિમાં ભાવનાઓમાં વહીને એવો કોઈ નિર્ણય ન લો, જેનું નકારાત્મક પરિણામ તમારે ભવિષ્યમાં ભોગવવું પડે. આ અઠવાડિયે ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે વિદેશ યાત્રાની પ્રબળ સંભાવનાઓ છે.

**મિથુન - (ક, છ, ઘ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે શનિ દસમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારે શારીરિક અને માનસિક તણાવનો સામનો કરવો પડી શકે છે, જેના માટે તમારે થોડો ધનખર્ચ પણ કરવો પડશે. વળી, પૈસાની તંગીના કારણે તમારે કોઈની પાસે ઉધાર પણ માંગવું પડી શકે છે. આ અઠવાડિયે તમને અચાનક નવા સ્ત્રોતોથી ધન મળશે, જે તમારા મનને ખુશ કરી દેશે. આનાથી તમારા મનમાં સકારાત્મકતા તો વધશે જ, સાથે જ તમે ઘરના બાળકો માટે ઘરે પાછા ફરતી વખતે કોઈ ભેટ લઈ જવાની યોજના પણ બનાવી શકો છો. પરિવારની દ્રષ્ટિએ આ અઠવાડિયું ખુશીઓથી ભરેલું રહેશે. કારણ કે તમારા ઘરના ઘણા સભ્યો તમને ખુશ કરવાનો પ્રયાસ કરશે. તેમના આ પ્રયાસો જોઈને તમે પોતે પણ ઘરના વાતાવરણને અનુકૂળ બનાવવાનો પ્રયાસ કરશો. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ બીજા ભાવમાં હોવાને કારણે, આપણે ઘણીવાર આપણી મહેનત કરતાં ભાગ્ય પર વધુ નિર્ભર થઈ જઈએ છીએ અને વસ્તુઓ આપમેળે થવાની રાહ જોઈએ છીએ. પરંતુ આ અઠવાડિયે તમારે આવું કરવાથી કે વિચારવાથી બચવું પડશે. તેથી કરિયરમાં પ્રગતિ જોઈતી હોય તો ભાગ્યના ભરોસે બેસી ન રહેતા બહાર નીકળો અને નવી તકો શોધો.

**કર્ક - (ડ, હ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે, જો કોઈ કોર્ટ કેસ ચાલી રહ્યો હોય, તો તેના પરિણામ વિશે વિચારીને તમે તમારી જાતને અસ્વસ્થ કરી શકો છો. જેના કારણે ઘરનું વાતાવરણ પણ અશાંત દેખાશે. જો કે, જો નાણાં કે જમીન સંબંધિત કોઈ કેસ કોર્ટમાં પડતર હોય, તો આ અઠવાડિયે તેનો ચુકાદો તમારી તરફેણમાં આવવાની સંભાવના છે. આનાથી તમને માત્ર ધન જ નહીં મળે, પરંતુ તમારી ખરાબ આર્થિક સ્થિતિ પણ ઘણી હદ સુધી પાટા પર આવી જશે. આ અઠવાડિયે તમારા પરિવારમાં ઉત્સવ જેવો માહોલ રહેશે અને તમામ સભ્યો ખુશ દેખાશે. પરિવારના લોકોની ખુશી જોઈને તમારા ચહેરા પર પણ સ્મિત આવશે અને તમે પારિવારિક સુખ મેળવવામાં સફળ રહેશો. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ પ્રથમ ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયે મળેલા લાભને વધુ મજબૂત કરવા અને કંઈક નવું શરૂ કરવા માટે તમે આગામી સમયનો એક મજબૂત પાયો અને વ્યૂહરચના બનાવીને સાચો નિર્ણય લેશો. આ માટે તમે તમારા ઉચ્ચ અધિકારીઓ અને નિષ્ણાતોની મદદ લઈ શકો છો.

**સિંહ - (મ, ટ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમે માનસિક અને શારીરિક રીતે થાક અનુભવી શકો છો. આવી સ્થિતિમાં થોડો આરામ કરો અને પૌષ્ટિક ખોરાક ખાઈને તમારા ઉર્જા સ્તરને સુધારો. કારણ કે આવું કરવું તમારા સ્વાસ્થ્ય માટે વિશેષ રૂપે ફાયદાકારક સાબિત થશે.ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ સાતમા ભાવમાં હોવાને કારણે, જો તમે આ અઠવાડિયે તમારા મિત્રો અથવા પરિવાર સાથે ક્યાંક ફરવા જઈ રહ્યા હોવ, તો તમને વિચારીને પૈસા ખર્ચ કરવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે એવા યોગ છે કે તમે શરૂઆતમાં જ ઘણા પૈસા ખર્ચ કરી શકો છો, જેના કારણે પાછળથી તમારે આર્થિક સંકટમાંથી પસાર થવું પડી શકે છે. તમારા બાળકના એવોર્ડ ફંક્શનનું આમંત્રણ તમારા અને તમારા પરિવાર માટે અત્યંત આનંદની ક્ષણ લાવશે. તે તમારી અપેક્ષાઓ પર ખરો ઉતરશે અને તમે તેના દ્વારા તમારા સપના પૂરા થતા જોશો, જેના કારણે તમારી આંખોમાં ખુશીના આંસુ સ્પષ્ટ દેખાશે. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ આઠમા ભાવમાં હોવાને કારણે, આ આખા અઠવાડિયે તમે કાર્યક્ષેત્રમાં અત્યંત જવાબદાર, ફોકસ્ડ અને વ્યવસ્થિત રીતે દરેક કામ કરશો.

**કન્યા - (પ, ઠ, ણ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાને કારણે, તમે હંમેશા તમારી સુખ-સુવિધાઓ પૂરી કરવા માટે તમામ પ્રયાસો કરો છો અને આ અઠવાડિયે તમારું આ વલણ સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે. કારણ કે આ સમયે તમારું બેદરકાર વર્તન સ્વાસ્થ્ય માટે સમસ્યાઓ તો ઊભી કરશે જ, સાથે જ તમારા અંગત જીવનને પણ કષ્ટદાયક બનાવી શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે શનિ સાતમા ભાવમાં હોવાને કારણે, જો તમે બુદ્ધિમત્તાથી કામ કરશો તો આ અઠવાડિયે વધારાની કમાણી કરી શકો છો. જો કે આ માટે તમારે યોગ્ય વ્યૂહરચના બનાવવી પડશે અને તે મુજબ કામ કરવું પડશે. જો કોઈ સરકારી કાનૂની પ્રક્રિયાને કારણે ઘરના પૈસા ક્યાંક અટકેલા હોય, તો આ અઠવાડિયે તે મળવાની પ્રબળ સંભાવના છે. પરંતુ આ માટે તમારે પરિવાર સાથે ચર્ચા કરીને યોગ્ય પગલાં લેવા પડશે. આ બાબતે ઘરના વડીલોની સલાહ ચોક્કસ ધ્યાનમાં રાખો. તમારી રાશિમાં એકથી વધુ શુભ ગ્રહોની હાજરી તમારા શત્રુઓ માટે સારી નથી. કારણ કે આ સમયે તેઓ સક્રિય હોવા છતાં, તમે તેમને દરેક પગલા પર પરાજિત કરીને તમારા મિત્ર બનાવવામાં સફળ રહેશો.

**તુલા - (ર, ત) :-** ચંદ્ર રાશિ પ્રમાણે શનિ છઠ્ઠા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમે શારીરિક અને માનસિક રીતે ખૂબ જ સારું અનુભવશો. તેમ છતાં, માનસિક તણાવને તમારા પર હાવી થવા ન દો. કારણ કે આવું કરવું કોઈ શારીરિક સમસ્યાને જન્મ આપી શકે છે. યાદ રાખો કે તમે એક શિસ્તબદ્ધ વ્યક્તિ છો, તેથી સ્વાસ્થ્યની બાબતમાં પણ શિસ્ત જાળવો અને સ્વસ્થ રહો. આ અઠવાડિયે આર્થિક તંગીના કારણે તમારું કોઈ મહત્વપૂર્ણ કામ અધવચ્ચે જ અટકી શકે છે. જેના કારણે તમારું મોટું નુકસાન થવાની સંભાવના છે. આવી સ્થિતિમાં જો શક્ય હોય તો, કોઈ બેંક અથવા કોઈ નજીકના વ્યક્તિ પાસેથી આર્થિક સહયોગ લઈને તમારું અધૂરું કામ પૂરું કરો. તમારા નવા પ્રોજેક્ટ્સ માટે તમારા માતા-પિતાને વિશ્વાસમાં લેવાનો આ યોગ્ય સમય છે. આ માટે તમારે શરૂઆતમાં જ તમારી દરેક યોજના વિશે માતા-પિતાને બધું જ જણાવવું પડશે અને તે અંગે તેમનો અભિપ્રાય જાણવો પડશે. આ અઠવાડિયું તમારા કરિયરમાં પ્રગતિ લાવશે, પરંતુ તમને સલાહ આપવામાં આવે છે કે આ સમયે તમે જે પણ કામ કરો, તેને સારી રીતે જોઈ અને સમજી લો. આ સિવાય ઉચ્ચ અધિકારીઓ અને સિનિયરો સાથે વાત કરવી હોય તો જાતે જ કરો, અન્ય કોઈના માધ્યમથી નહીં. કારણ કે તો જ તમે તમારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપવામાં સફળ રહેશો.

**વૃશ્ચિક - (ન, ય) :-** ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયાની શરૂઆત તમારા માટે બહુ ઉર્જાવાન નહીં હોય અને તમે નાની-નાની બાબતોમાં ચીડચીડા થઈ શકો છો. આવી સ્થિતિમાં તમારે તમારી જાતને થોડી શાંત રાખવી પડશે, અન્યથા તમારો આ ચીડચીડો સ્વભાવ તમારું સ્વાસ્થ્ય બગાડી શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ ચોથા ભાવમાં હોવાને કારણે, આ અઠવાડિયે તમને આર્થિક લાભ થશે, પરંતુ જેટલી ઝડપથી તમારી પાસે પૈસા આવશે, તેટલી જ ઝડપથી તમે તેને ખર્ચ કરવા માટે ઉત્સુક દેખાશો. આવી સ્થિતિમાં ભવિષ્યમાં આવનારા તમામ જોખમો પ્રત્યે સાવધાની રાખીને તમારે તમારા પૈસા બચાવવા તરફ પ્રયાસો કરવા પડશે. આ અઠવાડિયે તમારું જ્ઞાન તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. ખાસ કરીને આ અઠવાડિયે તમે તમારા સારા સ્વભાવના કારણે તમારા ઘરની નજીકના કોઈ વિરોધી લિંગના વ્યક્તિને તમારા તરફ આકર્ષિત કરવામાં સફળ રહેશો. ઓફિસમાં જેની સાથે તમારી અવારનવાર દલીલો થતી હોય અથવા ઓછું બનતું હોય, તેની સાથે આ અઠવાડિયે સારી વાતચીત થવાના યોગ છે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** રમતગમતમાં ભાગ લેવો આ અઠવાડિયે તમારા માટે સૌથી વધુ જરૂરી છે. કારણ કે તમે પણ સમજો છો કે સારું સ્વાસ્થ્ય જ એક સુંદર અને સફળ જીવનનું રહસ્ય છે. તેથી આ વાત યાદ રાખો અને તમારી જાતને સ્વસ્થ રાખવાનો પ્રયાસ કરો. આ અઠવાડિયા દરમિયાન આર્થિક નિર્ણયો લેવામાં તમને પહેલા જે સમસ્યા થઈ રહી હતી, તે આ સમયે સંપૂર્ણપણે દૂર થવાની સંભાવના છે. ચંદ્ર રાશિ પ્રમાણે રાહુ ત્રીજા ભાવમાં હોવાને કારણે તમે રોકાણ સંબંધિત કોઈપણ નિર્ણય લેવા સક્ષમ બનશો અને આનાથી તમને ધનલાભ પણ થઈ શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ નવમા ભાવમાં હોવાને કારણે તમારો રમુજી સ્વભાવ સામાજિક મેળાવડાઓમાં તમારી લોકપ્રિયતા વધારશે. આનાથી સમાજમાં તમારું માન-સન્માન વધવાની સાથે તમે ઘણી પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું ધ્યાન તમારા તરફ આકર્ષિત કરવામાં સફળ રહેશો. આ અઠવાડિયે તમારે કોઈની સાથે નવો પ્રોજેક્ટ કે પાર્ટનરશિપનો બિઝનેસ શરૂ કરવાથી બચવું પડશે. કારણ કે એવા યોગ છે કે આ સમયે તમે લાંબા ગાળાનો વિચાર કર્યા વિના એવો કોઈ નિર્ણય લઈ શકો છો, જેના કારણે તમારે ભવિષ્યમાં નુકસાન સહન કરવું પડી શકે છે. આ અઠવાડિયે ઘણા વિદ્યાર્થીઓને તેમની પસંદગીની કોલેજ કે કોર્સમાં એડમિશન મળવાની સંભાવના દેખાઈ રહી છે.

**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયે તમને સલાહ આપવામાં આવે છે કે, કામની સાથે તમારા સ્વાસ્થ્યને સુધારવા માટે પણ થોડો સમય ચોક્કસ કાઢો. કારણ કે આ સમય તમારા સ્વાસ્થ્ય માટે સારો દેખાઈ રહ્યો છે. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ આઠમા ભાવમાં હોવાને કારણે આ અઠવાડિયાના મધ્યમાં તમારા પર કામનું દબાણ વધી શકે છે. પરંતુ તમે કાર્યક્ષેત્રના આ દબાણને તમારા મન પર હાવી થવા ન દો. ધન સંબંધિત કોઈપણ પ્રકારનું જોખમ લેવાથી આ રાશિના જાતકોએ આ અઠવાડિયે બચવું જોઈએ. જો કે આ સમયે તમને વિવિધ જગ્યાઓ પરથી અચાનક ધનલાભ થવાના યોગ છે, પરંતુ આ સમયે ધનનો ઉપયોગ કરતા પહેલા તમારે તમારી જાતને તમામ પરિસ્થિતિઓ માટે સારી રીતે તૈયાર કરવી પડશે. ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ સાતમા ભાવમાં હોવાને કારણે આ અઠવાડિયે પરિવારમાં તાલમેલ જાળવી રાખવામાં તમારા જીવનસાથી તમને મદદ કરશે અને તેઓ આમાં તમારા માટે સૌથી મોટા મદદગાર સાબિત થશે. એવા યોગ પણ છે કે તમને તમારા સંબંધીઓ અને મિત્રો તરફથી અચાનક કોઈ સારી ભેટ મળી શકે છે. જો તમે પાર્ટનરશિપમાં બિઝનેસ કરો છો, તો આ અઠવાડિયે તમને લાગી શકે છે કે તમારા પાર્ટનર તેમનું વચન પાળી રહ્યા નથી. જેના કારણે તમારા મનમાં થોડી નિરાશા પેદા થઈ શકે છે. આવી સ્થિતિમાં તમારા માટે સારું રહેશે કે તેમની સાથે બેસીને ચર્ચા દ્વારા દરેક બાબત ઉકેલવાનો પ્રયાસ કરો. તો જ તમે પરિસ્થિતિમાં સુધારો કરી શકશો.

**કુંભ - (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયે મીઠી વસ્તુઓ ખાવાની ઈચ્છા તમારા મનમાં જાગી શકે છે, જેને તમે પૂરી પણ કરશો. પરંતુ આ સમયે તમારે ભૂલવું ન જોઈએ કે તમારી આ ઈચ્છા જ તમને લાંબા ગાળે ડાયાબિટીસ અથવા વજન વધવાની સમસ્યા આપી શકે છે. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ સાતમા ભાવમાં હોવાને કારણે આ અઠવાડિયે તમે ઘરની સજાવટ કે સમારકામ માટે ઘણો ધનખર્ચ કરી નાખશો. આનો અંદાજ તમને શરૂઆતમાં નહીં મળે, પરંતુ આ ખર્ચ આગામી સમયમાં તમારા આર્થિક સંકટનું મુખ્ય કારણ બની જશે. સાપ્તાહિક રાશિફળ મુજબ, આ અઠવાડિયે તમારા પારિવારિક જીવનમાં અપાર સુખ મળવાના યોગ છે. આ સમયે તમે પરિવારના સભ્યો વચ્ચેના અગાઉના તમામ પ્રકારના મતભેદો દૂર કરવામાં સફળ રહેશો. આનાથી તમારા માતા-પિતા તમારા માટે ગર્વ અનુભવશે. જોવામાં આવ્યું છે કે આપણે કરિયરમાં આગળ વધતી વખતે અહંકારના કારણે આપણી આસપાસના લોકો જેમ કે માતા-પિતા, ગુરુ અને મિત્રોને ભૂલી જઈએ છીએ. અને જ્યારે વિપરીત પરિસ્થિતિ આવે છે, ત્યારે આપણા મનમાં તેમની વાતો અને સહયોગની ઈચ્છા ફરી જાગવા લાગે છે. આ અઠવાડિયે તમારી સાથે પણ એવું જ થઈ શકે છે, જ્યારે તમારો અહંકાર તમને અન્યોથી દૂર કરી દેશે. આ અઠવાડિયે ઘણા વિદ્યાર્થીઓ પોતાના કરિયરની પસંદગી બાબતે થોડી મૂંઝવણ અનુભવી શકે છે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-** ચંદ્ર રાશિ પ્રમાણે બૃહસ્પતિ પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, ગયા અઠવાડિયે તમારે સારા સ્વાસ્થ્ય માટે જેટલી મહેનત કરવી પડી રહી હતી, આ અઠવાડિયે તેનાથી ઓછા પ્રયત્નોમાં જ તમે સ્વસ્થ જીવન મેળવી શકશો. કારણ કે આ સમયે સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી તમને ભાગ્યનો ભરપૂર સાથ મળશે. આ અઠવાડિયે વેપારી જાતકોએ ધ્યાન રાખવું પડશે કે, જેઓ તમારી પાસે ઉધાર માંગવા આવી રહ્યા છે, તેમને ટાળવા જ યોગ્ય છે. કારણ કે જો તમે ઉધાર આપતા જ રહેશો, તો થોડા જ દિવસોમાં તમારી પાસે પૈસાની તંગી સર્જાશે, જેના કારણે તમે ઘણી સારી તકોનો લાભ ઉઠાવવાથી વંચિત રહી શકો છો. ચંદ્ર રાશિ પ્રમાણે કેતુ છઠ્ઠા ભાવમાં હોવાને કારણે, જો તમે લગ્ન યોગ્ય હોવ અને ક્યાંક તમારી વાત નક્કી થઈ ગઈ હોય, તો શક્ય છે કે કોઈ કારણસર તે સંબંધ તૂટી જાય અથવા તેમાં કોઈ સમસ્યા ઊભી થાય. આનાથી પરિવારમાં પણ ચિંતાનો માહોલ બનશે, જેની સૌથી વધુ અસર તમારા માનસિક તણાવમાં વધારો કરશે. વેપારીઓ આ અઠવાડિયે કરિયરમાં વિરોધીઓના કારણે થોડી મુશ્કેલીમાં મુકાઈ શકે છે. તમારી સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે તમે કેટલાક અનુભવી વ્યક્તિઓ અથવા નિષ્ણાતોની સલાહ લઈ શકો છો. આ તમને વધુ સારું કરવામાં મદદ કરશે. આ અઠવાડિયે ઘણા વિદ્યાર્થીઓ કોઈ સોશિયલ મીડિયાના માધ્યમથી મોટી સફળતા મેળવી શકે છે.

# ભૂતપૂર્વ ક્રિકેટર નવજોતસિંહ સિદ્ધુ રાજકારણથી અળગા રહીં સોશિયલ મીડિયા પર સક્રિય

ચંદીગઢ,

પંજાબ કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ અને ભૂતપૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુ હાલમાં સક્રિય રાજકારણથી દૂર છે. જોકે, તેમની સોશિયલ મીડિયા હાજરી સતત રહે છે. સિદ્ધુ ઘણીવાર સોશિયલ મીડિયા દ્વારા તેમના વિચારો અને તેમના અંગત જીવનના ફોટા શેર કરે છે. તાજેતરમાં, તેમણે તેમની પત્ની નવજોત કૌર સિદ્ધુ અને બાળકો સાથે વિતાવેલા જૂના પળોના ફોટા શેર કર્યા છે. આ ફોટા તેમના પરિવાર સાથેના તેમના સમયની યાદગાર ઝલક આપે છે. સિદ્ધુની આ પોસ્ટ્સે ફરી એકવાર તેમના સમર્થકો અને સોશિયલ મીડિયા વપરાશકર્તાઓનું ધ્યાન ખેંચ્યું છે. નોંધનીય છે કે સિદ્ધુ તાજેતરમાં જ તેમના પરિવાર સાથે ધાર્મિક યાત્રા પર ગયા હતા. તેમણે તે સમયે કેટલાક ફોટા પણ શેર કર્યા હતા.



નવજોત સિંહ સિદ્ધુએ તેમની પત્ની અને બાળકોના ઘણા જૂના ફોટા શેર કર્યા. તેમણે આ ફોટાને કેપ્શન આપ્યું. આ ફોટા શેર કરતા સિદ્ધુએ લખ્યું, "મારા હૃદયમાં સ્થાપિત - યાદો યાદ રાખવા જેવી છે." લોકો સિદ્ધુની પોસ્ટને ખૂબ પસંદ કરી રહ્યા છે. ૭,૦૦૦ થી વધુ લોકોએ તેને લાઈક કરી છે, અને ઘણા લોકોએ તેના પર ટિપ્પણી પણ કરી છે.નવજોત સિંહ સિદ્ધુ લાંબા સમયથી રાજકારણથી દૂર છે. તેઓ ટેલિવિઝન અને કોમેન્ટ્રીમાં પાછા ફર્યા છે. તેમની પત્ની નવજોત કૌરે એક નવી પાર્ટી બનાવવાનો સંકેત આપ્યો છે. જો તેઓ રાજકારણમાં પાછા ફરે છે, તો તેઓ કોંગ્રેસ કે ભાજપમાંથી કોઈ માટે ચૂંટણી લડશે નહીં. જો તેમની પત્ની પાર્ટી બનાવે છે, તો શક્ય છે કે નવજોત સિંહ સિદ્ધુ અને તેમની પત્ની બંને ચૂંટણી લડી શકે. જોકે, બંને પક્ષો દ્વારા કોઈ ઔપચારિક જાહેરાત કરવામાં આવી નથી.

નવજોત સિંહ સિદ્ધુ ૨૦૦૪ માં ભાજપમાં જોડાયા. તેઓ સૌપ્રથમ અમૃતસર લોકસભા બેઠક જીતીને સંસદ પહોંચ્યા. જોકે, ૧૫ જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ તેઓ કોંગ્રેસમાં જોડાયા. કોંગ્રેસમાં જોડાયા બાદ, તેમણે અમૃતસર પૂર્વ વિધાનસભા બેઠક પર ચૂંટણી લડી અને જીત મેળવી. જુલાઈ ૨૦૨૧ માં, કોંગ્રેસ હાઈકમાન્ડે તેમને પંજાબ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા. ૨૦૨૨ની સામાન્ય ચૂંટણીમાં નવજોત સિંહ સિદ્ધુ આમ આદમી પાર્ટીના જીવન જ્યોત કૌર સામે હારી ગયા હતા.નોંધનીય છે કે જ્યારે નવજોત સિંહ સિદ્ધુ મે મહિનામાં વૃંદાવન ગયા હતા, ત્યારે તેમણે પોતે કહ્યું હતું કે તેઓ ધાર્મિક યાત્રા પર હતા.

# ભારતનો બાંગ્લાદેશ પ્રવાસ ફરી એકવાર મુલતવી રાખવામાં આવી શકે છે,તમીમ ઈકબાલ

ઢાકા,

ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ ફરી એકવાર બાંગ્લાદેશને મોટો ફટકો આપી શકે છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ તમીમ ઈકબાલે સંકેત આપ્યો છે કે ભારતીય ટીમનો બાંગ્લાદેશ પ્રવાસ ફરી એકવાર મુલતવી રાખવામાં આવી શકે છે. અહેવાલ મુજબ, તમીમે કહ્યું કે હાલમાં બીસીબી અને બીસીસીઆઈ વચ્ચે શ્રેણી અંગે ચર્ચા ચાલી રહી છે.

શેડ્યૂલ મુજબ, ભારત ગયા વર્ષે ઓગસ્ટમાં બાંગ્લાદેશનો પ્રવાસ કરવાનું હતું, પરંતુ તે સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી મુલતવી રાખવામાં આવ્યું હતું.બીસીબીએ જાન્યુઆરીમાં જાહેરાત કરી હતી કે ભારતીય ટીમ ઢાકા અને ચિત્તાગોંગમાં ત્રણ વનડે અને એટલી જ ટી ૨૦ મેચોની શ્રેણી રમશે. જોકે,બીસીસીઆઈએ હજુ સુધી પ્રવાસ અંગે સત્તાવાર જાહેરાત કરી નથી.

અહેવાલો અનુસાર, પ્રથમ વનડે ૩ સપ્ટેમ્બરે યોજાવાની છે. જો કે, તેના બે અઠવાડિયા પહેલા, શ્રેણી યોજાશે કે નહીં તે અંગે અનિશ્ચિતતા હતી. ઢાકામાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, તમીમે વય-જૂથ ટુર્નામેન્ટ, ગેમ ડેવલપમેન્ટ ટ્રોફીની જાહેરાત કરી. બોર્ડે ટુર્નામેન્ટનું શેડ્યૂલ પણ જાહેર કર્યું, જે મુજબ બધી મેચ ૨૮ ઓગસ્ટથી ૯ સપ્ટેમ્બર દરમિયાન શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમમાં રમાશે.

જ્યારે પૂછવામાં આવ્યું કે શું આ ટુર્નામેન્ટનો અર્થ એ છે કે ભારત બાંગ્લાદેશનો પ્રવાસ નહીં કરે, ત્યારે તમીમે કહ્યું કે શેડ્યૂલમાં કેટલાક ફેરફારો થઈ શકે છે. "બંને ક્રિકેટ બોર્ડ આ શ્રેણીની ચર્ચા કરી રહ્યા છે. તારીખોમાં કેટલાક ફેરફારો થઈ શકે છે," તમીમે કહ્યું. "ટુર્નામેન્ટ મીરપુરમાં યોજાવાની છે, પરંતુ તેને બે મિનિટમાં બાસુંધરા ગ્રાઉન્ડમાં ખસેડી શકાય છે. જો ભારતનો પ્રવાસ અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે, તો અમે તે મુજબ શેડ્યૂલ બનાવીશું."

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી જ્યારે કોલકાતા નાઈટ રાઈડર્સએ મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલમાંથી બહાર કરી દીધો. ત્યારબાદ, અમીનુલ ઈસ્લામની આગેવાની હેઠળના બીસીબીએ ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમ મોકલવાનો ઈનકાર કર્યો, જેનું સહ-યજમાન ભારત હતું.

# પાકિસ્તાની મહિલા ટીમની ભૂતપૂર્વ ખેલાડી ઉરૂજ મુમતાઝે કેપ્ટન બાબર આઝમની આકરી ટીકા કરી

હેડિંગ્લી,

પાકિસ્તાન ક્રિકેટ ટીમ હાલમાં ત્રણ ટેસ્ટ મેચની શ્રેણી માટે ઈંગ્લેન્ડના પ્રવાસે છે, જેની પહેલી મેચ ૧૯ ઓગસ્ટના રોજ હેડિંગ્લી ખાતે રમાશે. પાકિસ્તાની ટીમ તેમના કેપ્ટન બાબર આઝમ વિના રમી રહી છે, જે વોર્મ-અપ મેચમાં જમણા હાથની ઈજાને કારણે બહાર છે. આ ટેસ્ટમાં ન રમવા છતાં, પાકિસ્તાની કેપ્ટન બાબર આઝમને નોંધપાત્ર ટીકાનો સામનો કરવો પડ્યો છે, જેનું મુખ્ય કારણ પાકિસ્તાની ટીમની ઝડપી બોલિંગમાં સતત ઘટાડો છે. આ ટેસ્ટ શ્રેણી માટે કોમેન્ટ્રી પેનલનો ભાગ રહેલી પાકિસ્તાન મહિલા ટીમની ભૂતપૂર્વ ખેલાડી ઉરૂજ મુમતાઝે પાકિસ્તાન ટીમના વિશ્વ કક્ષાના ઝડપી બોલિંગના પતન માટે બાબર આઝમને જવાબદાર ઠેરવ્યા. તેમણે સ્થાનિક ક્રિકેટમાં પણ ફ્લેટ પિચો બનાવવાને પ્રાથમિકતા આપી, જેનાથી ઝડપી બોલરો તેમની ક્ષમતાઓ દર્શાવી શકતા નથી.





ઈંગ્લેન્ડ સામે હેડિંગ્લી ટેસ્ટના પહેલા દિવસે લંચટાઈમ શો દરમિયાન સ્કાય સ્પોર્ટ્સ પર બોલતા ઉરૂજ મુમતાઝે કહ્યું કે જ્યારે બાબર કેપ્ટન હતો, ત્યારે તે ફ્લેટ પિચો ઈચ્છતો હતો અને ઈચ્છતો હતો કે બેટ્સમેન રમત પર પ્રભુત્વ મેળવે. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં પણ, પીચો પરથી ઘાસ દૂર કરવામાં આવ્યું હતું. આ પગલાથી ઝડપી બોલરો મુશ્કેલ સ્થિતિમાં મુકાઈ રહ્યા હતા; તેમને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં કોઈ ટેકો મળી રહ્યો ન હતો, અને બેટ્સમેનોને કોઈ વાસ્તવિક પડકાર વિના રન બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી. આ તે સ્થાન છે જ્યાં મને લાગે છે કે તેઓએ પોતાનો વેગ ગુમાવ્યો હતો. શાહીન શાહ આફ્રિદીની શરૂઆત શાનદાર રહી હતી, પરંતુ તેની ઈજા બાદ, તેનું ફોર્મ સતત ઘટતું ગયું છે. નસીમ શાહ ક્યાંય દેખાતો નથી, અને હરિસ રૌફ તેની કારકિર્દીની શરૂઆતમાં જે ગતિથી બોલિંગ કરતો હતો તે ગતિથી બોલિંગ કરતો હોય તેવું લાગતું નથી. મારું માનવું છે કે આ એટલા માટે છે કારણ કે આપણે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે ઝડપી બોલરોને ટેકો આપ્યો નથી, અને ઓલરાઉન્ડરો પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

# યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં ઈનામી રકમનું બજેટ ૧૦૦૦ કરોડ સુધી વધારાયું

વોશિંગ્ટન,

યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ ટેનિસ ઈતિહાસમાં સૌથી મોટી ઈનામી રકમ ઓફર કરવા માટે તૈયાર છે. ૨૦૨૬ માં પુરુષો અને મહિલા સિંગલ્સ ટાઈટલના વિજેતાઓને આશરે રૂ. ૪૬ કરોડ (૫.૫ મિલિયન) ની ઈનામી રકમ મળશે. વધુમાં, ટુર્નામેન્ટમાં ભાગ લેનારા તમામ ખેલાડીઓ માટે કુલ ઈનામી રકમ આશરે ૧૦૦૦ કરોડ (યુએસ ૧૦૮ મિલિયન) સુધી વધારી દેવામાં આવી છે. યુએસ ટેનિસ એસોસિએશનએ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જ આ જાહેરાત કરી હતી. આ વર્ષે ખેલાડીઓમાં વહેંચાયેલી કુલ



ઈનામી રકમ ગયા વર્ષ કરતાં ૨૦ ટકા વધુ અને ૨૦૨૪ કરતાં ૪૪ ટકા વધુ છે.

૨૦૨૫માં, કાર્લોસ અલ્કારાઝ અને આર્યના સબાલેન્કાએ ૫ મિલિયનની ઈનામી રકમ જીતી હતી, જે ૨૦૨૬માં વધુ વધી ગઈ છે. નોંધપાત્ર રીતે, આ વખતે, ફક્ત વિજેતાઓને જ નહીં, પરંતુ ટુર્નામેન્ટમાં ભાગ લેનારા દરેક ખેલાડીને ફાયદો થશે. પ્રથમ રાઉન્ડમાં હાર્યા પછી ૧૨૮ ખેલાડીઓના મુખ્ય ડ્રોમાં બહાર થઈ ગયેલા ખેલાડીઓને પણ આશરે ૧૩.૪ મિલિયન (યુએસ૧૪૦,૦૦૦) ની રેકોર્ડ ઈનામી રકમ મળશે.

ક્વાર્ટર ફાઈનલમાં પહોંચનારા ખેલાડીઓને આશરે ૭૪.૬ મિલિયન (૭૮૦,૦૦૦) અને સેમિફાઈનલમાં પહોંચનારા ખેલાડીઓને આશરે ૧૩૮.૮ મિલિયન (૧.૪૫ મિલિયન) મળશે. રનર-અપ, અથવા ફાઈનલમાં હારી જનાર ખેલાડીને આશરે ૨૬૮.૦ મિલિયન (૨.૮ મિલિયન) મળશે, જેનો અર્થ છે કે ચેમ્પિયનને રનર-અપ કરતા લગભગ બમણી રકમ મળશે. વધુમાં, ડબલ્સ મેચ રમનારા ખેલાડીઓને પણ આ વખતે વધેલી ઈનામી રકમનો લાભ મળશે.

# સ્ત્રી-કેન્દ્રિત ફિલ્મનું શૂટિંગ અને પ્રમોશન કરવું સરળ નથી : અભિનેત્રી અનુપમા પરમેશ્વરમ



મુંબઈ,

અભિનેત્રી અનુપમા પરમેશ્વરને ધ્યાન વર્માની યુટ્યુબ ચેનલ પર તેના સંબંધો વિશે અનેક ખુલાસા કર્યા છે. તેણીએ વર્ણવ્યું છે કે તેના જીવનસાથીએ તેમના સંબંધો દરમિયાન તેનું કેવી રીતે શોષણ કર્યું. અનુપમાએ કહ્યું કે એક સમયે, હું અગિયાર બાળકોનું સ્વપ્ન જોતી હતી. પરંતુ આ સંબંધ પછી, મને હવે બાળકો નથી જોઈતા. મારા બોયફ્રેન્ડે ઘણીવાર મને મારા આત્મવિશ્વાસ અને વ્યાવસાયિક સિદ્ધિઓ વિશે ખૂબ જ ખરાબ અનુભવ કરાવ્યો. આ સંબંધે મારા ઘણા નિર્ણયો, મારા અંગત જીવન અને કારકિર્દી બંનેમાં પ્રભાવિત કર્યા. મને ઘણીવાર સ્ત્રી હોવાનો અને અભિનેતા હોવાનો શરમ અનુભવાતી હતી.વધુમાં, અનુપમા પરમેશ્વરને તેની વાતચીતમાં કહ્યું, "પછી ભલે તે તમારા માસિક ધર્મનો પહેલો દિવસ હોય, પાંચમો દિવસ હોય, દસમો દિવસ હોય, પંદરમો દિવસ હોય, વીસમો દિવસ હોય, પચીસમો દિવસ હોય, કોઈપણ દિવસ હોય. જો તમે કોઈ પુરુષને તેની ભૂલ વિશે પૂછો, તો તે કહેશે, 'અરે, તમને પીએમએસ થઈ રહ્યો છે, તમારો માસિક ધર્મ હજુ આવવાનો બાકી છે.જ્યારે તે આ કહેતો ત્યારે મને ખૂબ શરમ આવતી.

# કેબીસી પર સુનિધિ ચૌહાણે અમિતાભ બચ્ચનને પોતાનો પહેલો ક્રશ ગણાવ્યો, બિગ બીના જવાબે દિલ જીતી લીધા

મુંબઈ,

અમિતાભ બચ્ચન ઉદ્યોગમાં તેમના શરૂઆતના વર્ષોમાં બોલિવૂડના શ્રેષ્ઠ અભિનેતાઓમાંના એક હતા, અને દાયકાઓ પછી પણ, લોકો તેમના કામને ભૂલી શક્યા નથી. તેઓ એક સર્વવ્યાપી પ્રિય અભિનેતા છે, જેને લોકો તરફથી અપાર પ્રેમ મળ્યો છે. હવે, પ્લેબેક સિંગર સુનિધિ ચૌહાણે પણ બિગ બી પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે. બોલિવૂડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચનના ક્વિઝ શો "કૌન બનેગા કરોડપતિ ૧૮" માટેનો એક નવો પ્રોમો સામે આવ્યો છે, જે એક ખાસ કારણસર ચર્ચાનો વિષય બન્યો છે. આ નવીનતમ પ્રોમોમાં, ગાયિકા સુનિધિએ પીઢ અભિનેતા



અમિતાભ બચ્ચનને પોતાનો પહેલો ક્રશ ગણાવ્યો છે, જેનાથી તેઓ ખુશ થઈ ગયા છે.

સોની લિવના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરાયેલા પ્રોમોમાં, સુનિધિ ચૌહાણ અભિનેતા અમિતાભ બચ્ચનની પ્રશંસા કરતી જોવા મળે છે. તે કહે છે, "અમે તમને ઘણા જુદા જુદા અવતારમાં જોયા છે. તમે મારા માટે સાન્તાક્લોઝ છો. તમે મારા પહેલા ક્રશ હતા." બિગ બી તેને અટકાવે છે અને જવાબ આપે છે, "તમને મારા પર ક્રશ હતો, પણ તમે હવે તે જાહેર કરી રહ્યા છો, તમે મને ત્યારે કહ્યું ન હતું." બિગ બીનો જવાબ સાંભળીને, સુનિધિ સ્મિતમાં ફસાઈ જાય છે. અમિતાભ બચ્ચનના પ્રતિભાવની સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રશંસા થઈ રહી છે.

સુનિધિ પછી હોટ સીટ પર પોતાની ગાયકી પ્રતિભા દર્શાવે છે, જેનાથી એપિસોડ એક મીની કોન્સર્ટમાં ફેરવાઈ જાય છે. તે ૨૦૦૬ ની ફિલ્મ "ડોન" માંથી "યે મેરા દિલ" ગાય છે. આ ગીત મૂળ બિગ બીના "ડોન" નો ભાગ હતું અને આશા ભોંસલે દ્વારા ગાયું હતું. અમિતાભ તેમના અભિનયથી મંત્રમુગ્ધ થઈ જાય છે અને તેમને હૃદયપૂર્વક બિરદાવે છે.કૌન બનેગા કરોડપતિ સીઝન ૧૮ નું પ્રીમિયર ૧૦ ઓગસ્ટના રોજ રાત્રે ૯ વાગ્યે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન અને સોની લિવ પર થયું, જેના એપિસોડ સોમવારથી શુક્રવાર સુધી પ્રસારિત થશે. નવી સીઝન એ વિચાર પર આધારિત છે કે આજના યુગમાં, જ્યારે માહિતી દરેક માટે ઉપલબ્ધ છે, ત્યારે વાસ્તવિક ફાયદો તેને સમજવા, એકીકૃત કરવા અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતામાં રહેલો છે. આમિર ખાન, સની દેઓલ અને પ્રીતિ ઝિન્ટા તેમની ફિલ્મ "પાર્ટીશન ૧૯૪૭" ના પ્રમોશન માટે પ્રીમિયર એપિસોડમાં જોડાયા હતા.અમિતાભ કૌન બનેગા કરોડપતિ ૧૮નું હોસ્ટિંગ કરી રહ્યા છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અં | ઓ | ડો | ભા | પ્રા | ળો | દ | કા | ગ | પ્ર | ડી | ઇ |
| ર | ખ | તી | ધ | મા | વિ | ક | ચા | પ્ર | કા | સા | ધ |
| સ | ગ | મ | ગં | ણિ | ભો | ર | લ | બ | ર | અં | દ |
| ળ | ક | હિ | સા | ક | વા | ણ | ળ | કા | રા | ણ | ર |
| રો | લ | મા | બા | સા | ક | કા | આ | ઉ | અં | બ | કા |
| બં | ધ | દ | ધ | ઓ | જી | વા | મ | ધ | જ | ફ | ર |
| ર | બા | દ | અ | સ | કા | ર | ણ | કા | ણિ | ર | ળ |
| કી | ઇ | અં | બૂ | લ | હિ | શ | શિ | જી | અ | જ | ર |
| દ | કા | તુ | કા | મ | ણા | પ્ર | મા | દ | ર | ફ | ભ |
| ભો | ણા | લ | ચા | જ્ઞા | વા | ક | કા | લા | કી | મ | ગં |
| ઊ | સા | હા | કા | લા | અ | ળ | દ | ધ | રો | હિ | બં |
| ચા | દ | મ | અઃ | ઊ | ગ | સા | કા | ર | ર | ચી | ન |

શબ્દ શોધો

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# બાહુબલી, સાહો, સલાર અને અન્ય ફિલ્મોના શૂટિંગ દરમિયાન પણ પ્રભાસને ઘણી ઈજાઓ થઈ હતી





હૈદરાબાદ,

શૂટિંગ દરમિયાન ઈજાઓ થવી એ આખા ભારતના સુપરસ્ટાર પ્રભાસ માટે કંઈ નવી વાત નથી. 'બાહુબલી', 'સાહો', 'સલાર' અને અન્ય ફિલ્મોના શૂટિંગ દરમિયાન તેમને ઘણી ઈજાઓ થઈ છે, પરંતુ તેમણે ક્યારેય હાર માની નથી. તાજેતરમાં, હૈદરાબાદની એપોલો હોસ્પિટલ્સના એક ઓર્થોપેડિક સર્જને પ્રભાસ સાથે એક ફોટો પોસ્ટ કર્યો અને તેના "ખાનગી બલિદાન" વિશે લખ્યું, સાથે સાથે સ્વાસ્થ્ય અપડેટ પણ. પોસ્ટ વાયરલ થયા બાદ ચાહકો પ્રભાસના સ્વાસ્થ્ય વિશે ચિંતિત છે અને તેમના સ્વસ્થ થવાની આશા રાખી રહ્યા છે.હૈદરાબાદની એપોલો હોસ્પિટલ્સના ઓર્થોપેડિક સર્જન કે.જે. રેડ્ડી, ૩૫ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા ઘૂંટણ, હિપ અને રમતગમતની ઈજાઓમાં નિષ્ણાત છે અને ૧૦૦,૦૦૦ થી વધુ સર્જરી કરી છે. તેમણે તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પ્રભાસ સાથેનો ફોટો પોસ્ટ કર્યો અને લખ્યું, "કેટલાક લોકો તેમની સફળતાથી તમને પ્રેરણા આપે છે, જ્યારે અન્ય લોકો તેમના નમ્ર સ્વભાવથી કાયમી છાપ છોડી જાય છે." ફોટામાં, પ્રભાસ ડૉક્ટર સાથે હસતો જોવા મળે છે. સર્જને ફોટોનું કેપ્શન આપ્યું, "સફળતાથી આગળ પ્રેરણા. જ્યારે તમે સફળ વ્યક્તિને જુઓ છો, ત્યારે તમે ફક્ત તેમની જાહેર સિદ્ધિઓ જુઓ છો, તેમના સુધી પહોંચવા માટે તેમણે કરેલા વ્યક્તિગત બલિદાનને નહીં."

# પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અભિનેત્રી સોવકર જાનકીનું ૯૪ વર્ષની વયે અવસાન

ચેન્નાઈ,

પદ્મશ્રી પુરસ્કાર વિજેતા સોવકર જાનકીનું ૯૪ વર્ષની વયે અવસાન થયું છે. તેમણે ચેન્નાઈની એક ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા. તેઓ છેલ્લા કેટલાક સમયથી શ્વાસ લેવામાં તકલીફ અને વય સંબંધિત ગૂંચવણોથી પીડાતા હતા. તાજેતરમાં, તેમની તબિયત ફરી બગડી, અને તેમના પરિવારે તેમને ચેન્નાઈની કાવેરી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તેમનું અવસાન થયું. નદીગર સંગમના પ્રમુખ નાસરે પણ આ દુઃખદ સમાચારની પુષ્ટિ કરી. તાજેતરમાં, અભિનેતા કાયલ દેવરાજે સોવકર જાનકીના હોસ્પિટલમાં દાખલ થવાના સમાચાર સોશિયલ મીડિયા પર શેર કર્યા અને તેમના સ્વાસ્થ્ય વિશે માહિતી આપી.



સોવકર જાનકીએ ૧૯૫૦ માં એલ.વી. પ્રસાદ દ્વારા દિગ્દર્શિત તેલુગુ ફિલ્મ "શાવુકારુ" થી ફિલ્મમાં પ્રવેશ કર્યો. ૧૯૫૨માં ટી.આર. સુંદરમ દ્વારા દિગ્દર્શિત "વલયપતિ" ફિલ્મથી તેણીએ તમિલ સિનેમામાં પ્રવેશ કર્યો. વર્ષોથી, જાનકીએ તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ ફિલ્મોમાં કામ કર્યું છે. ૧૯૫૯માં, તેણીએ કન્નડ સિનેમાની પહેલી અખિલ ભારતીય ફિલ્મ "મહિષાસુર મર્દિની" માં ડૉ. રાજકુમાર સાથે અભિનય કર્યો હતો. આ ભાષામાં તેણીની પહેલી ફિલ્મ ૧૯૫૪માં "દેવકન્નિકા" હતી. તેણીએ ૧૯૬૪માં આવેલી ફિલ્મ "સ્કૂલ માસ્ટર" સાથે મલયાલમ સિનેમામાં પ્રવેશ કર્યો હતો.

# બોરતળાવમાં ગંદુ પાણી, જન્મ-મરણના દાખલામાં વિલંબ અને પ્રજાના નાણાંના વ્યય મામલે વિપક્ષનો હલ્લાબોલ

## મેયર ઉષાબેન તલરેજાના અધ્યક્ષસ્થાને મ્યુ. સાધારણ સભામાં ૭ ઠરાવો મંજૂર; રેલવેની દીવાલ પર રંગીન ચિત્રોના મુદ્દે શાસક પક્ષ ઘેરાયો





ભાવનગર,તા.૨૨

ભાવનગર મહાપાલિકાના સભા ગૃહ ખાતે મેયર ઉષાબેન તલરેજાના અધ્યક્ષ સ્થાને સાધારણ સભા મળી હતી. આ સભામાં આર્થિક સહાય, રહેમરાહે નિમણૂંક તેમજ ફ્લાયઓવર નીચે રમતગમતની પ્રવૃત્તિઓ માટે યુઝર ચાર્જ નક્કી કરવા સહિતના વિવિધ ૭ મહત્વના ઠરાવોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. સભાના પ્રારંભે શાસક પક્ષના સભ્યોએ વોર્ડની સુવિધાઓના ગુણગાન ગાયા હતા. ડ્રેનેજના ટ્રીટેડ પાણી અંગે વિપક્ષના કટાક્ષ પર કમિશનરે સ્પષ્ટતા કરી હતી કે તે પીવા માટે યોગ્ય નથી.

જોકે, સભા દરમિયાન વિપક્ષી નગરસેવકોએ લોકપ્રશ્નો મુદ્દે શાસક પક્ષને આડેહાથ લીધો હતો. કોંગ્રેસના નગરસેવક જયદિપસિંહ ગોહિલે ગંભીર આક્ષેપ કર્યો હતો કે બોરતળાવમાં સિદસરનું ડ્રેનેજનું ગંદુ પાણી ઠાલવવામાં આવી રહ્યું છે, જે લોકોને પીવડાવાઈ રહ્યું છે. ભૂતકાળમાં તળાવમાં પમ્પિંગ સ્ટેશન બનાવીને બુદ્ધિનું પ્રદર્શન કરાયું હોવા અંગે તેમણે રોષ વ્યક્ત કર્યો હતો, જે મુદ્દે તંત્ર મૌન રહ્યું હતું. આ ઉપરાંત, જન્મ-મરણના દાખલા મેળવવામાં અરજદારોને પડી રહેલી હાડમારીનો મુદ્દો પણ ગુંજ્યો હતો. આ અંગે સ્ટેન્ડિંગ ચેરમેન કિશન મહેતાએ બચાવ કરતા જણાવ્યું હતું કે, બાંગ્લાદેશીઓ દ્વારા થતા મિસયૂઝને રોકવા કેન્દ્ર સરકાર સોફ્ટવેર અપડેટ કરી રહી છે. હાડમારી બદલ માફી માગતા તેમણે ઉમેર્યું હતું કે ટૂંક સમયમાં આ પ્રશ્ન હલ થઈ જશે. બીજી તરફ, નગરસેવક કિશન મેરે રેલવેની દીવાલ પર લાખોના ખર્ચે રંગીન ભીતચિત્રો બનાવ્યા બાદ દીવાલ પાડી દેવાતા પ્રજાના નાણાંનો વ્યય થયો હોવાનો અને ટેન્ડર વગર કામ અપાયાનો આરોપ લગાવ્યો હતો. સભામાં સફાઈ કામદારો વ્યાજખોરીનો ભોગ બન્યા હોવાનો અને તેમના એટીએમ કાર્ડ વ્યાજખોરો પાસે હોવાનો વિપક્ષી સભ્યોએ ધડાકો કરી પગાર સીધો કામદારો સુધી પહોંચાડવા માંગ કરી હતી. આ ચર્ચામાં શાસક અને વિપક્ષના અનેક કોર્પોરેટરોએ ભાગ લીધો હતો.

## ખેડુતવાસમાં દશામાંને ધરાવાયો ૫૬ ભોગ





શહેરના ખેડુતવાસ ટેકરી ચોક ખાતે અંજલી કુવર અને જયશ્રી કુવર દ્વારા દશામાં મહોત્સવની દસ દિવસ ભારે શ્રધ્ધા અને ભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. દશામાંના મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયેલ જ્યારે ગત ગુરૂવારે માતાજીને ૫૬ ભોગ ધરાવવામાં આવ્યો હતો. દશામાં મહોત્સવની પૂર્ણાહૂતિ થતા વાજતે ગાજતે ભવ્ય વિસર્જન યાત્રા નીકળી હતી જેમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## અગિયાળીના યુવકને મહિલા સહિત ત્રણે માર માર્યો

ભાવનગર,તા.૨૨

સિહોરના અગિયાળી ગામે રહેતા નટુભાઈ મણીર નટુભાઈ મણીશંકરભાઈ જાનીએ સિહોર પોલીસ મથકમાં ગીરીશ ભાયશંકરભાઈ પંડ્યા, મમતાબેન ગીરીશભાઈ પંડ્યા અને હિતેષ ભાયશંકરભાઈ પંડ્યા સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉક્ત ગીરીશભાઈના અગાઉના કેસમાં તેઓ સાક્ષી હોય અને ગીરીશભાઈના કહ્યાં મુજબ કોર્ટમાં જુબાની આપી ના હોય તેની દાઝે ઉક્ત લોકોએ છરી, ઢીકાપાટુંનો માર મારી અપશબ્દો કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે સિહોર પોલીસે ગુનો નોંધ્યો છે.

## સિહોર રેલ્વે સ્ટેશન પર લાયસન્સ વિના શીંગ દાળ વેંચતા શખ્સ સામે કાર્યવાહી

સિહોર,તા.૨૨

ભાવનગર રેલ્વે પોલીસ દ્વારા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા અને મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન, સિહોર રેલ્વે સ્ટેશન પર બોટાદ-ભાવનગર ટ્રેનમાં મુસાફરોને અડચણરૂપ થાય તે રીતે એક ઈસમ દ્વારા શીંગ, દાળ અને બિસ્કિટ જેવી ચીજવસ્તુઓની ફેરી કરવામાં આવતી હતી.

પોલીસના માણસોએ તે ઈસમને રેલ્વે હદ બહાર જતા રહેવા સૂચના આપી હતી, પરંતુ તેણે આ સૂચનાનું ઉલ્લંઘન કરી ફરીથી અન્ય કોચમાં જઈને વેચાણ ચાલુ રાખ્યું હતું. પોલીસની તપાસમાં પકડાયેલા શખ્સનું નામ નિલેશભાઈ ગોવિંદભાઈ મકવાણા (રહે. ધોળા જંકશન, તા. ઉમરાળા) હોવાનું સામે આવ્યું છે. આ વ્યક્તિ પાસે રેલ્વે હદમાં વેચાણ કરવા માટે કોઈ પણ પ્રકારની પાસ, પરમિટ કે લાઈસન્સ ન હોવાથી તે ગેરકાયદેસર જણાતા પોલીસે જી.પી. એક્ટની કલમ ૧૨૦, ૧૦૨ અને ૧૧૭ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની આ કામગીરીથી ગેરકાયદેસર ફેરી કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

## લઠ્ઠાકાંડ મામલે ગૃહમંત્રીના કટઆઉટ સાથે રોયલ સ્ટેગની બોટલ દર્શાવી 'આપ'નો દેખાવ



તસવીર : ધવલ વાજા

ભાવનગરના લઠ્ઠાકાંડ બાદ રાજકારણ ગરમાયું છે. આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા બાદ કોંગી ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ પણ ભાવનગરમાં ધરણા કરી આક્રમક નિવેદનો આપ્યા હતા. દરમિયાન આજે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ કલેક્ટર કચેરી ખાતે કલર યુક્ત પાણી ભરેલી રોયલ સ્ટેગની બોટલ અને પોટલીઓ સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આપ કાર્યકરોએ ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીના કટઆઉટ સાથે સૂત્રોચ્ચાર કરી રસ્તા પર બેસીને વિરોધ કરતા પોલીસે યુવા નેતા બ્રિજરાજ સોલંકી સહિતના કાર્યકરોના ડિટેઈન કર્યા હતા.

## રાજયના કૃષિ મંત્રી જીતુ વાઘાણી પરિવાર દ્વારા દ્વારકાધીશ જગતમંદિરે ધ્વજારોહણ



દ્વારકા,તા.૨૨

રાજયના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી પરિવાર દ્વારા યાત્રાધામ દ્વારકામાં આવેલ દ્વારકાધીશ જગતમંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ધ્વજારોહણ બાદ પત્રકારો સાથેની વાતચીતમાં કૃષિ મંત્રીએ જિલ્લામાં વરસાદની ઘટ અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવેલ કે દ્વારકાધીશ પાસે દ્વારકા જિલ્લા ઉપરાંત રાજયના નહિંવત અને ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પણ આગામી સમયમાં સારો વરસાદ થાય તેવી પ્રાર્થના કરી છે. સાથે જ દ્વારકા કોરીડોર પ્રોજેકટ અંગેના પ્રશ્ને આગામી સમયમાં દેશના અન્ય મહત્વપૂર્ણ તીર્થસ્થળોની જેમ દ્વારકા કોરીડોર પ્રોજેકટથી યાત્રીકોની સુવિધામાં વધારો થશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

## ચાવડીગેટ ડિવિઝનના વિવિધ વિસ્તારોમાં વીજ મેઈન્ટેનન્સ કામગીરી અંતર્ગત વીજકાપ

### PGVCL દ્વારા ત્રણ દિવસ સુધી જુદા જુદા ફીડર હેઠળ સમારકામ હાથ ધરાશે; વીજ ગ્રાહકો માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર

ભાવનગર,તા.૨૨

ભાવનગર શહેરના ચાવડીગેટ સ્થિત પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ સિટી-૧ ડિવિઝન દ્વારા વીજ લાઈન પર જરૂરી અગત્યની મેઈન્ટેનન્સ અને સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીના ભાગરૂપે તા. ૨૪ થી ૨૬ ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં સવારે ૬:૩૦ વાગ્યાથી બપોરે ૧૩:૦૦ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રાખવામાં આવશે.

જેમાં તા. ૨૪ ને સોમવારે ૧૧ KV વિઠ્ઠલવાડી ફીડર હેઠળ આવતા પ્રીત સરોવર હોટલ, GIDC ઓફિસ, વિઠ્ઠલવાડી GIDC, ગવર્મેન્ટ પ્રિન્ટિંગ પ્રેસ (HT), ખોડીયાર આઈસ્ક્રીમ, શેઠ બ્રધર્સ તેમજ ઉદ્યોગનગર ઈન્ડોર વિસ્તારમાં પાવર સપ્લાય બંધ રહેશે. ત્યારબાદ તા. ૨૫ ઓગસ્ટને મંગળવારે ૧૧ KV હલુરીયા ફીડર હેઠળના દીપક ચોકથી વીમાના દવાખાનાવાળો વિસ્તાર, વીમાનું દવાખાનું, દીપક ચોકથી શિશુવિહાર સર્કલ તથા આસપાસનો વિસ્તાર, શિશુવિહાર સર્કલથી બોરડીગેટ, ડૉ. જોગદીયા હોસ્પિટલ, આનંદનગર નવી LIG અને ડૉ. બાબાસાહેબ આંબેડકર માર્ગ પર વીજ પુરવઠો ખોરવાશે. જ્યારે તા. ૨૬ ઓગસ્ટને બુધવારે ૧૧ KV પ્રેસ રોડ ન્યુ ફીડર હેઠળ આવતી ખોડીયાર આઈસ ફેક્ટરી, વાલ્કેટગેટ સબ સ્ટેશનની આજુબાજુનો આંશિક વિસ્તાર, પ્રેસ રોડ, વિનુભાઈ સ્ટીલ (HT), શાલ્ભાઈ ફોરપોલ તેમજ ટેકરી ચોકથી વાલ્કેટગેટ પોલીસ ચોકી અને આસપાસના વિસ્તારોમાં પાવર સપ્લાય બંધ રહેશે. PGVCL દ્વારા ગ્રાહકોને જરૂરી પૂછપરછ કે રજૂઆત માટે ભાવનગર ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર અથવા ટોલ ફ્રી નંબર ૧૯૧૨૨ / ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## નીચા કોટડાના શખ્સને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા

ભાવનગર,તા.૨૨

મહુવાના નીચા કોટડા ગામે રહેતો ગીગા ભાણાભાઈ ભીલ નામના શખ્સે મહુવા સ્થિત ગુજરાત નાગરિક નિધિ લિ.માંથી ૨૦૨૪માં રૂ.૧,૧૧,૦૦૦ની લોન લીધી હતી.ત્યારબાદ શખ્સે લોનના હપ્તા ભરપાઈ ન કરી ચેક આપ્યો હતો. આ ચેક બાઉન્સ થતાં ફાઈનાન્સ કંપની દ્વારા તેમના વકીલ મારફત એન.આઈ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. જે કેસ મહુવાના એડી. ચીફ જ્યુડી. મેજિ એચ.બી. શર્માની કોર્ટમાં ચાલી જતાં રજૂ થયેલા આધાર-પુરાવા, ફરિયાદી પક્ષના વકીલની દલીલો વગેરેને ગ્રાહ્ય રાખી ન્યાયપાલિકાએ આરોપી ગીગા ભીલને તકસીરવાન ઠેરવી એક વર્ષ સાદી કેદની સજા ભોગવવા તેમજ ચેકની રકમની બમણી રકમ રૂ. ૨,૨૨,૦૦૦ નો દંડ અને તેમાંથી રૂ. ૧,૧૧,૦૦૦ની રકમ ફરિયાદીને વાર્ષિક નવ ટકાના વ્યાજ સહિત વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કર્યો છે.

## મહુવાના શેત્રાણાના યુવકને માર મારી ધમકી અપાઈ

ભાવનગર,તા.૨૨

મહુવા તાલુકાના શેત્રાણા ગામે રહેતા પ્રવિણભાઈ ભુપતભાઈ ગોહિલે ખુટવડા પોલીસ મથકમાં પૃથ્વીરાજ અભેશંગભાઈ ગોહિલ અને જગદીશ રશુભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમના માલઢોર ઉક્ત લોકોની વાડીમાં ચરવા જતાં રહેતા ઉક્ત લોકોએ ઉશ્કેરાઈને લોખંડના પાઈપ વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ખુટવડા પોલીસે ગુનો નોંધ્યો છે.

અનુ.પાના ૮નું શરૂ...

## સિહોર પોલીસે ઈંગ્લીશ દારૂની

પેટી આપી ગયો હતો.દરમિયાન લઠ્ઠાકાંડ સામે આવતા બંને બુટલેગરોએ સિહોર તાલુકાના સર ગામની સીમમાં ડુંગર વિસ્તારની વચ્ચે ૧૯ તારીખે રોયલ સ્ટેગની સાડા ચાર પેટીનો નાશ કર્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે બંને શખ્સ પાસેથી રિટઝ કંપનીની ૯૪ બોટલ સહિત ૬૫,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બનાવ સંદર્ભે સિહોર પોલીસે પ્રવીણ જાદવ, અશ્વિન જાદવ અને હરદીપ મોરી સામે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો હતો.


**બોટાદ નગરપાલિકા ટેન્ડર નોટીસ**

બોટાદ નગરપાલિકા ધ્વારા નીચેના કામ માટે આવા કામના જાણકાર આસામીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | લેગેસી વેસ્ટ નિકાલ કરવાનું કામ | રૂા.૩૬,૬૪,૦૦૦/- |

રસ ધરાવતી એજન્સીઓએ ઉકત કામનું ટેન્ડર www.nProcure.com પરથી ડાઉનલોડ કરી ટેન્ડર નોટીસમાં જણાવ્યા મુજબની કાર્યવાહી તા.૧૭/૦૯/૨૬ સુધીમાં પુર્ણ કરવા જણાવવામાં આવે છે.સદરહું કામ અંગે વધુ માહિતી માટે મો-૭૯૮૪૨૪૨૧૩૬ સંપર્ક કરવો

જા.નં.૧૫૬૧ તા.૨૧/૦૮/૨૬ ચીફ ઓફિસર-બોટાદ નગરપાલિકા

માહિતી-ભાવ-૫૬૫-૨૬



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૯૪/૨૦૨૬**

**મરણ તારીખ :૦૫/૦૧/૨૦૦૧**

**શ્રી મનજીભાઈ દુલાભાઈ જાજડીયા,**
**રહે. પ્લોટ નં.૨, શેરી નં.૧, ગુરુનગર, દેસાઈનગર પેટ્રોલપંપ પાછળ,**
**ભાવનગર. મો-૮૩૪૭૧૦૮૩૮૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મનજીભાઈ દુલાભાઈ જાજડીયાએ તેમના પિતા દુલાભાઈ રામજીભાઈ જાજડીયા નું મૃત્યુ તા.૦૫/૦૧/૨૦૦૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૪૦૮/૨૦૨૬**

**મરણ તારીખ :૩૦/૦૫/૨૦૦૦**

**શ્રી સોનલબેન મનુભાઈ ચૌહાણ,**
**રહે. ૧૪, ચિતલ રોડ, પોલિસ હેડ ક્વાર્ટર,**
**અમરેલી. મો-૮૩૪૭૧૦૮૩૮૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોનલબેન મનુભાઈ ચૌહાણએ તેમના દાદા લાલજીભાઈ ગોવીદભાઈ ચૌહાણ નું મૃત્યુ તા.૩૦/૦૫/૨૦૦૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૩૭/૨૦૨૬**

**મરણ તા.૧૯/૦૩/૨૦૦૦**

**શ્રી મનજીભાઈ જીવાભાઈ મોરડીયા,**
**રહે. કમળેજ, તા. જિ.ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી કમળેજ.**
**ગ્રામ પંચાયત કચેરી,મુ કમળેજ,તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મુત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મનજીભાઈ જીવાભાઈ મોરડીયા, રહે કમળેજ, તા.જિ.ભાવનગર તેમના પિતા શ્રી જીવાભાઈ હરીભાઈ મોરડીયાનું મરણ તા. ૧૯/૦૩/૨૦૦૦ રોજ કમળેજ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબ ની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યકિત, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૭/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ**
**મેજીસ્ટ્રેટ ભાવનગર ગ્રામ્ય**



**-: જાહેર નિવિદા :-**

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના કામો માટે રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો/એજન્સી/પેઢી પાસેથી N-PROCURE પોર્ટલ પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ દરેક કામની વિગતવાર માહિતી તથા ટેન્ડર શરતો અમારી વેબસાઈટ www.bmcgujarat.com પર જોઈ શકાશે.

| ક્રમ | કામનું નામ, કિંમત અને ટેન્ડર ભરવાની તારીખ |
|---|---|
| 1 | ફિલ્ટર વિભાગ હસ્તકના તરસમીયા ફિલ્ટર પ્લાન્ટ અને પમ્પીંગ સ્ટેશન ખાતે કલીઅર વોટર લીફટીંગ માટેના ૧૬૦૦ m³ /hr તથા 55 મીટર હેડની કેપેસીટી ધરાવતા hscf પમ્પ મોટર સેટ નંગ-૦૨ વિથ સોફ્ટ સ્ટાર્ટર બેઈઝ mccb પેનલ અને રીલેવન્ટ એસેસરીઝ નાં SITC કામનું રી-ટેન્ડર (બીજો પ્રયત્ન) અંદાજિત રકમ:-1,09,00,782 /- ટેન્ડર ભરવાની તારીખ :- 22/08/2026 થી 31/08/2026 |

જનસંપર્ક અધિકારી
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

માહિતી-ભાવ-૫૬૧-૨૬



**અધિસુચન / જાહેર નોટીસ**

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.-૩૧(વરતેજ),૩૬(ફરીયાદકા),૩૭(વરતેજ)**

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) તથા ૪૨(૨)**

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ-૧૯૭૯ના નિયમ-૧૮ તથા ૧૯**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬ની કાયદાકીય જોગવાઈ અનુસરીને ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા તેની હકુમત હેઠળના વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૧(વરતેજ),૩૬(ફરીયાદકા),૩૭(વરતેજ) તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.આ હેતુસર ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૬ની બોર્ડ બેઠકમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૧(વરતેજ)ના ઠરાવ ક્રમાંક:૦૩-૧૦-૩/૨૦૨૬,૩૬(ફરીયાદકા)ના ઠરાવ નં.૦૪-૧૦-૩/૨૦૨૬,૩૭(વરતેજ)ના ઠરાવ નં.૦૨-૧૦-૩/૨૦૨૬થી સદર યોજનાનો ઈરાદો તા.૦૬/૦૫/૨૦૨૬થી જાહેર કરી અધિનિયમની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ તેની સંપૂર્ણ વિગતો સાથે દૈનિક ગુજરાતી વર્તમાનપત્ર " સૌરાષ્ટ્ર સમાચાર ","સૌરાષ્ટ્ર આસપાસ","સંદેશ ન્યુઝ","આજકાલ" તથા "પગદંડી"માં તા.૨૬/૦૫/૨૦૨૬નાં રોજ અને સરકારી રાજ્યપત્રમાં તા.૨૨/૦૫/૨૦૨૬નાં રોજ જાહેર પ્રસિધ્ધિ કરાયેલ હતી.ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા ઉકત અધિનિયમની કાયદાકીય જોગવાઈઓ અનુસર્યા બાદ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૭ અન્વયે જમીન માલિકોની સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૭(વરતેજ) તા.૧૮/૦૮/૨૦૨૬,૩૬ (ફરીયાદકા) તા.૧૯/૦૮/૨૦૨૬ તથા ૩૧(વરતેજ) તા.૨૦/૦૮/૨૦૨૬ના રોજ સભા બોલાવી જરૂરી સમજુતી આપી રજૂઆતો/વાંધા સૂચનો મેળવાયેલા.

ઉપરોકત જમીન માલિકોની સભા બાદ તથા ઉક્ત જાહેર નોટીસ અન્વયે રજૂ થયેલા વાંધા સૂચનોને ગુણવતાના ધોરણે વિચારણામાં લઈ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૬ની કલમ-૪૨ તથા તે અન્વયેના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ તથા ૧૯ની જોગવાઈઓ અન્વયે યોજનાનો મુસદ્દો લોકોના વાંધા સૂચનો મેળવવા સારૂ આજ રોજના તા.૨૧/૦૮/૨૦૨૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવે છે.આ મુસદ્દારૂપ નગર રચના યોજનાના નકશાઓ, એફ-ફોર્મ,સુવિધા ખર્ચની વિગતો,પત્રકો વિગેરે નીચેના સરનામે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખેલ છે તથા સમજાવવાની વ્યવસ્થા કરેલ છે.આ અધિસુચન/જાહેર નોટીસ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાથી ૧(એક) મહિનાની અંદર આ યોજનામાં અસર પામતી કોઈપણ વ્યકિત યોજનાની દરખાસ્ત સબંધે કોઈપણ વાંધા,સુચન,રજૂઆત જરૂરી આધાર પુરાવા સાથે નીચે દર્શાવેલ સરનામે લખી જણાવશે તો તે વાંધા,સુચન,રજૂઆત ગુણવતાના ધોરણે ધ્યાને લઈ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરી સદર કાયદાની કલમ-૪૮(૧) અન્વયે સદર મુસદ્દારૂપ યોજના સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર કરવામાં આવશે.જેની સર્વે લાગતાં-વળગતાએ નોંધ લેવી.

ક્રમાંક : મુ.ન.ર.યો.નં.૩૧(વરતેજ),૩૬(ફરીયાદકા),૩૭(વરતેજ)/પ્રસિધ્ધિ/
તારીખ: ૨૧/૦૮/૨૦૨૬

મુખ્ય કારોબારી અધિકારી
વિસ્તાર વિકાસ સતામંડળ
ભાવનગર

સરનામું:
ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ,
"મહાત્મા ગાંધી સદન", મોતીબાગ,
ટાઉન હોલ પાછળ,
ભાવનગર-૩૬૪૦૦૧.

માહિતી-ભાવ-૫૫૮-૨૬

# ઉત્તર પ્રદેશમાં ગેરકાયદેસર પાન મસાલા અને તમાકુ ઉત્પાદન નેટવર્કનો પર્દાફાશ

## DGGIએ ૨૭ જાહેર ન કરાયેલ પાઉચ-પેકિંગ મશીનો જપ્ત કર્યા, આશરે ૧૮૫ કરોડની કરચોરીનો ખુલાસો થયો

લખનઉ,

DGGIની લખનઉ ઝોનલ યુનિટે ઉત્તર પ્રદેશના ચિત્રકૂટ અને બાંદા જિલ્લાના છ પરિસરમાં ફેલાયેલા પાન મસાલા, સુગંધી જરદા અને ગુટખાના ગુપ્ત ઉત્પાદન ઓપરેશનનો પર્દાફાશ કર્યો છે. યુનિટ દ્વારા વિકસાવવામાં આવેલી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી

કરીને, અધિકારીઓએ ૧૮.૦૮.૨૦૨૬ ની મધ્યરાત્રિની આસપાસ આ પરિસરોમાં સંકલિત દરોડા શરૂ કર્યા હતા, જે બે પેઢીઓ સાથે જોડાયેલા છે, જેમાં એક પાન મસાલા અને સંલગ્ન ઉત્પાદનોના ઉત્પાદનમાં અને બીજી વેપારમાં રોકાયેલી છે.

દરોડા દરમિયાન ૨૭ બિન-જાહેર કરાયેલ પાઉચ-પેકિંગ મશીનો મળી આવ્યા હતા જેમાં સુગંધી જરદા માટે ૬ મશીનો, પાન મસાલા માટે ૯ અને દોહરા/દેશી ગુટખા માટે ૧૨ મશીનોનો સમાવેશ થાય છે. મિશ્રણ, સોપારી ક્રશિંગ અને સુકવવાના મશીનો પણ મળી આવ્યા હતા. આ ઓપરેશનના પરિણામે પાન મસાલા, ચાવવાની તમાકુ, સુગંધી જરદા અને સુગંધિત સોપારી ધરાવતા તૈયાર માલના ૧૫,૫૦,૯૨૨ પાઉચ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા કાચા માલ અને પેકિંગ સામગ્રીમાં ૩૨.૯ MT સોપારી અને કાપેલી સોપારી, ૨.૮ MT તમાકુ, ૮.૪ રૂ પેકિંગ સામગ્રી, પાઉચ અને લેમિનેટ્સ, ૪૭૦ કિગ્રા કાથો પાવડર, ૮૫૦ કિગ્રા ગ્લિસરીન, ૫૪૫ કિગ્રા એસેન્સ અને ૨૫૬ કિગ્રા પેક કર્યા વિનાનો પાન મસાલો સામેલ છે. અત્યાર સુધીમાં આશરે ?૧૮૫ કરોડના GST, HSNS સેસ અને કેન્દ્રીય અબકારી જકાતની ચોરી પકડાઈ છે.



પુરાવાઓ પરથી જાણવા મળ્યું છે કે આ કામગીરી બિન-નોંધાયેલ પરિસરોના નેટવર્ક મારફતે ચલાવવામાં આવી રહી હતી, જેમાં જાહેર ન કરાયેલી મશીનરીનો ઉપયોગ કરવામાં આવતો હતો. તૈયાર માલની ગેરકાયદેસર રીતે ક્લિયરન્સ કરવામાં આવતી હતી અને તેના પર લાગુ પડતા GST, HSNS સેસ તથા સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટીની ચુકવણી કરવામાં આવતી ન હતી. ઉત્પાદન કરતી પેઢીના માલિકને પ્રાથમિક દૃષ્ટિએ આ ગેરકાયદેસર ઉત્પાદન અને ક્લિયરન્સનું આયોજન તથા સંચાલન કરનાર વ્યક્તિ તરીકે ઓળખવામાં આવ્યો છે. તેની ૧૯.૦૮.૨૦૨૬ના રોજ HSNS સેસ અધિનિયમ, ૨૦૨૫ની કલમ ૨૬ અને સેન્ટ્રલ એક્સાઈઝ અધિનિયમ, ૧૯૪૪ની કલમ ૧૩ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

# બંગાળમાં ૪૫ દિવસમાં બીએસએફ, એસએસબીને ૧,૧૨૯ એકર જમીન મળી; અમિત શાહ

## ઘૂસણખોરીને કાબુમાં લીધા વિના પશ્ચિમ બંગાળ કે ભારત બંને સંપૂર્ણપણે સુરક્ષિત નથી

કોલકતા,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે પશ્ચિમ બંગાળની મુલાકાત લીધી હતી. સરહદ સુરક્ષા દળના કર્મચારીઓને સંબોધતા, તેમણે પશ્ચિમ બંગાળમાં બીએસએફ અને એસએસબીને ૧,૧૨૯ એકર જમીન ફાળવવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે આ પગલું બંગાળમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બન્યાના ૪૫ દિવસની અંદર લેવામાં આવ્યું હતું, અને તેનું કારણ ભાજપ સરકારને કારણે નહીં, પરંતુ ઘૂસણખોરીના ભયને સમજવાને કારણે હતું. અમિત શાહે ભાર મૂક્યો કે ઘૂસણખોરીને કાબુમાં લીધા વિના પશ્ચિમ બંગાળ કે ભારત બંનેને સંપૂર્ણપણે સુરક્ષિત કરી શકાતા નથી. અમિત શાહે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં સરકાર બનાવ્યાના માત્ર ૪૫ દિવસની અંદર, મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ સરહદ સુરક્ષા દળ અને સશસ્ત્ર સીમા બળને ૧,૧૨૯ એકર જમીન પૂરી પાડી છે. તેમણે આને સરહદ સુરક્ષાને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું.

ગૃહમંત્રીએ કહ્યું કે આ કાર્યની ગતિ ફક્ત રાજ્યની ભાજપ સરકારને કારણે નથી. તેમના મતે, તે ઘૂસણખોરીના ભયની ગંભીર સમજ અને તેને રોકવાની પ્રતિબદ્ધતાને કારણે છે.

અમિત શાહે કહ્યું કે ઘૂસણખોરી સંપૂર્ણપણે બંધ ન થાય ત્યાં સુધી પશ્ચિમ બંગાળની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાતી નથી. આ સંદર્ભમાં, તેમણે કહ્યું કે ઘૂસણખોરી રોકવી જરૂરી છે, કારણ કે તેના વિના, ન તો પશ્ચિમ બંગાળ કે ન તો ભારત સુરક્ષિત રહેશે. સશસ્ત્ર સીમા બળના સૈનિકોને સંબોધતા, અમિત શાહે સરહદ સુરક્ષા અને ઘૂસણખોરી અટકાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે દેશની આંતરિક અને સરહદ સુરક્ષા માટે સરહદ પર તૈનાત સુરક્ષા દળોની ભૂમિકા મહત્વપૂર્ણ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે તેઓ હંમેશા માને છે કે ખુલ્લી સરહદની રક્ષા કરતા એસએસબી જવાનોને સૌથી મુશ્કેલ કાર્યનો સામનો કરવો પડે છે. તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે રાષ્ટ્રીય સુરક્ષાના દૃષ્ટિકોણથી સિલિગુડી કોરિડોરના મહત્વને ઓળખ્યું છે.

# લદ્દાખમાં જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટની બેન્ચ સ્થપાશે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ

નવી દિલ્હી/લેહ,

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહે જાહેરાત કરી છે કે, પીએમ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે લદ્દાખમાં જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે આ પગલાથી લદ્દાખના દૂરના વિસ્તારોમાં રહેતા નાગરિકોને ન્યાયની પહોંચમાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી તેઓ જે કાનૂની સેવાઓ મેળવવા માટે હકદાર છે તે મેળવવા માટે જરૂરી સમય ઓછો થશે.

શ્રી અમિત શાહે ઉમેર્યું હતું કે કેન્દ્રના આ પગલાનો ઉદ્દેશ્ય લદ્દાખના દૂરના અને ભૌગોલિક રીતે પડકારજનક વિસ્તારોમાં રહેતા લોકો માટે ન્યાયની પહોંચમાં સુધારો કરવાનો છે. નોંધપાત્ર રીતે, કેન્દ્રના આ નિર્ણયથી લદ્દાખના રહેવાસીઓ માટે કાનૂની ઉપાયો મેળવવા માટે લાંબી મુસાફરી કર્યા વિના હાઈકોર્ટ સુધી પહોંચવાનું સરળ બનશે તેવી અપેક્ષા છે.

લદ્દાખમાં હાઈકોર્ટની બેન્ચ મહત્વપૂર્ણ છે કારણ કે તે એક વિશાળ, પર્વતીય કેન્દ્રશાસિત પ્રદેશ છે જ્યાં લાંબા અંતરની મુસાફરી કરવી મુશ્કેલ બની શકે છે અને ખાસ કરીને એવા લોકો માટે જેમને કોર્ટમાં હાજર રહેવાની અથવા કાનૂની સહાય લેવાની જરૂર હોય છે.

હાલમાં, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખની હાઈકોર્ટ બંને કેન્દ્રશાસિત પ્રદેશો માટે એક સામાન્ય હાઈકોર્ટ છે અને ન્યાય વિભાગે જમ્મુ અને શ્રીનગરને હાઈકોર્ટની મુખ્ય બેઠકો તરીકે સૂચિબદ્ધ કર્યા છે.

# પ્રતિકૂળ હવામાનને કારણે કાશ્મીરના બાગાયતી ક્ષેત્રને આશરે ૪૦૦ કરોડનું નુકસાન થવાનો અંદાજ

## ખરાબ હવામાનને કારણે આ વર્ષે કાશ્મીરમાં સફરજનના બગીચાઓને નોંધપાત્ર નુકસાન

પુલવામા,

કાશ્મીરના સફરજન, જે વિશ્વભરમાં તેમની મીઠાશ માટે પ્રખ્યાત છે, તેણે આ વર્ષે પોતાની ચમક ગુમાવી દીધી છે. ખરાબ હવામાનને કારણે આ વર્ષે કાશ્મીરમાં સફરજનના બગીચાઓને નોંધપાત્ર નુકસાન થયું છે, જેના કારણે ઉત્પાદનમાં તીવ્ર ઘટાડો અને હજારો બગીચા પકવનારાઓને સંભવિત નાણાકીય નુકસાનની ચિંતા વધી છે. અહેવાલો અનુસાર, પ્રતિકૂળ હવામાનને કારણે આ વર્ષે બાગાયતી ક્ષેત્રને આશરે ૩૦૦-૪૦૦ કરોડનું નુકસાન થવાનો



અંદાજ છે. મુશળધાર વરસાદ, કરા, ભારે પવન અને અન્ય આત્યંતિક હવામાન ઘટનાઓએ સફરજનના બગીચાઓને ગંભીર અસર કરી છે, ખાસ કરીને દક્ષિણ કાશ્મીરમાં. શોપિયાન, પુલવામા, કુલગામ અને અનંતનાગના ખેડૂતોએ નોંધપાત્ર ફળ નુકસાન નોંધાવ્યું છે, જેમાં કરા અને ભારે પવનને કારણે પાક ચક્રના વિવિધ તબક્કામાં વ્યાપક નુકસાન થયું છે. ગ્રેડિંગ દરમિયાન લગભગ ૯૦% સફરજન ખામીયુક્ત જોવા મળે છે. બજારમાં ખુશ થવા માટે તૈયાર રહેલા સફરજન તેમની ચમક ગુમાવી ચૂક્યા છે.

કરાના કારણે લાલ સફરજનને નુકસાન થયું છે. આ સફરજન હવે બજારમાં કોઈ મૂલ્ય નથી; તે મરી ગયા છે. સફરજન ઉગાડનારાઓ કહે છે કે તેમણે તેમના સમગ્ર જીવનમાં ક્યારેય સફરજનને આટલું નુકસાન જોયું નથી. કાશ્મીરી સફરજન તેમના સ્વાદિષ્ટ સ્વાદ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે, અને લોકો તેમના પાકવાની આતુરતાથી રાહ જુએ છે. જો કે, આ વખતે, કુદરતી આફતોએ સફરજનના પાકને બરબાદ કરી દીધો છે.

# ખાંડના ભાવમાં વધારાને ઈથેનોલ સાથે કોઈ સબંધ નથી : કેન્દ્ર સરકાર

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે એવા દાવાઓને ફગાવી દીધા હતા કે ખાંડના ભાવમાં તાજેતરના વધારા માટે ઈથેનોલનું ઉત્પાદન જવાબદાર છે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ખાંડના ભાવમાં તાજેતરના વધારાને ઈથેનોલ ઉત્પાદન માટે ખાંડના ડાયવર્ઝનને જવાબદાર ઠેરવવું ખોટું છે."

સરકારના જણાવ્યા અનુસાર, ઈથેનોલ ઉત્પાદન માટે ડાયવર્ઝન કરાયેલ ખાંડનો હિસ્સો ૨૦૨૨-૨૩માં લગભગ ૧૨% થી ઘટીને ૨૦૨૫-૨૬માં લગભગ ૯% થઈ ગયો. તેણે એમ પણ કહ્યું કે દેશમાં ઉત્પાદિત ઈથેનોલનો લગભગ ત્રણ-ચતુર્થાંશ ભાગ હવે અનાજમાંથી આવે છે, ખાસ કરીને મકાઈમાંથી.

તાજેતરના અઠવાડિયામાં ખાંડના ભાવમાં તીવ્ર વધારો થયો છે, જે ૨૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ પ્રતિ કિલો ?૪૮.૧૮ થી વધીને ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ પ્રતિ કિલો ?૫૫.૭૦ થયો છે.

"ખાંડના ભાવમાં હાલનો વધારો અપેક્ષા કરતાં ઓછો સ્થાનિક ઉત્પાદન, તહેવારોની મોસમ પહેલા માંગમાં વધારો, શેરડીના પાકને હવામાન સંબંધિત નુકસાન, વૈશ્વિક ખાંડ પુરવઠો કડક બનાવવા અને ઉદ્યોગના કેટલાક વર્ગો દ્વારા અટકળો અને સંગ્રહખોરી સહિતના પરિબળોના સંયોજનને કારણે છે," નિવેદનમાં ઉમેર્યું.

# પાકિસ્તાન તરફથી તાત્કાલિક ખતરો મુખ્યત્વે આતંકવાદની સતત હાજરીને કારણે : નરવણે

## પાકિસ્તાન નહીં, ચીન મુખ્ય પડકાર હોવાનો ભૂતપૂર્વ આર્મી ચીફનો મત

નવીદિલ્હી,

ભારતના ભૂતપૂર્વ સેના પ્રમુખ મનોજ મુકુંદ નરવણે ફરી એકવાર તેમના પુસ્તક માટે હેડલાઈન્સમાં છે. અગાઉ, તેમના પુસ્તક, 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની', સંસદના બજેટ સત્રમાં મોટો વિક્ષેપ પાડ્યો હતો. પરંતુ આ વખતે, એમએમ નરવણે તેમના પુસ્તકના વિમોચનને કારણે સમાચારમાં છે. પુસ્તક વિમોચન સમયે, ભૂતપૂર્વ સેના પ્રમુખ એમએમ નરવણેએ ભારતના પડકારોની વિગતવાર ચર્ચા કરી. નરવણેએ જણાવ્યું હતું કે ભારત માટે વાસ્તવિક પડકાર પાકિસ્તાન નહીં, પરંતુ ચીન છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જો તમે શાંતિ ઈચ્છો છો, તો યુદ્ધ માટે તૈયાર



રહો. ભૂતપૂર્વ ભારતીય સેના પ્રમુખ એમએમ નરવણેએ પુણેમાં તેમના અનેક પુસ્તકોમાંથી પ્રથમ, "ધ ક્યુરિયસ એન્ડ ધ ક્લાસિફાઈડઃ અનઅર્થિંગ મિલિટરી મિથ્સ એન્ડ મિસ્ટ્રીઝ"નું વિમોચન કર્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદના સતત ખતરાને કારણે ભારતનું ધ્યાન મોટાભાગે પાકિસ્તાન પર કેન્દ્રિત થયું છે, પરંતુ ચીન ઘણા ક્ષેત્રોમાં ભારતનો મુખ્ય હરીફ બનવા માટે તૈયાર છે.

# હરિયાણાના રેવાડીમાં વિદ્યાર્થી જૂથો વચ્ચે થયેલી અથડામણમાં ૨ ના મોત

રેવાડી,

પોલીસે જણાવ્યું હતું કે, શુક્રવારે સાંજે હરિયાણાના રેવાડીમાં નાના વિવાદને લઈને વિદ્યાર્થીઓના બે જૂથો અને તેમના મિત્રો વચ્ચે થયેલી અથડામણ બાદ સળિયા અને લાકડીઓથી હુમલો કરવામાં આવતા બે વ્યક્તિઓના મોત થયા હતા અને એક ઘાયલ થયો હતો.

પોલીસે જણાવ્યું હતું કે ગોકલપુર ગામમાં આ ઘટના બની હતી, જ્યાં ઈન્દિરા ગાંધી યુનિવર્સિટી (IGU) ગેટ પર થયેલી અથડામણ બાદ એક જૂથ દ્વારા ત્રણ વ્યક્તિઓનો પીછો કરવામાં આવ્યો હતો.

મૃતકો કોણ હતા?

પોલીસે મૃતકોની ઓળખ માંડ્યા ગામના જતીન (૨૨) અને નિગાનિયાવાસના હિમેશ (૨૦) તરીકે કરી છે. જતીન રેવાડીમાં એક કંપનીમાં કામ કરતો હતો, જ્યારે હિમેશ કિશન લાલ કોલેજમાં વિદ્યાર્થી હતો. બુઢાણા ગામના યશપાલ (૨૧) તરીકે ઓળખાયેલ ઘાયલ વ્યક્તિની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ગોકલપુરમાં શંકાસ્પદોએ તેમની ઝડપી કારથી તેમનો પીછો કર્યો અને તેમને ટક્કર મારી હતી ત્યારે ત્રણેય મોટરસાયકલ પર સવાર હતા.

"તેઓ સંતુલન ગુમાવી બેઠેલા અને રસ્તા પર પડી ગયા, જેના પછી શંકાસ્પદોએ લાકડીઓ, સળિયા અને તીક્ષ્ણ હથિયારોથી તેમના પર હુમલો કર્યો અને પછી સ્થળ પરથી ભાગી ગયા," તેમણે કહ્યું, જતીન અને હિમેશનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.

# સોમાલિયાના પન્ટલેન્ડ કિનારે ચાંચિયાઓએ હથિયારોથી ભરેલા જહાજનું અપહરણ કર્યું

## જહાજના ૧૦ સભ્યોના ક્રૂમાં ઓછામાં ઓછા છ ભારતીયો

સોમાલિયા,

સોમાલિયાના પન્ટલેન્ડ કિનારે ચાંચિયાઓએ કેમરૂન-ધ્વજવાળા કાર્ગો જહાજનું અપહરણ કર્યું હતું. જહાજમાં તુર્કી હથિયારો ભરેલા હતા અને ચાંચિયાઓ તેને નુગાલ કિનારે લઈ ગયા હતા. એસોસિએટેડ પ્રેસ અનુસાર, પન્ટલેન્ડના આઈલ જિલ્લામાં મરાયાથી લગભગ ૩.૫ નોટિકલ માઈલ દૂર જપ્ત કરવામાં આવ્યું હતું. માહિતી આપનાર અધિકારીને સંવેદનશીલ માહિતી વિશે જાહેરમાં બોલવાનો અધિકાર નહોતો. જહાજના ૧૦ સભ્યોના ક્રૂમાં ઓછામાં ઓછા છ ભારતીયો હતા.

સોમાલીના એક અધિકારીના જણાવ્યા અનુસાર, ચાંચિયાઓ ટર્કિશ હથિયારો લઈને જહાજને પ્રદેશના નુગાલ કિનારા તરફ લઈ ગયા હતા. આઠ ચાંચિયાઓ એ જ જૂથના સભ્યો હોવાનું માનવામાં આવે છે જેણે ૨૬ એપ્રિલે બીજા વેપારી જહાજ, સ્વર્ડનું અપહરણ કર્યું હતું. તેઓ પન્ટલેન્ડના ડાંગોરયો જિલ્લામાં ગાર્મેલ નજીક જહાજને કિનારા પર લઈ ગયા હોવાનું કહેવાય છે. અધિકારીએ જણાવ્યું હતું કે જહાજ મોગાદિશુમાં તુર્કી લશ્કરી તાલીમ કેન્દ્ર માટે શસ્ત્રો, તેમજ સંદેશાવ્યવહાર અને ઉપગ્રહ સાધનો લઈ જઈ રહ્યું હતું.

અહેવાલો અનુસાર, જહાજ પોલર મૂવમેન્ટ શિપિંગનું હતું. આઠ ચાંચિયાઓ ૨૬ એપ્રિલે સ/ફ સ્વર્ડનું અપહરણ કરનાર જૂથ સાથે સંકળાયેલા હોવાનું માનવામાં આવે છે. તેઓ જહાજને પન્ટલેન્ડના ડાંગોરયો જિલ્લામાં ગાર્મેલ નજીકના કિનારા પર લઈ ગયા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે તુર્કીની માલિકીના બે જહાજો પાછળથી અપહરણ કરાયેલા જહાજ પાસે પહોંચ્યા હતા, જ્યારે તુર્કી હેલિકોપ્ટર અને ડ્રોન વિસ્તાર પર નજર રાખી રહ્યા હતા.

મંગળવારે, બે લોકો સાથેની એક નાની હોડી જહાજ પાસે પહોંચી અને ખાટ પહોંચાડી, જે સોમાલિયામાં સામાન્ય રીતે ચાવવામાં આવતો માદક પદાર્થ છે.

# પીઓકેની સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિએ સેના સામે હથિયાર ઉપાડવાની જાહેરાત કરી

## પાકિસ્તાની સેનાના ગોળીબારમાં ૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા બાદ હવે સેના સામે જંગની કરી જાહેરાત

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના કેટલાક ભાગોમાં બળવાની આગ પહેલાથી જ સળગી ચૂકી છે. દરમિયાન, પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના લોકોએ જાહેર કર્યું છે કે જો શાહબાઝ શરીફ અને આસીમ મુનીર ગોળીઓની ભાષામાં વાત કરવા માંગતા હોય, તો કાશ્મીરના લોકો પણ બંગડીઓ ન પહેરે. હવે પાકિસ્તાની સેના બંદૂકોનો જવાબ બંદૂકોથી આપશે. હકીકતમાં, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) માં ૭૧ દિવસથી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે, હજારો લોકો રસ્તાઓ પર છે, અને પાકિસ્તાની સેનાના ગોળીબારમાં ૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે, છતાં પાકિસ્તાનના લોકો પીછેહઠ કરવા તૈયાર નથી.

આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરતી સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિએ જાહેરાત કરી છે કે પાકિસ્તાનના લોકો પાકિસ્તાન સરકારને કર ચૂકવશે નહીં કે વીજળીના બિલ ચૂકવશે નહીં, અને સરકારી શાળાઓ અને ઓફિસોનો બહિષ્કાર કરશે. જો આસીમ મુનીરની સેના નિર્દોષ લોકો પર ગોળીબાર કરશે, તો પાકિસ્તાની સૈનિકોના મૃતદેહ પણ બદલામાં પડશે.

પીઓકેના લોકોએ જણાવ્યું હતું કે શાહબાઝ શરીફની સરકાર સેનાની મદદથી લોકો પર અત્યાચાર કરી રહી છે. નાના બાળકો અને મહિલાઓની હત્યા થઈ રહી છે, પરંતુ પાકિસ્તાની અદાલતો કે સંયુક્ત રાષ્ટ્ર જેવા સંગઠનો પીઓકેના લોકોના દુઃખને સંબોધતા નથી. તેથી, લોકો હવે પોતાના અધિકારો માટે જાતે લડશે.

ઉલ્લેખનીય છે કે બલુચિસ્તાનમાં પહેલાથી જ બળવાખોરી ફેલાઈ રહી છે. બલુચિસ્તાને પોતાના પ્રદેશને અલગ દેશ જાહેર કર્યો છે. ખૈબર પખ્તુનખ્વાના લોકોએ પણ હથિયારો ઉપાડ્યા છે. સિંધમાં આગ લાગી છે. પીઓકેના લોકોએ પણ જાહેર કર્યું છે કે તેઓ પાકિસ્તાની સેનાની ગોળીઓનો જવાબ ગોળીઓથી આપશે. પરિસ્થિતિ એવી છે કે કોઈ આગાહી કરી શકતું નથી કે પાકિસ્તાન ક્યારે તૂટી પડશે અથવા તેના કેટલા ટુકડા થશે.

બીજી તરફ, પાકિસ્તાન ૭૯ વર્ષ આઝાદી પછી પણ તેની ગુલામી માનસિકતામાંથી મુક્ત થઈ શક્યું નથી. સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન પણ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રશંસા કરી હતી. શાહબાઝ શરીફે કહ્યું, "હું ગયા વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવીને લાખો લોકોને બચાવવા બદલ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માનવા માંગુ છું. અમેરિકા અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો સતત આગળ વધી રહ્યા છે. અમને આશા છે કે ભવિષ્યમાં તે વધુ મજબૂત બનશે."

# રાહુલ ગાંધીએ પોલીસ સ્ટેશનની બહાર ધરણા કર્યા બાદ દિલ્હી પોલીસે પેલેટ ગન ફરિયાદ પર FIR નોંધી

## શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન સામે આ પ્રકારની ક્રૂરતા ફક્ત ગેરકાયદેસર જ નથી - તે એક ગંભીર ગુનો

નવી દિલ્હી,

દિલ્હી પોલીસે શુક્રવારે કહ્યું કે, તેઓ પેલેટ ગન ફરિયાદ પર FIR નોંધી રહ્યા છે કારણ કે રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય રાજધાનીમાં સંસદ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનની બહાર ધરણા ચાલુ રાખ્યા હતા. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓ પીડિતા સાથે સંસદ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં ધરણા કરી રહ્યા છે. નોંધનીય છે કે, FIR અજાણ્યા લોકો સામે નોંધવામાં આવી હતી.

શુક્રવારે રાહુલ ગાંધી સંસદ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં ધરણા પર બેઠા હતા અને કહ્યું હતું કે ૨૦ જુલાઈના રોજ ઝલ્નના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શન



દરમિયાન પેલેટ ગનથી ઘાયલ થયેલા એક યુવકની ફરિયાદ પર FIR નોંધાય ત્યાં સુધી તેઓ હળશે નહીં. ૧૯ વર્ષીય સાહિલ લોચબ નામના યુવક સાથે રહેલા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે પોલીસ અધિકારીઓએ તેમને કહ્યું હતું કે "ઉપરથી આદેશો છે" તેથી FIR નોંધી શકાતી નથી. આ દરમિયાન, તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર પણ નિશાન સાધતા કહ્યું કે તેઓ ન્યાયથી ડરે છે. રાહુલ લોચબ સાથે, પહેલા મંદિર માર્ગ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી અને FIR નોંધવાની માંગ કરી. તેમની માંગણી સ્વીકારવામાં ન આવતા, તેઓ પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન ગયા અને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (નવી દિલ્હી જિલ્લા) સચિન શર્માને મળ્યા. શર્મા સાથેની વાતચીત નિષ્ફળ ગયા પછી, કોંગ્રેસના નેતા પોલીસ સ્ટેશનમાં ધરણા પર બેઠા, જ્યાં ડીસીપી ઓફિસ પણ છે. લોચબ અને તેમની માતા પણ ત્યાં હતા. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા અને અન્ય વરિષ્ઠ પક્ષના નેતાઓ પણ રાહુલ ગાંધી સાથે વિરોધમાં જોડાયા. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ લે મેરિડિયન નજીક વિરોધ પ્રદર્શન કર્યું.

DR. LATHIYA'S SKIN CLINIC
Dr. Sandip Lathiya
MD, Skin & VD
Dermatologist, Cosmetologist & Dermatosurgeon
ઉપલબ્ધ સારવારો
• ખીલ અને ખીલના ડાઘ
• એલર્જી અને ખંજવાળ
• સફેદ ડાઘ (vitiligo)
• સોરાયસિસ અને એક્ઝિમા
• વાળ ખરવા અને ટાલ પડવી
• ફંગલ ઈન્ફેક્શન
• નખના રોગો
• બાળકો અને મહિલાઓના ચામડીના રોગો
વિશેષ સારવારો
• Laser Hair Removal
• Chemical Peel
• PRP Hair Treatment
• CO2 Laser Treatment
ગ્રાઉન્ડ ફ્લોર, કાર્લટન સ્કવેર, માધવદિપ કોમ્પ્લેક્ષની પાસે, કાળાનાળા, ભાવનગર ગુજરાત-૩૬૪૦૦૧
M. 79841 66946

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8 તા. ૨૨-૦૮-૨૦૨૬, શનિવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

BLOSSOM WOMEN'S HOSPITAL & MATERNITY HOME
ડૉ. પૂજા ઘોરી લાઠીયા
એમ. એસ. સ્ત્રી રોગ તથા પ્રસુતિ નિષ્ણાત
Dr. Pooja Ghori Lathiya
MS Obstetrics and Gynecology
લેપ્રોસ્કોપિક સર્જન
ઉપલબ્ધ સુવિધાઓ:
• નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી
• સોનોગ્રાફી
• બાળક રહેવામાં તકલીફ
• ગર્ભાશય તથા ગાંઠના ઓપરેશન
• નળીમાં બાળક રહ્યું હોય તે દૂર કરવાની સુવિધા
• જોખમી ડિલિવરી
• ગર્ભાશયના કેન્સરનું રસીકરણ
+91 79843 10939
સરનામું : શોપ નં. ૨૦૪-૨૦૫, બીજો માળ, ઓરનેટ કોમ્પ્લેક્સ, રસોઈ હોટેલ ની નજીક, કાળુભા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧

# લઠ્ઠાકાંડમાં વધુ એક યુવકનું હોસ્પિટલમાં મોત, કુલ મૃત્યુઆંક ૯ થયો : ૧૪ની હાલતમાં સુધારો

## ઝેરી દારૂ પીવાથી અસરગ્રસ્ત થયેલા લોકો શહેરની ૭ હોસ્પિટલોમાં સારવાર હેઠળ; ૩ લોકો હજુ પણ અતિ ગંભીર



ભાવનાગરત,તા.૨૨

ભાવનગર શહેરમાં સર્જાયેલા લઠ્ઠાકાંડની ગંભીર અસરો હજુ પણ જોવા મળી રહી છે. જેરી દારૂ પીવાના કારણે હોસ્પિટલમાં દાખલ કરાયેલા દર્દીઓ પૈકી વધુ એક યુવકે આજે સારવાર દરમિયાન દમ તોડ્યો છે. મૃતક યુવકની ઓળખ હાર્દિક હરેશભાઈ કિલજી તરીકે થઈ છે. આ નવા મૃત્યુ સાથે જ ભાવનગર લઠ્ઠાકાંડમાં સત્તાવાર કુલ મૃત્યુઆંક વધીને ૯ પર પહોંચી ગયો છે, જેનાથી સમગ્ર પંથકમાં અરેરાટી અને શોકની કાલિમા છવાઈ ગઈ છે.

લઠ્ઠાકાંડની અસર હેઠળ આવેલા કુલ ૬૧ લોકોને તબીબી સારવારની જરૂર પડી હતી. હાલમાં શહેરની અલગ-અલગ ૭ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. તબીબી અહેવાલ અનુસાર, સારવાર હેઠળના દર્દીઓમાંથી ૧૪ લોકોની હાલતમાં સાનુકૂળ સુધારો જોવા મળી રહ્યો છે, જ્યારે ૩ દર્દીઓની સ્થિતિ હજુ પણ અત્યંત ગંભીર દર્શાવાઈ રહી છે.

તબીબોની રાત-દિવસની મહેનતને કારણે અત્યાર સુધીમાં ૧૭ દર્દીઓ સંપૂર્ણપણે સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હોસ્પિટલના આંકડા મુજબ, હાલ સામાન્ય સારવાર હેઠળ ૧૮ દર્દીઓ છે, જ્યારે પ્રાથમિકથી વધુ અને ગંભીર સારવારની જરૂર હોય તેવા ૧૭ દર્દીઓ દાખલ છે. તંત્ર દ્વારા તમામ દર્દીઓને ઝડપી અને યોગ્ય તબીબી સહાય મળે તે માટે ખાસ તબીબી ટીમો તૈનાત કરવામાં આવી છે.

# દારૂના નામે વેચાયું ૩૮%થી વધુ ઝેરી મિથેનોલ

## 'વુડ આલ્કોહોલ'ને કારણે ઓર્ગન ફેલ્યોર અને અંધત્વનો ખતરો; દર્દીઓને બચાવવા તબીબી પ્રોટોકોલ મુજબ ઈથેનોલથી કરાઈ રહી છે સારવાર

ભાવનગર,તા.૨૨

ભાવનગરમાં સર્જાયેલા દર્દનાક લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક વધીને ૯ પર પહોંચ્યો છે, જ્યારે ૩૦થી વધુ લોકો હાલ હોસ્પિટલમાં સારવાર તળે છે. દરમિયાન ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)ના રિપોર્ટમાં અત્યંત ચોંકાવનારી વિગતો સામે આવી છે. લ્જીન્ની તપાસમાં બહાર આવ્યું છે કે પીડિતોએ પીધેલા પદાર્થમાં શુદ્ધ દારૂ (ઈથેનોલ) નહીં, પરંતુ ૩૮.૫૯% જેટલું અત્યંત ઝેરી 'મિથેનોલ' અને માત્ર ૦.૯૪% ઈથેનોલ હાજર હતું. એટલે કે દારૂની બોટલોમાં દારૂના નામે માત્ર ઝેર પીરસવામાં આવ્યું હતું, જેણે અનેક હસતા-રમતા પરિવારોને વેરવિખેર કરી નાખ્યા છે.

સર ટી. અને આરોગ્યમ હોસ્પિટલમાં સારવાર હેઠળના દર્દીઓએ જણાવ્યું કે દારૂ પીધા બાદ તેમને ઝાંખું દેખાવાનું, સતત ઉલટીઓ થવાનું અને બેભાન થઈ જવા જેવા ગંભીર લક્ષણો જણાયા હતા. આરોગ્યમ હોસ્પિટલના નેફ્રોલોજિસ્ટ ડો. નીલવ શાહે સમજાવ્યું કે, નકલી દારૂમાં રહેલું મિથેનોલ (વુડ આલ્કોહોલ) શરીરમાં જઈને 'ફોર્મિક એસિડ'માં રૂપાંતરિત થાય છે. આ એસિડ આંખની 'ઓપ્ટિક નર્વ'ને કાયમી નુકસાન પહોંચાડી અંધત્વ લાવી શકે છે. ઉપરાંત, તે કિડની, લિવર અને મગજ પર સીધો હુમલો કરીને 'મલ્ટી ઓર્ગન ફેલ્યોર' સર્જે છે, જેનાથી દર્દીનું મોત નીપજે છે.

ડો. દિનકર ગોસ્વામીના જણાવ્યા અનુસાર, મિથેનોલ પોઈઝનિંગથી દર્દીને બચાવવા માટે તબીબી દેખરેખ હેઠળ 'ઈથેનોલ'નો ઉપયોગ કરવામાં આવે છે. આ ઈથેનોલ નશો કરાવવા માટે નહીં પરંતુ મિથેનોલના ઝેરી મેટાબોલિઝમને રોકવા માટેની એન્ટિડોટ (ઓષધ) તરીકે કામ કરે છે.

ઓરિજિનલ વ્હિસ્કીમાં ૪૦% સુધી ઈથેનોલ હોય છે, પરંતુ નકલી દારૂમાં પેઈન્ટ રિમૂવર કે એન્ટિફ્રીઝ જેવા ઔદ્યોગિક કેમિકલ્સ ભેળવવામાં આવતા હોવાથી તે ગંભીર જાનહાનિ સર્જે છે. બોટલ પર વ્હિસ્કી લખેલું હોવા માત્રથી તે સલામત સાબિત થતી નથી.

### આરોપી જતીને ભાલની અવાવરુ જગ્યાએ ખરાબ દારૂનો નાશ કર્યો હતો

ભાવનગરના બૂટલેગર ગૌતમ સોલંકી અને મધ્ય પ્રદેશના રઈશે ભેગા મળીને નકલી દારૂ બનાવ્યો હતો જેમાં ૫૧ પેટી તૈયાર કરી અને ગૌતમ અને તેના સાળાએ બનાવીને વેચી દીધો હતો. બીજી વખત દારૂ બનાવ્યો ત્યારે ખૂબ જ ખરાબ દારૂ બન્યો હતો. જેથી આરોપી જતીને ઈથેનોલ અને મિથેનોલના મિશ્રણ વાળો દારૂ ભાલના પાળીયાદ ગામે નાશ કર્યો હતો.

### વરતેજમાં ગૌતમ સોલંકીના ઘરે આ મિથેનોલયુક્ત દારૂ તૈયાર કર્યો

બુટલેગર ગૌતમ સોલંકીએ દારૂ બનાવવા માટે મધ્યપ્રદેશથી ગેંગ બોલાવી હતી. તમામ આરોપીઓએ ભેગા મળી ત્રણ તબક્કામાં દારૂ બનાવ્યો હતો. ગૌતમ સોલંકી અને ઉજ્જૈનના રઈશ નામના શખ્સે ભેગા મળી અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાંથી મિથેનોલ, વ્હાઈટ લિક્વિડ મટિરિયલ, ખાલી બોટલો, ઢાંકણાં અને રોયલ સ્ટેગના સ્ટીકરો ખરીદીને ટ્રાન્સપોર્ટથી વરતેજ લાવ્યા હતા. દારૂ બનાવવા માટે ખાસ ઉજ્જૈનથી નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે ડૉક્ટરને બોલાવવામાં આવ્યો હતો. જેણે સારસ, ગણેશ અને અમન સાથે મળી ગૌતમ સોલંકીના ઘરે આ મિથેનોલયુક્ત દારૂ તૈયાર કર્યો હતો.

# લઠ્ઠાકાંડમાં મુખ્ય આરોપી રઈશ ૯ દિવસ પોલીસ રિમાન્ડ પર

ભાવનગર,તા.૨૨

ભાવનગરના ચર્ચિત નકલી દારૂ કાંડના મુખ્ય આરોપી મહંમદ રઈશ મહંમદ આરીફ અન્સારીને ભાવનગરની ૩જા એડિશનલ ચીફ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલ અને ભાવનગર પોલીસના સંયુક્ત ઓપરેશનમાં ઉજ્જૈનથી ઝડપાયેલા આ આરોપીના પોલીસે ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટમાં સરકારી વકીલ શ્રીરાજ તોમરે રજૂ કરેલા ૧૨ વિવિધ તપાસના મુદ્દાઓ અને ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી મહંમદ રઈશના તા. ૩૧/૮/૨૦૨૬ સુધીના એટલે કે ૯ દિવસના પોલીસ કસ્ટડીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

આ ૯ દિવસના રિમાન્ડ દરમિયાન પોલીસ દ્વારા નકલી દારૂના કાળા કારોબાર અંગે ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવશે. આ ઝેરી દારૂ ક્યારે, કઈ રીતે અને કેટલા પ્રમાણમાં બનાવવામાં આવ્યો હતો તેમજ તેનું નેટવર્ક ક્યાં સુધી ફેલાયેલું છે તે અંગે તપાસ હાથ ધરાશે.




આ કેસમાં અત્યાર સુધી સામે આવેલા ૨૧ ઉપરાંત અન્ય કેટલા શખ્સોની સંડોવણી છે તે દિશામાં પણ તપાસ લંબાવવામાં આવશે. મુખ્ય સૂત્રધાર રઈશની કડક પૂછપરછથી સમગ્ર કૌભાંડના વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે આ કાંડમાં અગાઉ પકડાયેલા ૧૩ આરોપીઓના પણ કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

**સ્ટેટ મોઈટરિંગ સેલ અને ભાવનગર પોલીસે ઉજ્જૈનથી ઝડપેલા મહંમદ રઈશને કોર્ટમાં રજૂ કરાયો; સરકારી વકીલની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે ૧૨ મુદ્દાની તપાસ માટે કસ્ટડી સોંપી**

# લઠ્ઠાકાંડ વચ્ચે પણ દારૂના કારોબારમાં બુટલેગરો ગળાડૂબ, પ્યાસીઓ પણ તરસ છીપાવવા આતુર !

### હાથબ ગામમાંથી ૪૨ બોટલ વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

ઘોઘા પોલીસે ચોક્કસ બાતમીના આધારે હાથબ ગામે રહેતા મુકેશ માધાભાઈ ઢાપાના રહેણાંક મકાનમાં દરોડો પાડી સઘન તલાશી લીધી હતી. આ તલાશી દરમિયાન મકાનમાંથી રૂ. ૧૨,૬૦૦ની કિંમત ધરાવતી વિદેશી દારૂની ૪૨ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી આરોપી મુકેશ ઢાપા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### રૂ. ૫.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત, બે સામે ગુનો નોંધાયો

## બોરતળાવ પાસે વિદેશી દારૂની ૧૭૪ બોટલ સાથે કાર ઝડપાઈ

ભાવનગર,તા.૨૨

ભાવનગર શહેરના બોરતળાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેરોલ ફર્લો સ્ક્વોડે દારૂબંધી અંગે મોટી કાર્યવાહી કરી છે. સ્ક્વોડના સ્ટાફે બાતમીના આધારે હરખા ભાભાની વાડી પાસે દરોડો પાડી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ માહિતી મુજબ, નરેન્દ્રસિંહ વનરાજસિંહ ગોહિલ પાસ-પરમિટ વગર ભારતીય બનાવટના વિદેશી દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરી રહ્યો હતો. પોલીસે રોડ પર દરોડો પાડી રૂ. ૨૮,૫૩૬ની કિંમતની ૧૭૪ બોટલ દારૂ અને કાર મળી કુલ રૂ. ૫,૨૮,૫૩૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીની પૂછપરછમાં રામદેવસિંહ જયવંતસિંહ સરવૈયાએ મદદગારી કરી હોવાનું ખુલતાં પોલીસે બંને ઈસમો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જેલની પાછળથી રોયલ સ્ટેગની બે ખાલી બોટલ મળી..!




ભાવનગર જિલ્લા જેલની પાછળ આવેલા પોલીસ કવાર્ટરના રસ્તા ઉપર રોયલ સ્ટેગ દારૂની બે ખાલી બોટલ મળી આવી હતી. ઝેરી દારૂની આશંકાએ કોઈ પ્યાસીએ અહીં દારૂનો નાશ કર્યો હોવાની ચર્ચા ઉઠી હતી.

### ભાવનગરના બે શખ્સો રૂ. ૭૪ હજારના વિદેશી દારૂ સાથે વડોદરા નજીકથી ઝડપાયા

ભાવનગર,તા.૨૨

ભાવનગરમાં સર્જાયેલા લઠ્ઠાકાંડ બાદ સમગ્ર રાજ્યમાં પોલીસ દ્વારા દારૂના ગેરકાયદેસર વેપાર અંગે કડક ચેકિંગ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ દરમિયાન ભારત માલા એક્સપ્રેસ વે પરથી વડોદરા તાલુકા પોલીસે ભાવનગરના બે આરોપીઓને વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા તાલુકા પોલીસને ગુપ્ત બાતમી મળી હતી કે, વિદેશી દારૂનો જથ્થો ભરીને એક શંકાસ્પદ કાર વડોદરા તરફ આવી રહી છે. બાતમીના આધારે પોલીસે સમીયાલા ગામ ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન સરદાર નગર, ભાવનગરના રહીશ ડ્રાઈવર અજય મહેશભાઈ કુકરેજા અને મહેશ શશીકાંતભાઈ કટકિયાની કાર અટકાવી તલાશી લેતાં તેમાંથી રૂ. ૭૪,૮૨૦ની કિંમતની વિદેશી દારૂની ૧૧૪ બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ, કાર અને મોબાઈલ મળી કુલ રૂ. ૨.૮૪ લાખની મતા જપ્ત કરી બંને સામે ગુનો નોંધ્યો છે.

**વડોદરા પોલીસે સમીયાલા ટોલનાકા પાસે દરોડો પાડી કાર અને દારૂ સહિત રૂ. ૨.૮૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો**

## સિહોર પોલીસે ઈંગ્લીશ દારૂની ૯૪ બોટલ સાથે ૨ શખ્સોને ઝડપી લીધા

**લઠ્ઠાકાંડ બાદ રોયલ સ્ટેગની ૫૪ બોટલનો ડુંગર વિસ્તારમાં નાશ કર્યો હોવાનું ખુલ્યું**

ભાવનગર,તા.૨૨

ભાવનગર જિલ્લાના સિહોર વિસ્તારમાં લઠ્ઠાકાંડની ગંભીર ઘટના બાદ પોલીસ તંત્ર વધુ સતર્ક અને આક્રમક બન્યું છે. બાતમીના આધારે પોલીસે હાથ ધરેલી સઘન તપાસમાં મોટો ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપાઈ આવ્યો છે, જેના કારણે બુટલેગરો અને દારૂના ધંધાર્થીઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બાતમીના આધારે દરોડો પાડીને કુલ ૯૪ બોટલ ઈંગ્લિશ દારૂનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં એવા ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે કે અગાઉ આ રેકેટ હેઠળ Royal Stag બ્રાન્ડની બોટલો લાવવામાં આવી હતી. રાજ્યમાં બનેલા લઠ્ઠાકાંડ બાદ પોલીસની કડક કાર્યવાહીથી ડરીને આરોપીઓએ આમાંથી ૫૪ બોટલ દારૂનો ડુંગર વિસ્તારમાં નાશ કરી દીધો હતો.

આ દરોડા અને સઘન તપાસ દરમિયાન પોલીસે બે મુખ્ય આરોપીઓ પ્રવીણભાઈ વલ્લભભાઈ જાદવ અને અશ્વિનભાઈ રમેશભાઈ જાદવને ઝડપી લીધા હતા.જેમની પૂછપરછમાં મોટો ખુલાસો થયો છે. લઠ્ઠાકાંડનું એપી સેન્ટર ગણાતા વરતેજ ગામના હરદીપ મોરી પાસેથી બુટલેગરોએ ૧૦ પેટી રોયલ સ્ટેગની ખરીદી હતી. ત્યારબાદ પ્રવીણ અને અશ્વિને તેમના મિત્રો સાથે પથી ૬ રોયલ સ્ટેગ દારૂનું સેવન કર્યું હતું. માલ ખરાબ લાગતા રોયલ સ્ટેગની બોટલો હરદીપને પરત લઈ જવા કહ્યું હતું. થોડા દિવસ બાદ હરદીપ ૧૦ પેટીમાંથી ૫ પેટી પરત લઈ ગયો અને તેની સામે રિટઝ કંપનીની ૧૦ (જુઓ પાનું ૬)»

## મહુવા નજીક કારમાંથી બિયરના ટીન સાથે ૩ ઝડપાયા

ભાવનગર,તા.૨૨

મહુવા તાલુકાના નાના આસરાણા ગામ પાસેથી ખુટવડા પોલીસે બાતમીના આધારે કારમાંથી બિયરના બે ટીન ઝડપી લીધા છે. પોલીસે કારમાં સવાર રાહુલ ઉર્ફે કાનો મનસુખભાઈ મકવાણા, એજાદ અલ્તાફભાઈ ચોટલીયા અને જાવીદ મુસાભાઈ જાખરા નામના ત્રણેય શખ્સોને ઝડપી લઈ તેમની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂર્યોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
સૂર્યોદય કોલેજ ઓફ કોમર્સ
(મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિ. સંલગ્ન)
નીચે મુજબ શૈક્ષણિક સ્ટાફ જોઈએ છે

| ક્રમ | વિભાગ | હોદ્દો | સંખ્યા | લાયકાત |
|---|---|---|---|---|
| 1 | | પ્રિન્સીપાલ | 01 | U.G.C. તથા M.K.B.U. ના નિયમ મુજબ |
| 2 | બેચલર ઓફ કોમર્સ (B.Com) | આસિ. પ્રોફેસર | બેન્કિંગ 1, એકાઉન્ટ 1, ફાઈનાન્સ 1 | M.COM. WITH 55%, UGC-NET / SLET / GSET / PHD |
| 3 | પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી (PG DMLT) | ટ્યુટર/ લેકચરર્સ | 05 | BMLS / MSc MLT / relevant life sciences discipline • Experience: 0–3 years (freshers acceptable with supervision) |
| | | આસિ. પ્રોફેસર | 01 | Msc / PhD (relevant discipline) • Experience : 3–5 years |
| | | લેબોરેટરી ઈન્સ્ટ્રક્ટર | 03 | DMLT / BMLT |

ઉપરોક્ત વિષયોની લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની તારીખથી દિવસ–7 માં કોલેજ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ થી જરૂરી પ્રમાણપત્રો સાથે અરજી કરવી. સમય : 1 થી 5
સરનામું : સૂર્યોદય કોલેજ ઓફ કોમર્સ
સિસ્ટર નિવેદિતા વિદ્યાસંકુલ, નીલમબાગ ચોક, ભાવનગર.
VIVEK

impact feature

### વૃધ્ધાશ્રમમાં સત્તા સંગ્રામ અંગે સ્પષ્ટતા આપતા મંત્રીશ્રી બુધા પટેલ

વૃધ્ધશ્રમમાં સત્તા સંગ્રામની હેડીંગ લાઈન સાથે દૈનીકપત્રમાં સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. ટ્રસ્ટનું બંધારણ તા. ૧૭-૧૧-૨૦૨૧ના રોજ મંજુર થયેલ તે સમયના રેકોર્ડ મુજબ ટ્રસ્ટી મંડળમાં શ્રી હર્ષદભાઈ શેઠ, દેવેનભાઈ શેઠ અને અચ્યુતભાઈ મહેતા ટ્રસ્ટી તરીકે ચાલુ હતા, જેમની મુદત તા. ૧૭-૧૧-૨૦૨૬ના પૂર્ણ થતી હોય ટ્રસ્ટના બંધારણ પરિશિષ્ટ-એ મુજબ નવા ટ્રસ્ટીની નિમણુંક ત્રણ માસ અગાઉ કરવાની થાય છે જે બંધારણીય ન્યાયી પ્રક્રિયા છે. આ પ્રક્રિયા અંગેની કોઈ કલમ ગુપચુપ રીતે ચેરીટી કમીશ્નરમાં ઉમેરી શકાતી નથી તે સર્વ વિદીત છે. ટ્રસ્ટના બંધારણ મુજબ પાંચ વર્ષ માટે ટ્રસ્ટી મંડળની બેઠક હાથ ધરવામાં આવતા દેવેન શેઠ અને અન્ય ત્રણ ટ્રસ્ટીને બહુમતી નહી મળતા નારાજ થયેલ છે.

વૃધ્ધાશ્રમને મળતુ દાન તેની પ્રવૃત્તિઓ અને પ્રતિષ્ઠાને ધ્યાનમાં લઈ દાતાશ્રીઓની ઉદારતાના કારણે મળે છે, નહી કે કોઈ વ્યકિતગત ટ્રસ્ટીના કારણે, ભાવનગરવાસીઓ આ હકીકતથી વાકેફ છે. વૃધ્ધાશ્રમના ટ્રસ્ટીઓએ અંગત કારણોસર રાજીનામા પત્ર અને સોગંદનામા રજુ કરેલ છે.

આદરણીય શ્રી હર્ષદકાકા શેઠ સંસ્થા સાથે જોડાયેલા જ છે અને આજીવન - કાયમી ટ્રસ્ટી રહેશો તેવી સ્પસ્ટતા થયેલ છે. શ્રી હર્ષદકાકાને આંચકો લાગ્યો અને સંસ્થામાં પડી ગયાની વાત કરતા દેવેન શેઠ ખોટી રજુઆત કરી રહ્યા છે જે સંસ્થાના સી.સી.ટી.વી. ફુટેજ પરથી પણ જાણી શકાય છે.

અમારા પરિવારના ટ્રસ્ટ દ્વારા ભાવનગરમાં વિધ વિધ સેવાની પ્રવૃત્તિ થતી રહે છે અને અન્ય ટ્રસ્ટો સાથે હું વર્ષોથી જોડાયેલ છું અને સામાજીક-સેવાકીય પ્રવૃત્તિઓ કરતો રહું છુ. મારી કાર્યપધ્ધતિથી ભાવનગરના શ્રેષ્ઠીઓ, રાજકીય આગેવાનો અને નગરજનો સંપૂર્ણપણે વાકેફ છે.

ભાવનગરના અને બહારગામના દાતાશ્રીઓ વડીલોનો વિસામો તેવા વૃધ્ધશ્રમની સેવા-સુશ્રુષાથી સુપેરે માહિતગાર છે જ, છતા કોઈ ગેરસમજ કે આશ્રમવાસીઓ પ્રત્યે હમદર્દી ઘટે નહી અને સંસ્થાના હીત ખાતર કોઈ પ્રચાર માટે નહી પણ દુઃખ અને પીડા સાથે મંત્રીશ્રી બુધાભાઈ પટેલ પોતાના સ્વખર્ચે આ સ્પસ્ટતા કરી રહ્યા છે.